
RNI:- GUJGUJ/2016/67425


પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 07-11-2026 I VOL : 12 I Issue : 233 I Page : 8 I Price : 1.00/-



Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3

દાંતામાં ખાકીના આશીર્વાદે બુટલેગરોના ખુલ્લા પરાક્રમ

4

બેંગકોકથી પુણે એરપોર્ટ પર ઉતર્યો કરોડોનું ડ્રગ્સ લઈને પેસેન્જર...

6

અનન્યાની મંજૂરી વિના તસવીરોનો ઉપયોગ કરી નહીં શકાય, વાંધાજનક...

7

ભારત 6ઠ્ઠી વખત એશિયા હોકી ચેમ્પિયન બન્યું

એક નજર...

પલક તિવારીનો પિંક લહેંગામાં ગ્લેમરસ અવતાર



પલક તિવારીએ ફરી એકવાર પોતાની ફેશન અને સ્ટાઈલને પોતાની લેટેસ્ટ તસવીરો દ્વારા સાબિત કરી છે. પિંક ચણિયાચોળીમાં તેનો અદભુત લુક તમારું દિલ જીતી લેશે. આ તસવીરમાં પલક તિવારીએ ઘેરા ગુલાબી રંગનો અત્યંત આકર્ષક અને ટ્રેડિશનલ લહેંગા ચોલી આઉટફિટ પહેર્યો છે. તેના બ્લાઉઝ પર સુંદર સિલ્વર-બ્લૂ એમ્બ્રોઇડરી અને થ્રેડ વર્ક કરેલું છે.

NEWS TRACK

ઈરાને અમેરિકાને 7 શરતોવાળો નવો પ્રસ્તાવ મોકલ્યો:કહ્યું- આ બધી શરતો પૂરી થશે ત્યારે જ વાતચીત કરીશું

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરાવવાના પ્રયાસો વચ્ચે ઈરાને અમેરિકાને નવો પરમાણુ પ્રસ્તાવ મોકલ્યો છે. આ પ્રસ્તાવ કતાર મારફતે અમેરિકા સુધી પહોંચાડવામાં આવ્યો છે. ઈરાને સ્પષ્ટ કરી દીધું છે કે તેની 7 શરતો પૂરી થયા બાદ જ તે પરમાણુ કાર્યક્રમ અંગે વાતચીત શરૂ કરશે અને હોર્મુઝ ખોલશે. રોયટર્સના અહેવાલ મુજબ, ઈરાનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે અમેરિકા આ પ્રસ્તાવની સમીક્ષા કરી રહ્યું છે. જોકે, તેમણે પ્રસ્તાવમાં સામેલ શરતો વિશે વિગતવાર માહિતી આપી નથી. અધિકારીએ નામ જાહેર ન કરવાની શરતે આ માહિતી આપી હતી. ઈરાન ઈચ્છે છે કે અમેરિકા તેના પર લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધો દૂર કરે. આ પ્રતિબંધોને કારણે ઈરાન માટે અન્ય દેશો સાથે વેપાર કરવો અને આંતરરાષ્ટ્રીય બજારમાં તેલ વેચવું મુશ્કેલ બને છે. ઈરાનની માંગ છે કે બીજા દેશોની બેંકોમાં જમા તેની રોકી રાખવામાં આવેલી સંપત્તિ પરત કરવામાં આવે.

અમેરિકન શેરબજારમાં 18 મહિનાનો સૌથી મોટો ઘટાડો:નેસ્ડેક 5.5% તૂટ્યો, ડાઉ જોન્સ 3.4% ઘટ્યો

અમેરિકન શેરબજાર એટલે કે વૉલ સ્ટ્રીટમાં ગુરુવારે ભારે વેચવાલી થઈ. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર જરૂરિયાત કરતાં વધુ ખર્ચ અને આ ક્ષેત્રમાં કડક નિયમો બનાવવાની ચર્ચાને કારણે રોકાણકારોએ ટેક શેરોમાંથી મોટા પાયે નાણાં પાછાં ખેંચી લીધાં. આના કારણે એક જ દિવસમાં માર્કેટ વેલ્યુમાં 2.5 ટ્રિલિયન ડૉલર એટલે કે આશરે 236 લાખ કરોડ રૂપિયાનું નુકસાન થયું. નૅસ્ડેક ઈન્ડેક્સમાં છેલ્લા 18 મહિનાની સૌથી મોટી ઘટાડો નોંધાયો. જ્યારે S&P 500 ઈન્ડેક્સમાં એપ્રિલ 2025 પછી એક દિવસનો સૌથી મોટો ઘટાડો નોંધાયો. એનવિડિયાના શેરમાં લગભગ 10%નો ઘટાડો ટેક શેરો ધરાવતો નૅસ્ડેક કમ્પોઝિટ 5.5% તૂટ્યો છે. નૅસ્ડેકમાં આવેલા આ કરેકશન એટલે કે ઘટાડામાં એનવિડિયાના શેરમાં લગભગ 10%નો ઘટાડો થયો છે. આ સાથે નૅસ્ડેક હાલમાં બનાવેલા પોતાના ઑલ-ટાઈમ હાઈથી 10% નીચે આવી ગયો છે, જેના કારણે તે સત્તાવાર રીતે 'કરેકશન ટેરિટરી'માં પહોંચી ગયો છે.

રાહુલે ચૂંટણી પંચ પર ભાજપ સાથે મિલીભગતનો ગંભીર આક્ષેપ પણ કર્યો

'વોટ ગયો એટલે હક ગયો': સરકારી યોજનાઓ માટે વોટર આઇડી ફરજિયાત કરવા મુદ્દે રાહુલ ગાંધીનો ગંભીર આરોપ

નવી દિલ્હી

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. પંચાયતી રાજ યોજનાના લાભાર્થીઓની ઓળખ માટે આધારને બદલે વોટર આઇડી (EPIC) કાર્ડનો ઉપયોગ કરવાના નિર્ણયને તેમણે મોટું 'ષડયંત્ર' ગણાવ્યું.

રાહુલ ગાંધીએ X પર પોસ્ટ કરીને દાવો કર્યો કે, આ જાહેરાત 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) દ્વારા મતદારયાદીમાંથી નામો દૂર કરવાના મોટા પ્રયાસનો એક ભાગ છે. તેમણે ચૂંટણી પંચ પર ભાજપ સાથે મિલીભગતનો ગંભીર આક્ષેપ પણ કર્યો. કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. બારામતી અને કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહ (લલ્લન સિંહ) દ્વારા પંચાયતી રાજ મંત્રાલય હેઠળની યોજનાઓના લાભાર્થીઓની ઓળખ માટે આધાર કાર્ડને બદલે વોટર ID(EPIC) કાર્ડનો ઉપયોગ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ



નિર્ણયને મોટું 'ષડયંત્ર' ગણાવતા રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે સરકારી યોજનાઓના લાભોને વોટર ID સાથે જોડવાથી સામાન્ય જનતાના હક અને સરકારી યોજનાઓની પહોંચ જોખમમાં મૂકાઈ શકે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, 'આ જાહેરાત 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) દ્વારા મતદારયાદીમાંથી નામો દૂર કરવાના મોટા પ્રયાસનો એક ભાગ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે આ કવાયત હેઠળ લાખો લોકોના નામો કમી કરવામાં આવી રહ્યા છે અને ખાસ કરીને જેઓ ભાજપ સરકારથી નારાજ છે તેમને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેમજ જેમના નામો કાઢી નાખવામાં આવશે - તેમનો મત જશે અને મત જશે તો તેમના અધિકારો પણ જશે.' રાહુલ ગાંધીએ ભારતીય ચૂંટણી પંચ (ECI) પર ભાજપ સાથે મિલીભગત કરવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર નિશાન સાધતાં કહ્યું કે, 'ચૂંટણી યાદીઓ હવે કોઈ નિષ્પક્ષ સંસ્થા દ્વારા સંચાલિત નથી થઈ રહી.

OBC ક્રીમી લેયરમાં પગાર નહીં ગણાય! સુપ્રીમનો ઐતિહાસિક ચુકાદો

ક્રીમી લેયરનું નિર્ધારણ સંપૂર્ણપણે 'ઇનકમ-બેઝ્ડ' નથી પરંતુ 'સ્ટેટસ-બેઝ્ડ' એટલે કે પદ-આધારિત છે

નવી દિલ્હી

OBC અનામતમાં ક્રીમી લેયર નક્કી કરવાના મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારની સુધારા અરજી ફગાવી દીધી છે. અદાલતે પોતાનો આદેશ યથાવત્ રાખતાં સ્પષ્ટ કહ્યું કે, OBC અનામત માટે ક્રીમી લેયર નક્કી કરતી વખતે ઉમેદવારના માતા-પિતાની પગારમાંથી થતી આવક ગણતરીમાં લેવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટના જણાવ્યા મુજબ, ક્રીમી લેયરનું નિર્ધારણ માતા-પિતાની વાર્ષિક આવકને બદલે તેમના હોદ્દા અને સેવા સંબંધિત સ્થિતિના આધારે કરવામાં આવશે. આ સાથે જ કોર્ટે એ પણ સ્પષ્ટતા કરી દીધી કે, આ નિર્ણય



પૂર્વવર્તી એટલે કે રેટ્રોસ્પેક્ટિવ એટલે કે અગાઉની તારીખથી લાગુ થશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે 11 માર્ચના રોજ 'યુનિયન ઑફ ઇન્ડિયા વિરુદ્ધ રોહિત નાથન' કેસમાં અદાલતે આ મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા કરી હતી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, ક્રીમી લેયરનું નિર્ધારણ સંપૂર્ણપણે 'ઈનકમ-બેઝ્ડ' નથી પરંતુ 'સ્ટેટસ-બેઝ્ડ' એટલે કે પદ-આધારિત છે. આ માટે ઉમેદવારના માતા-પિતાનો સરકારી હોદ્દો (જેમ કે Group A, B, C કે D) ધ્યાને લેવો જરૂરી છે. સામાન્ય રીતે વાર્ષિક 8 લાખથી વધુ આવક ધરાવતા પરિવારોને ક્રીમી લેયરમાં ગણવામાં આવે છે, પરંતુ 1993ના મૂળ ઑફિસ મેમોરેન્ડમ મુજબ પગાર અને ખેતીની જમીનમાંથી થતી ઉપજને આ 8 લાખની ગણતરીમાંથી સખત રીતે બહાર રાખવામાં આવી છે. કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં મુખ્ય માંગણી કરી હતી કે, આ ચુકાદાને જૂની તારીખથી નહીં પરંતુ ભવિષ્યની તારીખથી લાગુ કરવાનો આદેશ આપવામાં આવે. સરકારની દલીલ હતી કે જો 11 માર્ચના નિર્ણયને અગાઉની તારીખોથી લાગુ કરવામાં આવે તો વર્ષ 2012થી અત્યાર સુધી થયેલી સરકારી નિમણૂકો, IAS, IPS, IFS જેવી સર્વિસ એલોકેશન અને સિનિયોરિટી લિસ્ટ ફરીથી બદલવી પડશે. આના કારણે વહીવટી તંત્ર અસ્તવ્યસ્ત થઈ શકે છે.

CBSE બોર્ડ પરીક્ષા 2027: ધોરણ 10 અને 12ની ડેટશીટ જાહેર

CBSE ના જણાવ્યા અનુસાર, તમામ પરીક્ષાઓનો સમય સવારે 10:30 વાગ્યાનો રહેશે

નવી દિલ્હી

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા ધોરણ 10 અને ધોરણ 12ની વર્ષ 2027ની બોર્ડ પરીક્ષાઓ માટેની ડેટશીટ જાહેર કરવામાં આવી છે. બંને વર્ગની પરીક્ષાઓ આગામી 16 ફેબ્રુઆરી 2027થી શરૂ થશે. CBSE ના જણાવ્યા અનુસાર, તમામ પરીક્ષાઓનો સમય સવારે 10:30 વાગ્યાનો રહેશે. બોર્ડ દ્વારા શુક્રવારે જારી કરાયેલા નોટિસ મુજબ, ધોરણ 10ના વિદ્યાર્થીઓ 83 વિષયો અને ધોરણ 12ના વિદ્યાર્થીઓ 121 વિષયો માટે પરીક્ષા આપશે. આ ડેટશીટ પરીક્ષા શરૂ થવાના ઠીક 101 દિવસ અગાઉ બહાર પાડવામાં આવી છે. CBSE એ ડેટશીટ તૈયાર કરતી વખતે વિદ્યાર્થીઓના વિષયોના કોમ્બિનેશન પર ખાસ ધ્યાન આપ્યું છે. બોર્ડના જણાવ્યા મુજબ, 40 હજારથી વધુ સબ્જેક્ટ કોમ્બિનેશનને ધ્યાનમાં રાખીને પરીક્ષાનું શિડ્યુલ બનાવવામાં આવ્યું છે.

ડારમાં રહી ગયેલા મતદારોને વધુ એક તક

નવી દિલ્હી

ચૂંટણી પંચે (EC) એવા મતદારોને તેમના નામ ઉમેરવાની વધુ એક તક આપવાનો નિર્ણય કર્યો છે, જેઓ SIR પ્રક્રિયા દરમિયાન રહી ગયા હતા. આ તક એવા મતદારોને મળશે, જેમને એબ્સન્ટ, શિફ્ટેડ, ડેડ અને ડુપ્લિકેટ (ASDD) તરીકે નોંધવામાં આવ્યા હતા. આ મતદારોના એન્યુમરેશન ફોર્મ જારી કરવામાં આવ્યા હતા, પરંતુ તે પરત મળ્યા નહોતા. તેના કારણે સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (SIR) દરમિયાન તેમના નામ ડ્રાફ્ટ ઇલેક્ટોરલ રોલ્સમાં સામેલ થઈ શક્યા નહોતા. પંચના નિર્દેશો દિલ્હી, મહારાષ્ટ્ર, હરિયાણા, આંધ્ર પ્રદેશ, ઝારખંડ, તેલંગાણા અને નાગાલેન્ડમાં લાગુ પડશે. આ દરમિયાન ડુપ્લિકેટ નામ નોંધાવા ન દેવા માટે પણ નિર્દેશ આપવામાં આવ્યા છે. જોકે, જે લોકો ક્યારેય મતદાર યાદીમાં હતા જ નહીં, તેમને તેનો લાભ મળશે નહીં. આ તક માત્ર એવા લોકો માટે છે, જેમનાં નામ અગાઉથી યાદીમાં હતાં.

પરીક્ષા 20 થી 28 જાન્યુઆરી 2027 દરમિયાન લેવાશે

NTAનો મોટો નિર્ણય: આધાર કે પાન કાર્ડ નથી? હવે પાસપોર્ટ બતાવી આપી શકાશે JEE Main પરીક્ષા...!

નવી દિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે NTAએ JEE Main 2027 માટે અરજી કરી રહેલા NRI ઉમેદવારોને મોટી રાહત આપી છે. જે NRI વિદ્યાર્થીઓ પાસે ભારતના સામાન્ય ઓળખપત્રો જેવા કે આધાર કાર્ડ, પાન કાર્ડ કે ડ્રાઇવિંગ લાયસન્સ નથી, તેઓ હવે માન્ય ઓળખ પુરાવા તરીકે પોતાના પાસપોર્ટનો ઉપયોગ કરી શકશે. જેમને ઓળખ દસ્તાવેજો બાબતે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો તેમાં NTAએ નિયમોમાં મોટી ફ્લેક્સિબિલિટી આપી



છે. હવે NRI ઉમેદવારો રજીસ્ટ્રેશન પ્રક્રિયા દરમિયાન પોતાના પાસપોર્ટને માન્ય ઓળખ પુરાવા તરીકે વાપરી શકશે. એજન્સીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (X) પર એક ઉમેદવારના સવાલનો જવાબ આપતી વખતે આ સ્પષ્ટતા કરી છે. રજીસ્ટ્રેશન દરમિયાન ઘણા NRI વિદ્યાર્થીઓ સામે એવી સમસ્યા આવી રહી હતી કે, તેમની પાસે દેશમાં સામાન્ય રીતે વપરાતા ઓળખપત્રો જેવા કે આધાર કાર્ડ, પાન કાર્ડ કે ડ્રાઇવિંગ લાયસન્સ ઉપલબ્ધ નહોતા. આવી સ્થિતિમાં તેઓ સમજી શકતા નહોતા કે ફોર્મ કેવી રીતે ભરવું. જ્યારે એક ઉમેદવારે NTAને આ વિશે પ્રશ્ન પૂછ્યો, ત્યારે એજન્સીએ સ્પષ્ટ કર્યું કે, તેઓ કોઈપણ મુશ્કેલી વિના પોતાના પાસપોર્ટનો ઉપયોગ કરીને અરજી પ્રક્રિયા પૂર્ણ કરી શકે છે.

નેશનલ કોન્ફરન્સ ક્યારેય નહીં તૂટે: ફારુલ અબ્દુલ્લા

શ્રીનગર

જમ્મુ-કાશ્મીરમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની સરકાર પડી જવાની અટકળો વચ્ચે શુક્રવારે નેશનલ કોન્ફરન્સ (NC)ના નારાજ ધારાસભ્યોએ શ્રીનગરમાં પાર્ટીના અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાના ઘરે બેઠક કરી. તેમાં સીએમ ઓમર પણ હાજર હતા. બેઠક બાદ ફારૂક અબ્દુલ્લાએ કહ્યું, 'નેશનલ કોન્ફરન્સ ક્યારેય નહીં તૂટે. મેં ધારાસભ્યોની ફરિયાદો સાંભળી છે, અમે તેના પર કામ કરીશું. કેટલીક ફરિયાદોનું સમાધાન તરત થશે, તો કેટલીકનું ધીમે-ધીમે થશે.' નારાજ ધારાસભ્યોના નેતા નઝીર ગુરેજીએ કહ્યું, 'અમે પાર્ટી નેતૃત્વ સમક્ષ અમારી ફરિયાદો રજૂ કરી છે, તેના પર ટૂંક સમયમાં ધ્યાન આપવામાં આવશે.' 25 ધારાસભ્યોની મુખ્ય માંગણીઓમાં સીએમના સલાહકાર નાસિર સોગમીને હટાવવા, ડેપ્યુટી સીએમ સુરિન્દર ચૌધરી પાસેથી માર્ગ નિર્માણ વિભાગ પાછો લેવો અથવા તેમને પદ પરથી હટાવવા અને સરકારના લોકો પર લાગેલા ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરાવવાનો સમાવેશ થાય છે.

ઓઢવ વોર્ડમાં ભ્રષ્ટાચારનું નાગચૂડ: રિંગ રોડ પાસે નેશનલ હેન્ડલૂમ પાછળ કૈલાશ એસ્ટેટમાં શેડ નં. 9 અને 10માં વોર્ડ ઇન્સ્પેક્ટરની ખુલ્લી મિલીભગતથી ચાલી રહેલા બેફામ ગેરકાયદેસર બાંધકામ સામે તંત્રની શંકાસ્પદ ચૂપકીદી

અમદાવાદ

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવ વોર્ડમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની મિલિભગતથી કાયદો અને વ્યવસ્થાને ઠેંગા બતાવવામાં આવી રહ્યો છે. શહેરમાં બિલ્ડર લોબી અને ભ્રષ્ટ અધિકારીઓનું સાઠગાંઠ એટલી હદે વધી ગયું છે કે હવે સામાન્ય જનતા માટે નિયમો અલગ અને ચોક્કસ મળતિયાઓ માટે છૂટો દોર આપવામાં આવી રહ્યો છે. તાજેતરમાં ઓઢવ વિસ્તારમાંથી એક અત્યંત ગંભીર કૌભાંડ સામે આવ્યું છે, જેમાં રિંગ રોડ પર આવેલ જાણીતા નેશનલ હેન્ડલૂમની બરાબર પાછળ આવેલા કૈલાશ એસ્ટેટમાં શેડ નંબર ૯ અને ૧૦ માં કોઈપણ પ્રકારની મંજૂરી વિના મોટા પાયે ગેરકાયદેસર બાંધકામ ધમધમી રહ્યું છે.

આ ગેરકાયદેસર બાંધકામની સૌથી શરમજનક વાત એ છે કે આ બધું ખુલ્લેઆમ ચાલી રહ્યું છે અને ઓઢવ વોર્ડના જવાબદાર વોર્ડ ઈન્સ્પેક્ટરની સીધી મિલીભગત વગર આટલું મોટું બાંધકામ થવું અશક્ય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ શેડના માલિકો અને વોર્ડ ઈન્સ્પેક્ટર વચ્ચે થયેલા ગુપ્ત સોદાઓ અને કથિત આર્થિક વ્યવહારોના કારણે



તંત્રએ આંખ પર કાળી પટ્ટી બાંધી દીધી છે. દિનપ્રતિદિન ધમધમી રહેલા આ બાંધકામની ફાઈલો પર મીટ માંડીને બેઠેલા અધિકારીઓ કથિત રીતે મોટા હપ્તા લઈને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપી રહ્યા છે.

સ્થાનિક જાગૃત નાગરિકો અને વેપારીઓ દ્વારા આ બાબતે અનેકવાર મૌખિક રજૂઆતો કરવા છતાં વોર્ડ ઈન્સ્પેક્ટર દ્વારા જાણી જોઈને કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. જો કોઈ સામાન્ય ગરીબ કે મધ્યમ વર્ગીય પરિવાર પોતાના આશરા માટે કોઈ નાનું મકાન કે કાચું બાંધકામ કરે, તો મ્યુનિસિપલ કોર્પોરેશનનું તંત્ર બુલડોઝર લઈને તુરંત પહોંચી જાય છે અને રાતોરાત તોડી પાડે છે. પરંતુ કૈલાશ એસ્ટેટના શેડ નં. ૯ અને ૧૦ માં કરોડો રૂપિયાનું માળખું ઊભું થઈ રહ્યું હોવા છતાં AMC ની ટીમ કેમ અજાણ છે? શું આ કાયદો માત્ર સામાન્ય જનતા માટે જ છે અને ભ્રષ્ટ અધિકારીઓ માટે કાયદો અલગ છે? તેવા ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

આ સમગ્ર મામલે હવે પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર દ્વારા ગંભીર નોંધ લેવામાં આવી છે. શું અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર કે ઉચ્ચ અધિકારીઓ આ અહેવાલ વાંચીને ઓઢવ વોર્ડના આ ભ્રષ્ટ વોર્ડ ઈન્સ્પેક્ટર સામે તપાસના આદેશ આપશે? શું કૈલાશ એસ્ટેટના શેડ નં. ૯ અને ૧૦ માં ચાલી રહેલા આ ગેરકાયદેસર બાંધકામને તાત્કાલિક સીલ કરીને તોડી પાડવામાં આવશે? પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર આ ભ્રષ્ટાચારના મૂળ સુધી પહોંચીને જવાબદાર અધિકારીઓનો પર્દાફાશ કરશે અને જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી આ અહેવાલોની શૃંખલા ચાલુ રાખશે.

ફ્રી ઇ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

અંકલેશ્વરના પ્રોહિબિશન ગુનામાં ત્રણ વર્ષથી નાસતો આરોપી મહારાષ્ટ્રના ભિવંડીમાંથી ઝડપાયો

ભરૂચ

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્કોર્ડ મહારાષ્ટ્રના ભિવંડીમાંથી ઝડપી પાડ્યો છે.

પેરોલ ફર્લો સ્કોર્ડને બાતમી મળી હતી કે ગુનામાં પકડવાનો બાકી આરોપી એહમદ રજા મોહમદ અજહરૂદ્દીન ચૌગુલે ભિવંડીના નિઝામપુરા વિસ્તારમાં રહે છે.

આ બાતમીના આધારે ટીમ મહારાષ્ટ્ર પહોંચી હતી અને હ્યુમન સોર્સ તથા ટેકનિકલ સર્વેલન્સની મદદથી આરોપીનું ચોક્કસ ઠેકાણું શોધી તેને ઝડપી પાડ્યો હતો.

આરોપી મૂળ નિઝામપુરા, શરીફ એપાર્ટમેન્ટ, ભિવંડીનો રહેવાસી છે અને હાલ બાલા કમ્પાઉન્ડમાં મુન્ના શેઠની બિલ્ડિંગના ત્રીજા માળે રહેતો હતો. પોલીસે તેને ભિવંડી ખાતેથી ઝડપી ભારતીય નાગરિક ન્યાય સંહિતાની સંલગ્ન કલમો મુજબ કાર્યવાહી કરી હતી.

ઝડપાયેલા આરોપીને વધુ તપાસ અર્થે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથકને સોંપવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષથી પોલીસને હાથતાળી આપતો આરોપી આખરે પેરોલ ફર્લો સ્કોર્ડના હાથે ઝડપાયો છે.

સાધલીમાં બસ સ્ટેન્ડ પર ભાજપાના હોદ્દેદારોના નામો સાથે ત્રણ વિવિધ નુતન વર્ષ શુભેચ્છાના બેનરો દેખાયા

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે ભાજપા ના વિવિધ હોદ્દેદારો દ્વારા દિપાવલી તથા નુતન વર્ષ શુભેચ્છા ના બેનરો મુકાયા. સૌપ્રથમ મુકાયેલા દિવાળી અને નૂતન વર્ષાભિનંદન બેનરમાં ભાજપના નામ વગર ધારાસભ્ય અક્ષય પટેલ ,શિનોર ભાજપ પ્રમુખ સંકેત પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ ડૉ.બી.જે. બ્રહ્મભટ્ટ ના નામો દેખાયા. ત્યારબાદ મુકાયેલા દીપાવલી અને નુતન વર્ષ ની શુભેચ્છા ના બેનરમાં ભાજપના નામ વગર પૂર્વ ધારાસભ્ય સતીશભાઈ પટેલ ,સંસદ મનસુખભાઈ વસાવા, જિલ્લા પ્રમુખ ડૉ.બી.જે. બ્રહ્મભટ્ટ અને બીરેન પટેલ પ્રમુખ કરજણ તાલુકા ભાજપ ના નામો દેખાયા ,જ્યારે એકમાત્ર ત્રીજા મુકાયેલા બેનરમાં ભારતીય જનતા પાર્ટી લખાયેલ છે , તેમાં ધારાસભ્ય અક્ષયભાઈ પટેલ, જિલ્લા પ્રમુખ ડૉ.બી.જે.બ્રહ્મભટ્ટ ,માજી ડેપ્યુટી સરપંચ જતીન પટેલ , બજાર સમિતિ ચેરમેન મુકેશ પટેલ, જિલ્લા પંચાયત સદસ્યા વિભા પટેલ તથા તેમના પતિ હરિકૃષ્ણ પટેલનો જોઈન્ટ ફોટો,માજી સરપંચ જયેશ પટેલ અને તાલુકા કારોબારી અધ્યક્ષ જીગ્નેશ પટેલના બેનરમાં માત્ર નૂતન વર્ષની શુભેચ્છા પાઠવવામાં આવેલ છે. આ ત્રણેવ વિવિધ બેનરો ના નામો જોઈને લોકો હોદ્દેદારો માટે બદામ મગફળી અને હવે રેવડી ની ચર્ચા કરી રહ્યા છે. આ તમામ નામો વડોદરા જિલ્લા અને 147 કરજણ વિધાનસભાના છે, જ્યારે બેનરની ઉપરન નામો વગરના ફોટા કેન્દ્ર તથા રાજ્યના હોદ્દેદારોના છે.

કરોડોની 25 વીઘા જમીન બળજબરીથી પચાવી પાડનાર ભૂમાફિયા સામે લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ

ગાંધીનગર

ગાંધીનગર તાલુકાના રાંધેજા ગામની સીમમાં અલગ-અલગ સર્વે નંબરો ધરાવતી કરોડો રૂપિયાની કિંમતની ૨૫ વીઘા જમીનની રખેવાળી કરતાં સિક્યુરિટી ગાર્ડ સહિત બે શખ્સોએ કોઈ પણ પ્રકારનો હક્ક-હિસ્સો ન હોવા છતાં બળજબરીથી કબ્જો જમાવી લેતાં ચકચાર મચી છે. જમીનમાલિક દ્વારા ગાંધીનગર જિલ્લા કલેક્ટર સમક્ષ કરવામાં આવેલી રજૂઆતના આધારે કલેક્ટર અને જિલ્લા પોલીસ અધિક્ષકના સત્તાવાર આદેશથી ગુજરાત જમીન પચાવી પાડવા પર લેન્ડ ગ્રેબિંગ એક્ટની કડક જોગવાઈઓ હેઠળ પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે. અમદાવાદના બોપલ નજીક શેલા વિસ્તારમાં રહેતા 75 વર્ષીય વયનિવૃત્ત હરેશભાઈ જીતેન્દ્રરાય ભુતા રાંધેજા ગામની સીમમાં અલગ-અલગ 11 સર્વે નંબરોવાળી અંદાજે 25 વીઘા જેટલી ખેતીની જમીન ધરાવે છે અને મહેસુલી રેકર્ડ એટલે કે ગામના નમૂના નંબર 7/12માં પણ તેમની જ માલિકી નોંધાયેલી છે.

હરેશભાઈને ધંધાકીય કામકાજ અર્થે અવારનવાર બહારગામ જવાનું રહેતું હોવાથી તેમણે પોતાની આ કરોડોની જમીનની યોગ્ય રખેવાળી અને જાળવણી માટે અર્જુનસિંહ રણછોડસિંહ રાજપુરોહિતને વોચમેન તરીકે નોકરી પર રાખ્યો હતો. હરેશભાઈની ગેરહાજરીનો ગેરલાભ ઉઠાવીને વોચમેન અર્જુનસિંહે રાંધેજા ગામના સ્થાનિક વિપુલ શકરાજી ઠાકોર સાથે મેળાપીપણું કરી લીધું હતું. બંનેએ જમીનમાલિકની જાણ બહાર ખેતરમાં વાવેતર શરૂ કરી દીધું હતું.

ગેસ બિલ ભરવાના નામે APK ફાઇલ મોકલી ગઠિયાઓએ ક્રેડિટ કાર્ડમાંથી પૈસા ઉપાડી લીધા

ગાંધીનગર

ગાંધીનગરના અદાણી શાંતિગ્રામ સ્થિત વોટર લીલી હાઉસિંગ સોસાયટીમાં રહેતા અને અદાણી સિમેન્ટમાં એચ.આર. હેડ તરીકે ફરજ બજાવતા 52 વર્ષીય જોન વર્ગીસને મકાનનું ગેસ બિલ ભરવા માટે સાયબર ઠગોએ APK ફાઇલ મોકલી રૂ.4.49 લાખનો ચુનો લગાવ્યો હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકના ચોપડે નોંધાઈ છે.

અદાણી સિમેન્ટ કંપનીના HR હેડ જોન વર્ગીસને ગત 30 સપ્ટેમ્બરના રોજ સાંજના સમયે તેમના મકાન માલિક નિશીત રાડીયાએ ફોન કરીને જણાવ્યું હતું કે, મકાનનું ગેસ બિલ બાકી હોવા અંગે અદાણી ગેસમાંથી ફોન આવ્યો હતો અને તેમણે વર્ગીસનો નંબર આપ્યો છે. થોડી જ વારમાં અજાણ્યા મોબાઈલ નંબર પરથી જોન વર્ગીસને વોટ્સએપ કોલ આવ્યો હતો. જેણે અદાણી ગેસના પ્રતિનિધિ તરીકે ઓળખ આપી બિલ ભરવા માટે વોટ્સએપ પર એક APK ફાઈલ મોકલી આપી હતી. એટલે વર્ગીસે વિશ્વાસમાં આવી જઈ APK ફાઈલ ડાઉનલોડ કરી તેમાં પોતાના HDFC બેંકના ક્રેડિટ કાર્ડ તથા બેંક એકાઉન્ટની વિગતો દાખલ કરી હતી. જોકે પ્રાથમિક તબક્કે પેમેન્ટ ન થતાં અને નેટ બેંકિંગનો પાસવર્ડ યાદ ન હોવાથી સાયબર ઠગે બાદમાં વાત કરવાનું કહી ફોન કટ કર્યો હતો.

ધર્મની પવિત્રતા પર પ્રહાર કે આસ્થા સામે મોટું કાવતરું?

સાગરચંદ્ર સાગર વિવાદથી મંસૌરથી લઈને પાલિતણા સુધી ભૂકંપ મચ્યો!!



- વાયરલ ચેટ્સ, અનૈતિક સંબંધોના ગંભીર આરોપો અને કરોડોના દાનના હિસાબ-કિસાબ પર ઊઠતા સવાલો વચ્ચે જૈન સમાજમાં ઉકળતો આક્રોશ
- નિષ્પક્ષ ફોરેન્સિક તપાસ અને આકરી કાર્યવાહીની ઉગ્ર માંગ

અમદાવાદ

ભગવાન મહાવીર સ્વામીના અહિંસા, અપરિગ્રહ, સંયમ અને સદાચારના પાવન સિદ્ધાંતો પર ટકેલી જૈન ધર્મની સદીઓ જૂની પરંપરાઓ સામે આજે એક એવો ગંભીર, સંવેદનશીલ અને આંચકાજનક વિવાદ ઊભો થયો છે, જેણે દેશભરના જૈન સમાજને હચમચાવી મૂક્યો છે. સાધુ જીવનની ગરિમા, ઉચ્ચ મર્યાદા અને પવિત્રતાને સીધી કઠોડામાં ઊભી કરતી આ ઘટનાઓ સામે આવ્યા બાદ મધ્યપ્રદેશના મંસૌરથી લઈને ગુજરાતના ગિરિરાજ પાલિતણા સુધીના તમામ જૈન વર્તુળોમાં ભારે આક્રોશ, નિરાશા અને ચિંતાનો માહોલ છવાઈ ગયો છે. ચર્ચાના કેન્દ્રમાં રહેલા 'સાગરચંદ્ર સાગર' પર લાગેલા અનૈતિકતા અને નાણાકીય ગડબડના ગંભીર આરોપોએ ધર્મના પવિત્ર ઓઢણા પાછળ ચાલતા પાખંડ સામે આકરા સવાલો ઊભા કર્યા છે.

સોશિયલ મીડિયા પર વાયરલ સામગ્રી અને સાધુતાની મર્યાદાના ધજાગરા

આ સમગ્ર વિવાદની શરૂઆત સોશિયલ મીડિયા પર વાયુવેગે વાયરલ થયેલી કથિત વોટ્સએપ ચેટ્સ, ઓડિયો કોલ રેકોર્ડિંગ્સ અને શંકાસ્પદ તસવીરોથી થઈ છે. આ વાયરલ સામગ્રીએ સાધુ જીવનના કઠોર નિયમો અને ઉચ્ચ મર્યાદાઓ પર મોટા પ્રશ્નાર્થ ચિહ્નો લગાવી દીધા છે. આરોપો એટલા ગંભીર સ્તરના છે કે કેટલીક મહિલાઓ અને સાધ્વીઓ સાથે કથિત અનૈતિક સંબંધોની ચર્ચાઓએ સમગ્ર સમાજમાં જોર પકડ્યું છે.

હવે મુખ્ય સવાલ એ ઊભો થાય છે કે જો આ તમામ આરોપો પાયાવિહોણા અને માત્ર બદનામ કરવાનું ષડયંત્ર જ છે, તો પછી સંબંધિત પક્ષ દ્વારા તરત જ દેશ સામે આવીને ખુલ્લી અને સંતોષકારક સ્પષ્ટતા કેમ કરવામાં નથી આવતી? અને જો આ વાયરલ પુરાવાઓમાં જરા પણ સત્યતા છે, તો કાનૂની તપાસના દાયરામાંથી ભાગવાનો પ્રયાસ કેમ થઈ રહ્યો છે? ધર્મના પવિત્ર વેશ કે ભગવા-શ્વેત વસ્ત્રોની આડ લઈને કોઈ પણ વ્યક્તિને દેશના કાયદા અને નૈતિકતાથી ઉપર રહીને વિશેષ છૂટછાટ મળી શકે નહીં.

ફોરેન્સિક તપાસ અને સત્ય બહાર લાવવાની અનિવાર્યતા

કોઈ પણ વ્યક્તિના સામાજિક-ધાર્મિક સન્માન અને કરોડો શ્રદ્ધાળુઓની આસ્થા વચ્ચે સંતુલન જાળવવા માટે ન્યાયિક અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અપનાવવો અત્યંત જરૂરી બન્યો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી ચેટ્સ, તસવીરો અને ઓડિયો રેકોર્ડિંગ્સ અસલી છે કે એડિટ કરેલી નકલી? તેમાં કોઈ ટેકનિકલ છેડછાડ કે ડીપફેકનો ઉપયોગ થયો છે કે નહીં? આ તમામ બાબતોનું દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવા માટે વહેલી તકે ઊંડાણપૂર્વકની ફોરેન્સિક તપાસ થવી અનિવાર્ય છે.

આ પ્રકરણ માત્ર કેટલીક લીક થયેલી તસવીરો કે ક્લિપ્સ પૂરતું સીમિત નથી, પરંતુ જૈન સમાજની સદીઓ જૂની પવિત્ર પરંપરા અને કરોડો અનુયાયીઓની શુદ્ધ આસ્થા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે.

જૈન તીર્થક્ષેત્રો, જિનાલયો અને ધાર્મિક સંસ્થાઓમાં શ્રદ્ધાળુઓ દ્વારા શ્રદ્ધા પૂર્વક આપવામાં આવતું કરોડો-અબજોનું દાન જીવદયા, શિક્ષણ, ધર્મસેવા અને માનવ કલ્યાણ માટે હોય છે. પરંતુ આ ભૂકંપ સર્જનારા વિવાદની સાથે જ સંસ્થાઓના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને મીડિયા કોઓર્ડિનેટર અભય ચોપરા જેવા સહયોગીઓની ભૂમિકા પણ શંકાના ઘેરામાં આવી ગઈ છે. દાનની રકમનો કોઈ વ્યક્તિગત કે અનૈતિક દુરુપયોગ થયો છે કે નહીં, આર્થિક વ્યવહારોમાં કોઈ અનિયમિતતા છે કે નહીં અને ટ્રસ્ટોના હિસાબ-કિસાબ પારદર્શક છે કે નહીં–તેની તપાસ માટે કોઈ સ્વતંત્ર ઓડિટ ઓથોરિટી કે કેગ (CAG) દ્વારા સઘન તપાસ કરવામાં આવે તે સમયની માંગ છે.

પ્રવચનોનો બહિષ્કાર અને જૈન સમાજનો સુલગતો આક્રોશ

મધ્યપ્રદેશના મંસૌર વિસ્તારમાં વિવાદો વચ્ચે પણ સાગરચંદ્ર સાગરના પ્રવચનો ચાલુ હોવાના અહેવાલોને પગલે ધર્મપ્રેમી જૈન સમાજમાં તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. જૈન સમાજના જાગૃત અને યુવા વર્ગ દ્વારા આવાં પ્રવચનો અને કાર્યક્રમોનો ખુલ્લેઆમ બહિષ્કાર કરવાની અપીલ કરવામાં આવી રહી છે. ધાર્મિક સભાઓમાં શ્રદ્ધાળુઓની હાજરીમાં થયેલો ઘટાડો એ વાતની સાક્ષી પૂરે છે કે સમાજનો સ્પષ્ટ વલણ છે–જ્યાં સુધી આ ગંભીર આરોપો પરથી પડદો ન ઊંચકાય અને સત્ય સામે ન આવે, ત્યાં સુધી ધાર્મિક મંચોના દુરુપયોગને સાંખી લેવામાં આવશે નહીં.

જૈન સમાજની સ્પષ્ટ અને આકરી માંગણીઓ:

1. સાગરચંદ્ર સાગર સામે લાગેલા અનૈતિકતા અને નાણાકીય ગડબડના તમામ આરોપોની સમયબદ્ધ અને નિષ્પક્ષ ન્યાયિક તપાસ કરવામાં આવે.
2. વાયરલ થયેલી ચેટ્સ, તસવીરો અને ઓડિયો રેકોર્ડિંગ્સની નિષ્ણાતો દ્વારા ફોરેન્સિક તપાસ કરાવીને સત્ય જાહેર કરવામાં આવે.
3. આ સમગ્ર પ્રકરણ સાથે જોડાયેલી સંબંધિત મહિલાઓ અને સાધ્વીઓની ગરિમા, સુરક્ષા અને ગોપનીયતાનું પૂર્ણ રક્ષણ થાય.
4. ધાર્મિક સંસ્થાઓ અને ટ્રસ્ટો પાસે એકત્રિત કરોડો રૂપિયાના દાન તથા નાણાકીય વ્યવહારોનું સ્વતંત્ર અને પારદર્શક ઓડિટ થાય.
5. ટ્રસ્ટીઓ, સંચાલકો તેમજ અભય ચોપરા સહિતના તમામ હોદ્દેદારોની ભૂમિકાની ઊંડાણપૂર્વક તપાસ થાય.
6. જો તપાસમાં કોઈ પણ પ્રકારનો અપરાધ કે ગેરરીતિ સાબિત થાય, તો ધાર્મિક પદ કે વેશને ધ્યાનમાં લીધા વિના કાયદા મુજબ આકરામાં આકરી સજા કરવામાં આવે.

પાક્કો ગુજરાત ન્યૂઝનો સણસણતો સવાલ:

ભગવાન મહાવીરના શાસનમાં પવિત્રતા જાળવવાની પ્રાથમિક જવાબદારી માત્ર સાધુ-સાધ્વીઓની જ નહીં, પરંતુ ટ્રસ્ટીઓ, સંચાલકો અને સમગ્ર જૈન સમાજની છે. જો આરોપો ખોટા હોય તો તેને મજબૂત પુરાવાઓ સાથે જનસમક્ષ સાબિત કરવામાં આવે, અને જો ગડબડ કે અપરાધ થયો હોય તો કોઈ પણ ધાર્મિક આવરણ કે વેશની આડમાં આરોપીને બચાવી શકાય નહીં. સત્ય અને ન્યાય જ હવે અંતિમ માર્ગ છે – એવામાં જૈન સમાજ, સંબંધિત ટ્રસ્ટો અને જવાબદાર સંસ્થાઓ આ વિવાદના કાળા વાદળો હટાવીને સચ્ચાઈ ક્યારે બહાર લાવશે?

અલ્પેશ ઠાકોરના 'ઈન્જેક્શન'વાળા નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ચર્ચા

'ભાજપમાં આવ્યા પછી ન બોલવાનું ઈન્જેક્શન મળે છે!' અલ્પેશ ઠાકોરના નિવેદનનો વીડિયો વાયરલ

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં અવારનવાર પોતાના નિવેદનોથી ધમાકો કરતા રાધનપુરના ધારાસભ્ય અને ઠાકોર સેનાના અગ્રણી અલ્પેશ ઠાકોરે ફરી એકવાર એવું નિવેદન આપ્યું છે, જેણે ભાજપ અને વિપક્ષ બંનેમાં ભારે ચર્ચા જગાડી છે. એક સમયે કોંગ્રેસ અને વિરોધ પક્ષમાં રહીને સરકાર સામે સિંહની જેમ ગર્જના કરનારા અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાયા પછી શા માટે 'શાંત' થઈ ગયા? એ સવાલનો જવાબ ખુદ અલ્પેશ ઠાકોરે જ જાહેર મંચ પરથી આપી દીધો છે! અલ્પેશ ઠાકોરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ ખુલ્લેઆમ એ વાતનો સ્વીકાર કરતા જોવા મળે છે કે 'ભાજપમાં આવ્યા પછી ન બોલવાનું ઈન્જેક્શન મળે છે!' આ નિવેદન બહાર આવતા જ ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે અને ભાજપના આંતરિક શાસન અને શિસ્ત સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

મળતી માહિતી મુજબ, એક જાહેર કાર્યક્રમ દરમિયાન અલ્પેશ ઠાકોરે પોતાના જૂના દિવસો અને વર્તમાન સ્થિતિ વચ્ચેનો તફાવત રજૂ કર્યો હતો.

તેઓએ વિરોધ પક્ષમાં હતા ત્યારની પોતાની ગર્જનાઓ અને પ્રજાના પ્રશ્નો ઉઠાવવાની શૈલીને યાદ કરી હતી. આ દરમિયાન તેઓએ મંચ પરથી રોકડું પકડાવતા કહ્યું કે, જ્યારે તેઓ વિરોધમાં હતા ત્યારે પ્રજાના અવાજ તરીકે મુક્તપણે બોલતા હતા અને સરકાર સામે પડકાર ફેંકતા હતા. પરંતુ ભાજપમાં જોડાયા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. ભાજપમાં એવું ઈન્જેક્શન આપી દેવામાં આવે છે કે જેથી નેતાઓનું મુખ બંધ થઈ જાય અને પક્ષની લાઈન બહાર કશું જ બોલી ન શકાય! 'વિરોધમાં હતા ત્યારે ડણક મારતા હતા, પણ ભાજપમાં આવ્યા પછી એવું ઈન્જેક્શન મરાય છે કે ગમે તેવો સિંહ હોય તો પણ મૌન થઈ જાય!' – અલ્પેશ ઠાકોરનો આ અંદાજ દર્શાવે છે કે પક્ષમાં તેમને અંદરખાને કેટલો ઘૂંટો ખાવો પડી રહ્યો છે. ગુજરાતમાં વ્યસનમુક્તિ આંદોલન અને ઠાકોર સેનાના માધ્યમથી ઘર-ઘર સુધી પહોંચેલા અલ્પેશ ઠાકોર પોતાની તીખી અને આક્રમક વાગ્છટા માટે જાણીતા હતા. 2017ની વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ કોંગ્રેસમાં જોડાયા અને વિરોધ પક્ષમાં રહીને સરકારની નીતિઓ સામે જોરદાર મોરચો માંડ્યો હતો. પરંતુ 2019માં તેઓ કોંગ્રેસ છોડીને કેસરીયો ધારણ કરી ભાજપમાં જોડાઈ ગયા.

તાપીના વાલોડમાં મોતનું તાંડવ

દાદરીયા કોપર શુગર ફેક્ટરીમાં ગરમ પાણીની કન્ડેન્સેટ ટાંકી ધડાકાભેર ધરાશાયી થતાં કાળજું કંપાવતી દુર્ઘટના

તાપી/વાલોડ

ગુજરાતમાં ઉદ્યોગો અને ફેક્ટરીઓમાં સલામતીના કાયદાઓ અને સુરક્ષાના ધોરણો માત્ર કાગળ પર જ હોય તેમ ફરી એકવાર સાબિત થઈ ગયું છે. તાપી જિલ્લાના વાલોડ તાલુકા નજીક આવેલી જાણીતી દાદરીયા કોપર શુગર ફેક્ટરીમાં એક અત્યંત ગંભીર, અરેરાટીભરી અને દર્દનાક દુર્ઘટના સામે આવી છે. ફેક્ટરીની અંદર આવેલી ગરમ પાણીની વિશાળ કન્ડેન્સેટ ટાંકી અચાનક ધડાકાભેર ધરાશાયી થઈ જવાથી સર્જાયેલા મોતના તાંડવમાં ફેક્ટરીના બે નિર્દોષ કર્મચારીઓ જીવતા જ કાળના મુખમાં હોમાઈ ગયા છે. આ ભયાનક દુર્ઘટનાથી સમગ્ર તાપી જિલ્લામાં હાહાકાર મચી ગયો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, વાલોડ નજીક ધમધમતી દાદરીયા કોપર શુગર ફેક્ટરીમાં રોજની જેમ કામકાજ ચાલી રહ્યું હતું. તે દરમિયાન ફેક્ટરીમાં પ્રોસેસિંગ માટે વપરાતી ગરમ પાણીની પ્રચંડ કન્ડેન્સેટ ટાંકી અચાનક તૂટી પડતા ગણતરીની સેકન્ડોમાં જ ભારે ભડાકો થયો હતો અને ટાંકીમાં રહેલું હજારો લીટર ઉકળતું ગરમ પાણી ચારેય તરફ ફરી વળ્યું હતું.

જેના પરિશ્રમથી ગુજરાત ST દોડે છે, એ જ હાથોને સન્માન

ગાંધીનગર ખાતે હર્ષ સંઘવીએ 101 નવીન એસ.ટી. બસોનું લોકાર્પણ કરી કર્મયોગી કર્મચારીઓના હસ્તે કરાવ્યું ફ્લેગ ઓફ, દિવાળી પર્વ નિમિત્તે અડધો પગાર એડવાન્સમાં આપવાની મોટી જાહેરાત

ગાંધીનગર

ગુજરાતની જીવાદોરી સમાન ગુજરાત એસ.ટી. નિગમની પ્રગતિમાં અને લાખો મુસાફરોની સુખદ સફરમાં દિવસ-રાત જોયા વગર પરસેવો પાડતા કર્મયોગીઓ માટે આ દિવાળીનો તહેવાર વધુ આનંદમય અને પ્રકાશમય બનવા જઈ રહ્યો છે. ગાંધીનગર ખાતે આયોજિત એક ભવ્ય અને આત્મીય કાર્યક્રમમાં ગૃહ અને વાહનવ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવી દ્વારા ૧૦૧ નવીન એસ.ટી. બસોનું વિધિવત લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ એસ.ટી. નિગમના ડ્રાઈવર, કંડક્ટર અને વર્કશોપના કર્મચારીઓ સાથે સીધો આત્મીય સંવાદ સાધીને તેમને દિવાળી પર્વની હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમની સૌથી ખાસ અને ભાવુક ક્ષણ એ રહી કે કોઈ વિઆઈપી કે નેતાઓના હસ્તે નહીં, પરંતુ એસ.ટી. બસોના સાચા કર્ણધાર એવા ડ્રાઈવર અને કંડક્ટરોના હસ્તે જ આ ૧૦૧ નવીન બસોનું ફ્લેગ ઓફ કરાવવામાં આવ્યું હતું. મંત્રી હર્ષ સંઘવીએ ખુલ્લા મનથી સ્વીકાર્યું હતું કે આ નવીન બસોની સાચી ઓળખ, સાચી શક્તિ અને સાચો આધાર તેના કર્મયોગી



કર્મચારીઓ જ છે. જેના હાથમાં ગુજરાતના લાખો નાગરિકોની સુરક્ષા અને મુસાફરીનો ભરોસો છે, તે હાથોને પૂરેપૂરું સન્માન અને સહયોગ આપવો એ જ રાજ્ય સરકારનો મુખ્ય સંકલ્પ છે. દિવાળીના શુભ તહેવારમાં કર્મચારીઓ અને તેમના પરિવારોની ખુશીઓ બે ગણી થઈ જાય તેવા હેતુથી મંત્રીશ્રીએ સ્થળ પર જ એક મહત્વપૂર્ણ અને મોટો નિર્ણય જાહેર કર્યો હતો. એસ.ટી. નિગમના તમામ કર્મચારીઓની દિવાળીની ઉજવણી વધુ ધામધૂમથી થાય તે માટે તેમને અડધો પગાર એડવાન્સમાં ચૂકવવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

BJP નેતા અલ્પેશ ઠાકોરના ધડાકાથી પોલીસ બેડામાં ભડકો!

"ગુજરાત પોલીસ હપ્તા તો લે છે, પણ સાથે 2-2 પેગ મારતા આવે છે!"


ગાંધીનગર

ગુજરાતમાં દારૂબંધીના કાગળ પરના દાવાઓની પોલ ખુદ સત્તાધારી પક્ષના નેતાઓએ જ ખોલવાનું શરૂ કરી દીધું હોય તેમ લાગે છે! રાધનપુરના ભાજપના ધારાસભ્ય અને ઠાકોર સેનાના અગ્રણી અલ્પેશ ઠાકોરે ગુજરાત પોલીસને લઈને એવું વિવાદાસ્પદ અને સ્ફોટક નિવેદન આપ્યું છે, જેનાથી આખા રાજ્યના પોલીસ બેડામાં ભૂકંપ આવી ગયો છે. અલ્પેશ ઠાકોરે જાહેરમાં મોટો ધડાકો કરતા કહ્યું છે કે, 'ગુજરાત પોલીસ માત્ર હપ્તા જ નથી લેતી, પણ ગાડીઓમાં બે-બે પેગ મારીને આવે છે!' સત્તાધારી પક્ષના જ ધારાસભ્ય દ્વારા પોલીસ તંત્ર પર આ પ્રકારના ગંભીર અને આક્ષેપાત્મક પ્રહારો થતા હવે રાજકારણ ગરમાયું છે અને પ્રશાસન સામે મોટા સવાલો ઊભા થયા છે. મળતી માહિતી મુજબ, અલ્પેશ ઠાકોરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર આગની જેમ ફેલાઈ રહ્યો છે. આ વીડિયોમાં તેઓ ગુજરાત પોલીસની કાર્યશૈલી અને રાજ્યમાં ચાલતી બુટલેગરોની મીલીભગત પર આકરા પ્રહારો કરતા સાંભળવા મળે છે. અલ્પેશ ઠાકોરે રોકડું પરખાવતા કહ્યું કે રાજ્યમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં ગલી-ગલીમાં દારૂ વેચાઈ રહ્યો છે કારણ કે પોલીસનું તંત્ર તેમાં સામેલ છે. પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓ બુટલેગરો પાસેથી માત્ર નિયમિત 'હપ્તા' વસૂલતા નથી, પરંતુ ખુદ નશાની હાલતમાં ફરજ પર પહોંચી જાય છે. 'જે પોલીસ પ્રજાની સુરક્ષા માટે બેઠી છે અને દારૂબંધી પાંખ સરખી કરાવવાની જવાબદારી જેની છે, એ જ ખાખી વાળા હપ્તા ઉઘરાવે છે અને સાથે બે-બે પેગ મારીને ફરે છે!' – અલ્પેશ ઠાકોરનો આ સૂર દર્શાવે છે કે સરકારના પોતાના જ નેતાઓ પોલીસની ઘૂસણખોરીથી કેટલા ત્રસ્ત છે. ગુજરાત સરકાર હંમેશાં ગર્વથી દાવો કરતી આવી છે કે ગાંધીજીની ભૂમિ પર દારૂબંધીનો કાયદો સૌથી કડક રીતે લાગુ છે. પરંતુ જ્યારે ખુદ ભાજપના ધારાસભ્ય અને અગાઉ આંદોલનો કરી ચૂકેલા નેતા અલ્પેશ ઠાકોર જાહેરમાં એ સ્વીકારે કે પોલીસવાળા ખુદ દારૂ પીને ફરે છે અને હપ્તા લે છે, ત્યારે વિપક્ષને સરકાર પર પ્રહાર કરવા માટે મોટો મુદ્દો મળી ગયો છે.

પાક્કો ગુજરાત
શનિવાર । 07 નવેમ્બર 2026 । અમદાવાદ

દાંતામાં ખાકીના આશીર્વાદે બુટલેગરોના ખુલ્લા પરાક્રમ

વાયરલ વીડિયો છતાં પોલીસ અને LCB મૂકપ્રેક્ષક: જનતામાં ફાટ્યો રોષનો જ્વાળામુખી!



બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાના સરહદી અને પર્વતીય વિસ્તાર એવા દાંતા તાલુકામાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સવાલના ઘેરામાં મૂકતી એક અત્યંત ચોંકાવનારી અને લાલબત્તી સમાન હકીકત સામે આવી છે. ગુજરાતમાં કાગળ પર ભલે કડક દારૂબંધીના દાવા થતા હોય, પરંતુ દાંતાની ધરતી પર બુટલેગરોએ કાયદાને ઘોળીને પીધો છે અને ખુલ્લેઆમ વિદેશી દારૂના ધંધાના સામ્રાજ્ય ધમધમી રહ્યા છે. તાજેતરમાં જ બે કુખ્યાત બુટલેગરો ખુલ્લેઆમ દારૂનું વેચાણ કરી રહ્યા હોય અને પોતાની સત્તાનો વ્યાપ બતાવતા હોય તેવા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. આટલા મજબૂત પુરાવાઓ સામે હોવા છતાં સ્થાનિક પોલીસ અને જિલ્લાની ક્રાઇમ બ્રાન્ચ (LCB) દ્વારા કોઈ જ સંતોષકારક કે લાલ આંખ કરતી કાર્યવાહી ન થતાં પોલીસ તંત્રની ભારોભાર મિલીભગત સામે ગંભીર સવાલો ઊભા થયા છે. દાંતા તાલુકામાં કાયદો જાળવવા માટે સ્થાનિક પોલીસ સ્ટેશનનો વિશાળ સ્ટાફ તૈનાત છે, એટલું જ નહીં, ગુનાખોરી ડામવા માટે સક્રિય ગણાતી LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) ની ટીમ પણ કાર્યરત છે. તેમ છતાં, જો ખુલ્લેઆમ ચોરે અને ચૌટે વિદેશી દારૂનો વેપાર ધમધમતો હોય, તો તે સાબિત કરે છે કે કાયદાના રક્ષકોની આંખ નીચે જ આ ગેરકાયદેસર ખેલ ચાલી રહ્યો છે. પોલીસની આ શંકાસ્પદ ચૂપકીદી અને નિષ્ક્રિયતા જોઈને હવે સામાન્ય પ્રજામાં પણ ચર્ચાઓ વહેતી થઈ છે કે શું ખાકી અને બુટલેગરો વચ્ચે કોઈ અંદરખાને મજબૂત સાઠગાંઠ ચાલી રહી છે? દાંતાના જાગૃત નાગરિકો અને સ્થાનિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. લોકોનું સ્પષ્ટપણે કહેવું છે કે બનાસકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં ત્રણ-ત્રણ પોલીસ અધિક્ષકો (SP) બદલાઈ ગયા, ઉચ્ચ સ્તરે અધિકારીઓની બદલીઓ થઈ, પરંતુ દાંતા પોલીસ સ્ટેશનના કેટલાક ખાસ ખાનગી અને ભ્રષ્ટ કર્મચારીઓ વર્ષોથી એક જ જગ્યાએ 'ફેવિકોલ' ની જેમ ચોંટીને બેઠા છે! આ નીચેના કર્મચારીઓની રાજકીય વગ અને ભ્રષ્ટ સાંઠગાંઠના કારણે જ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની સખ્તાઈ પણ અહીં નિષ્ફળ સાબિત થાય છે અને દારૂનું વેચાણ દિનપ્રતિદિન વધી રહ્યું છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં બુટલેગરોની બેખોફ અંદાજ સાક્ષી પૂરે છે કે તેમને કાયદાનો કે પોલીસનો કોઈ જ ડર નથી. કોઈકના ખુલ્લા આશીર્વાદ અને માથા પર રાજકીય કે ખાકીનો હાથ ન હોય તો કોઈ સામાન્ય શખ્સ આટલી હિંમતથી ખુલ્લેઆમ ગેરકાયદેસર વેપલો ચલાવી જ ન શકે. આ બુટલેગરો હાલમાં દાંતા વિસ્તારમાં ચર્ચાનું કેન્દ્ર બન્યા છે, છતાં ખાકી વર્ધીના નામે મૌન ધારણ કરી બેઠેલા અધિકારીઓ શું છુપાવવા માંગે છે? આ ભ્રષ્ટ સિસ્ટમ અને અધિકારીઓની નિષ્ક્રિયતાના કારણે જે સાચા, કર્તવ્યનિષ્ઠ અને પ્રામાણિક પોલીસ કર્મચારીઓ છે, તેઓ પણ સમાજમાં બદનામ થઈ રહ્યા છે. ખાકીના માથે લાગેલા આ કાળા ડાઘને દૂર કરવા માટે હવે દાંતાની જનતા રસ્તા પર વા મજબૂર બની છે. લોકોની એક જ અને સ્પષ્ટ માંગ છે કે-આવા બેખોફ બુટલેગરો પર તાત્કાલિક ધોરણે આકરી કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

ચિલોડા-હિંમતનગર હાઇવે પર હિટ એન્ડ રન

નાયરા પેટ્રોલ પંપ નજીક અજાણી કારે રોડ ક્રોસ કરતી મહિલાને અડફેટે લેતા મોત

ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવેલા મોટા ચિલોડાથી હિમ્મતનગર તરફ જતા નાયરા પેટ્રોલ પંપ નજીક રોડ ક્રોસ કરી રહેલાં 52 વર્ષીય મહિલાને અજાણ્યા કારચાલકે પોતાની કાર પૂરઝડપે અને બેફામ રીતે હંકારી ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત મહિલાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજતા ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મૂળ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને હાલ મોટી સિહોલી ગામની સીમમાં સરકારી નર્સરી પર પરિવાર સાથે રહીને મજૂરી કામ કરતા રણજીતસિંહ પ્રતાપજી મકવાણાના પત્ની લીલાબેન ગઈકાલે બપોરના સમયે મોટા ચિલોડા ખાતે ઘરકામની મજૂરી અર્થે ગયા હતા. બાદમાં આશરે પોણા ચારેક વાગ્યાના અરસામાં લીલાબેન ચિલોડા-હિંમતનગર હાઇવે રોડ ક્રોસ કરીને હાઇવેની સામેની સાઇડ પર આવેલી સરકારી નર્સરી તરફ જઈ રહ્યા હતા. તે જ સમયે પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક અજાણી ફોર-વ્હીલરના ચાલકે તેમને જોરદાર ટક્કર નાસી ગયો હતો.

આ અકસ્માતમાં લીલાબેનને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓ સ્થળ પર જ મૃત્યુ પામ્યા હતા. આ ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને નર્સરી પર હાજર મૃતક મહિલાના સ્વજનો-પુત્રોને અકસ્માતની જાણ થતાં તેઓ તુરંત જ સ્થળ પર દોડી ગયા હતા. જ્યારે ઘટનાની જાણ થતાં ચિલોડા પોલીસ સ્ટેશનનો કાફલો તેમજ હાઈવેની એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતક લીલાબેનના શબને પોસ્ટમોર્ટમ અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડી અજાણ્યા કારચાલક ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કરોડોના ખર્ચે બનેલો ગુજરાતનો પ્રથમ રબર ડેમ જ ખાલીખમ

બોડેલીના રાજવાસણા ખાતે હેરણ નદી પર બનેલા ડેમનું બ્લેડર સમયસર ન ઊંચકાતાં ચોમાસાનું લાખો ગેલન પાણી વહી ગયું..!!!

છોટાઉદેપુર/બોડેલી

ગુજરાત સરકાર દ્વારા કરોડો રૂપિયાના અધધ ખર્ચે તૈયાર કરવામાં આવેલા રાજ્યના પ્રથમ અને ડ્રીમ પ્રોજેક્ટ સમાન રબર ડેમની ઘોર બેદરકારી સામે આવી છે. છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાં રાજવાસણા ખાતે હેરણ નદી પર નિર્માણ પામેલો આ રબર ડેમ અત્યારે પાણી વિના સાવ કોરોધાકોર અને ખાલીખમ ભાસી રહ્યો છે. ચોમાસાની ઋતુ પૂરી થવા આવી હોવા છતાં, તંત્રની ઘોર લાપરવાહી અને ટેકનિકલ



ખામીઓના કારણે ચોમાસાનું કરોડો લીટર કિંમતી પાણી વહીને દરિયામાં જતું રહ્યું છે અને સ્થાનિક ખેડૂતો તથા ગ્રામજનો શિયાળાની શરૂઆતમાં જ પાણી માટે ફાંફા મારવા મજબૂર બન્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, બોડેલી નજીક રાજવાસણા ખાતે હેરણ નદી પર ડેમ બનાવવામાં આવ્યો હતો. આધુનિક ટેકનોલોજીથી સજ્જ આ ડેમમાં હવા કે પાણી ભરીને ફુલાવી શકાય તેવા ખાસ રબર બ્લેડર (ચોકડી/બેરિયર) મૂકવામાં આવ્યા છે, જેથી ચોમાસા દરમિયાન નદીના પ્રવાહને રોકીને પાણીનો મોટો જથ્થો સંગ્રહ કરી શકાય. પરંતુ આ વર્ષે ચોમાસા દરમિયાન જ્યારે નદીમાં પૂરતું પાણી હતું, ત્યારે જવાબદાર એન્જિનિયરો અને તંત્ર દ્વારા સમયસર આ રબર ફ્લડ કંટ્રોલ અને જળ સંચયના હેતુથી ગુજરાતનો સૌપ્રથમ રબર ડેમ જ ખાલીખમ


બ્લેડરને ફુલાવીને ઊંચકાવામાં જ ન આવ્યા. તંત્રની આ ઘાતક ભૂલ અને અણઘડ વહીવટના કારણે નદીમાં આવેલું વિપુલ પ્રમાણનું પાણી ડેમમાં રોકાયા વગર સડસડાટ આગળ વહી ગયું. જેના પરિણામે સમગ્ર વિસ્તાર માટે આશીર્વાદરૂપ ગણાતો કરોડોનો રબર ડેમ આજે ચોમાસા બાદ તળિયાઝાટક થઈને પડ્યો છે. જે હેરણ નદીના પાણીથી આસપાસના ડઝનબંધ ગામડાઓના તળ ઊંચા આવવાના હતા અને શિયાળુ તથા ઉનાળુ પાક માટે પાણી મળવાનું હતું, તે જ પાણી તંત્રની બેદરકારીની ભેટ ચડી ગયું છે.

ફાર્માસ્યુટિકલ લાયસન્સ મંજૂર કરાવવા માટે વીડિયો કૉલ કરી આચરવામાં આવી ઠગાઇ

ગાંધીનગરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી સાથે 'અમિત શાહ બોલું છું' કહીને ગઠિયાએ કર્યો ખેલ

ગાંધીનગર/અમદાવાદ

રાજ્યના પાટનગર ગાંધીનગર અને વહીવટી બેડામાંથી એક અત્યંત ચોંકાવનારી અને ચર્ચાસ્પદ ઘટના સામે આવી છે, જેમાં સરકારી અધિકારીઓને ફોન કરીને પ્રભાવશાળી રાજકારણીઓની ઓળખ આપીને ગેરકાયદે કામો કઢાવતી ઠગ ટોળકી સક્રિય થઈ હોવાનું બહાર આવ્યું છે. ગાંધીનગર સ્થિત ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન (FDCA) ના એક જવાબદાર ઉચ્ચ અધિકારીને ફોન કરીને કેન્દ્રીય ગૃહમંત્રી કે ધારાસભ્યના નામે ધાક જમાવીને ફાર્માસ્યુટિકલ લાયસન્સ મંજૂર કરાવવા માટે દબાણ કરનાર એક શાતિર ગઠિયાનો ભાંડો ફૂટ્યો છે. આ ઘટનાથી સરકારી વિભાગોમાં ભારે હચમચ મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગરમાં ફરજ બજાવતા



એફડીસીએ (FDCA) ના એસિસ્ટન્ટ કમિશનર એસ.એન. ગઢવી પર એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો. ફોન કરનાર ઇસમે પોતાની ઓળખ એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહ તરીકે આપી હતી. ફોન પર વાત કરનાર ઠગે 'પલ્સ હેલ્થકેર' (Pulse Healthcare) નામના એક એકમનું પેન્ડિંગ ફાર્માસ્યુટિકલ લાયસન્સ વહેલી તકે મંજૂર કરી દેવા માટે અધિકારી પર દબાણ કર્યું હતું અને લાયસન્સ આપવામાં કેમ વિલંબ થઈ રહ્યો છે તે અંગે સવાલો ઉઠાવ્યા હતા. માત્ર ફોન જ નહીં, પરંતુ આ ગઠિયાએ અધિકારીને વાતચીતની વિગતો દર્શાવતો એક વીડિયો પણ મોકલ્યો હતો અને અગાઉ પણ ડ્રગ્સ ઈન્સ્પેક્ટર તથા અન્ય અધિકારીઓ સાથે સંપર્ક કર્યો હોવાનું જણાવ્યું હતું. જો કે, અધિકારીને આ સમગ્ર મામલે શંકા જતાં તેમણે સતર્કતા દાખવી હતી અને આ અંગેની હકીકતની સ્પષ્ટતા કરવા માટે એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહનો સંપર્ક કર્યો હતો. જ્યારે અસલી ધારાસભ્ય અમિત શાહ સમક્ષ આ વાત આવી ત્યારે સમગ્ર ભ્રામક અને ઠગાઈનું પ્રકરણ ખુલ્લું પડ્યું હતું. ધારાસભ્ય અમિત શાહે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેમણે એફડીસીએના અધિકારીને કોઈપણ પ્રકારનો ફોન કર્યો નથી અને કોઈ ફાર્માસ્યુટિકલ લાયસન્સ માટે ભલામણ પણ કરી નથી.

કાયદાના રક્ષક કે ખાકીના ઓથ હેઠળના ભક્ષક?

વડોદરા કોર્ટે વિવાદિત કામગીરી સામે આકરા વલણ સાથે કાર્યવાહીનો આપ્યો આદેશ

વડોદરા

વડોદરા શહેરના સંસ્કારી નગરીના તિલક પર વધુ એક કાળો દાગ લાગ્યો છે. ખાકી વર્ધીના રોફમાં અંધ બનીને નિર્દોષ નાગરિકો પર બેફામ જુલ્મ ગુજારનારા અને કાયદાના રક્ષક મટીને ભક્ષક બનેલા ગોરવા પોલીસ સ્ટેશનના PSI કિરીટ લાઠીયા વિરુદ્ધ વડોદરાની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટે ફોજદારી કેસ નોંધીને સમન્સ ઇશ્યુ કરવાનો આકરો હુકમ કર્યો છે. પોલીસ વિભાગ જ્યારે પોતાના જ ભ્રષ્ટ અને અત્યાચારી કર્મચારીઓને બચાવવામાં મશગૂલ હતું, ત્યારે ન્યાયતંત્રએ પીડિતો માટે ન્યાયના દ્વાર ખોલીને ખાકી બેડામાં સન્નાટો વ્યાપી દીધો છે.

ઘટનાની વિગત મુજબ, 4 નવેમ્બર 2024ના રોજ ગોરવા વિસ્તારમાં રહેતા મોઈનખાન પઠાણ અને તેમના ભાઈ પર કેટલાક અસામાજિક શખ્સો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. પોતાનો જીવ બચાવવા માટે પીછો કરી રહેલા હુમલાખોરોથી ભાગીને આ બંને ભાઈઓ આશા અને રક્ષણની અપેક્ષા સાથે ગોરવા પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે બહારના ગુંડાઓ કરતાં પણ વધુ ભયાનક વર્તણૂક પોલીસ સ્ટેશનની અંદર ખાકી પહેરીને બેઠેલા અધિકારીની હશે! ગોરવા પોલીસ સ્ટેશનના તત્કાલીન PSI કિરીટ લાઠીયાએ મદદ કરવાને બદલે, ફરિયાદી મોઈનખાન પઠાણ અને તેમના ભાઈને જ ગેરકાયદેસર રીતે બેસાડી રાખ્યા હતા. આખી રાત પોલીસ સ્ટેશનના બંધ રૂમમાં બંને ભાઈઓ પર બેફામ ઢોર માર મારવામાં આવ્યો હતો. એટલું જ નહીં, પોતાની સત્તાનો બેફામ દુરુપયોગ કરીને PSI લાઠીયાએ પીડિત ભાઈઓ પર પ્રોહિબિશનનો ખોટો અને બનાવટી ગુનો નોંધી તેમને જેલભેગા કરી દીધા હતા. PSI કિરીટ લાઠીયા અને તેમની ટીમે ગુજારેલા થર્ડ ડિગ્રી અત્યાચારના કારણે મોઈનખાન પઠાણને ગંભીર શારીરિક ઈજાઓ પહોંચી હતી. આ બર્બર મારપીટના લીધે મોઈનખાનના કાનનો પડદો ફાટી ગયો હતો અને તેમણે પોતાની કાયમી સાંભળવાની ક્ષમતા (શ્રવણ શક્તિ) ગુમાવવાનો વારો આવ્યો હતો. એક નિર્દોષ નાગરિકને કાયમી ધોરણે વિકલાંગ બનાવી દેનારી આ ઘટના ખાકીના નામે ધબ્બો સમાન છે. આ ભયાનક આચરણ બાદ પીડિત પરિવારે ન્યાય મેળવવા માટે ઉચ્ચ પોલીસ અધિકારીઓથી લઈને વડોદરા પોલીસ કમિશનર સુધી લેખિત રજૂઆતો કરી અને ગુનો નોંધવા વિનંતી કરી. પરંતુ, ખાકી ખાકીને બચાવે તે નીતિ મુજબ વડોદરા પોલીસના ઉચ્ચ અધિકારીઓએ પોતાના જ કર્મચારી PSI કિરીટ લાઠીયાને બચાવવા માટે તમામ પ્રયાસો કર્યા અને કોઈ જ કાર્યવાહી ન કરી. પોલીસ વિભાગ તરફથી દરવાજા બંધ થઈ જતાં, પીડિત મોઈનખાન પઠાણે હિંમત હાર્યા વગર વડોદરાની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (JMFC) કોર્ટમાં પ્રાઇવેટ કમ્પ્લેઇન્ટ (ખાનગી ફરિયાદ) દાખલ કરી હતી.

રાજકોટ ગ્રામ્ય LCBએ પ્રોહિબિશનના ગુનામાં 6 વર્ષથી નાસતો-ફરતો રાજસ્થાનનો આરોપી ઝડપાયો

રાજકોટ

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય તથા રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધીક્ષક વિજય સિંહ ગુર્જરના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ચલાવવામાં આવી રહેલી ઝુંબેશ અંતર્ગત રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચને એક મોટી સફળતા મળી છે. એલસીબીની ટીમે ટેકનિકલ સોર્સિસથી મળેલી ચોક્કસ માહિતીના આધારે, પ્રોહિબિશનના ગુનાઓમાં છેલ્લા ૬ વર્ષથી પોલીસને થાપ આપી નાસતા-ફરતા એક રીઢા આરોપીને ઝડપી પાડ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, પકડાયેલા આરોપીનું નામ હરીરામ સતારામ ચૌધરી (ઉંમર વર્ષ-૩૦, રહે. જોરાપુરા, તા. સેડવા, જી. બાડમેર, રાજ્ય-રાજસ્થાન) છે. આ આરોપી વર્ષ ૨૦૨૦ માં કોટડા-સાંગાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કન્ટેનર ટ્રકમાંથી વિદેશી દારૂ તથા અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૩૪,૩૨,૨૨૦ ના જંગી મુદ્દામાલ સાથે નોંધાયેલા પ્રોહિબિશનના ગુનામાં લાંબા સમયથી નાસતો-ફરતો હતો. આ ગુના સંદર્ભે નામદાર જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (જે. એમ.એફ.સી.) કોર્ટ કોટડા-સાંગાણી દ્વારા આરોપી વિરુદ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ પણ ઇસ્યુ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, આ આરોપી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અન્ય એક પ્રોહિબિશનના ગુનામાં પણ નાસતો-ફરતો હોવાનું ખુલ્યું છે.



ભાવનગરના ચકચારી ટ્રિપલ મર્ડર કેસમાં મોટો નિર્ણય

આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ACF) શૈલેષ ખાંભલાના જામીન રદ્દ

ભાવનગર

ભાવનગર શહેર અને સમગ્ર રાજ્યમાં ભારે સનસનાટી મચાવનારા બહુચર્ચિત ટ્રિપલ મર્ડર કેસમાં એક અત્યંત મહત્વપૂર્ણ અને સણસણતો કાનૂની નિર્ણય સામે આવ્યો છે. આ હૃદયકંપાવનારી ત્રિપલ હત્યાકાંડમાં સંડોવાયેલા રાજ્યના ફોરેસ્ટ વિભાગના ઉચ્ચ અધિકારી આસિસ્ટન્ટ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ (ACF) શૈલેષ ખાંભલાના જામીન રદ્દ કરવાનો અદાલતે મક્કમ આદેશ કર્યો છે. કોર્ટના આ આકરા નિર્ણયથી ગુનેગારો અને વહીવટી વર્ગ ધરાવતા તત્વોમાં ભારે ખળભળાટ મચી ગયો છે, જ્યારે પીડિત પરિવાર માટે ન્યાયની આશા વધુ બળવત્તર બની છે. ભાવનગર ખાતે સર્જાયેલા આ ત્રિપલ મર્ડર કેસની વિગતો એવી છે કે, અંગત રજિશ, મિલકત અથવા ઊંડા વેરઝેરના કારણે એકસાથે ત્રણેય વ્યક્તિઓની



અમાનુષી અને દારુણ હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના સામે આવતા જ સમગ્ર ભાવનગર જિલ્લામાં અરેરાટી વ્યાપી ગઈ હતી અને ભારે જનઆક્રોશ જોવા મળ્યો હતો. સ્થાનિક પોલીસ અને તપાસ એજન્સીઓએ જ્યારે ઊંડાણપૂર્વક તપાસના ચક્ર ગતિમાન કર્યા, ત્યારે એક પછી એક ચોંકાવનારા તથ્યો બહાર આવ્યા હતા.

તપાસ દરમિયાન સામે આવ્યું કે, સરકારી નીતિ-નિયમોનું પાલન કરાવવા અને કાયદાનું રક્ષણ કરવા માટે જવાબદાર એવા ફોરેસ્ટ વિભાગના વર્ગ-1 / વર્ગ-2 કક્ષાના અધિકારી ACF શૈલેષ ખાંભલાની આ સમગ્ર ગુનાહિત કાવતરામાં સીધી અથવા પરોક્ષ રીતે ગંભીર સંડોવણી હતી. પોલીસે નક્કર પુરાવા અને કડીઓ એકત્ર કરીને તેમની ધરપકડ કરી હતી.

અગાઉ આ કેસમાં કાનૂની દાવપેચ અને જામીન મેળવવા માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે, કેસની ગંભીરતા, ગુનાની ભયાનકતા અને આરોપી સરકારી હોદ્દા પર હોવાથી સાક્ષીઓને ધમકાવવા કે પુરાવા સાથે ચેડાં થવાની પૂરતી શક્યતાઓને ધ્યાને રાખીને અદાલતે શૈલેષ ખાંભલાના જામીન રદ્દ કરવાનો સીમાચિહ્નરૂપ આદેશ આપ્યો છે. અદાલતે આ કેસની સુનાવણી દરમિયાન સ્પષ્ટ વલણ અપનાવ્યું હતું કે, ત્રણ-ત્રણ નિર્દોષ વ્યક્તિઓની નૃશંસ હત્યા જેવા અત્યંત ગંભીર ગુનામાં અને તે પણ એક જવાબદાર સરકારી અધિકારીની સંડોવણી હોય ત્યારે કોઈ પણ પ્રકારની સ Suit કે રાહત આપી શકાય નહીં.

અંદર માછલીઓ તરે છે, પણ જોવાની મનાઈ!

CM કાળમાં PM મોદીએ લોકાર્પણ કરેલું 17 કરોડનું એક્વેરિયમ અઢી વર્ષથી બંધ!

સુરત

સુરતના પાલ વિસ્તારમાં આવેલું અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરોડોના ખર્ચે લોકાર્પણ કરાયેલું 'જગદીશચંદ્ર બોઝ એક્વેરિયમ' છેલ્લાં અઢી વર્ષથી પ્રવાસીઓ માટે તાળાબંધીની હાલતમાં પડ્યું છે. રૂ. 17 કરોડના તોતિંગ ખર્ચે તૈયાર કરાયેલા આ વિશાળ એકવેરિયમમાં અંદર ભાતભાતની માછલીઓ મુક્તપણે તરી રહી છે, પરંતુ પ્રજા માટે 'જોવાની મનાઈ'ના પાટિયા ઝૂલી રહ્યા છે. સુરત મહાનગરપાલિકાના વહીવટી તંત્રની ઘોર બેદરકારી અને સત્તાધીશોની નબળી નીતિઓનું પરિણામ આજે કરદાતા નાગરિકો ભોગવી રહ્યા છે. એક તરફ પ્રજા માટે આ એક્વેરિયમના દરવાજા અઢી વર્ષથી બંધ છે, તો બીજી તરફ આ એક્વેરિયમના મેન્ટેનન્સ અને સંભાળ માટે મુંબઈની એક ખાનગી પેઢીને વાર્ષિક રૂ. 1.06 કરોડ ચૂકવવામાં આવી રહ્યા છે. એટલે કે, બંધ એક્વેરિયમ પાછળ પણ પ્રજાના પરસેવાના નાણાંનો બેફામ ધુમાડો થઈ રહ્યો છે. આ એક્વેરિયમ જ્યારે શરૂ કરવામાં આવ્યું ત્યારે તેમાં દેશ-વિદેશની દુર્લભ માછલીઓ, શાર્ક ટાંકી અને મરીન લાઈફ પ્રદર્શિત કરીને તેને સુરતનું એક મુખ્ય પ્રવાસન ધામ બનાવવાનો દાવો કરાયો હતો. પરંતુ સમયાંતરે સમારકામ અને ટેકનિકલ ખામીઓના બહાના હેઠળ તંત્ર દ્વારા તેને બંધ કરી દેવામાં આવ્યું. સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓ જ્યારે પણ એક્વેરિયમની મુલાકાતે આવે છે ત્યારે તેમને દરવાજેથી જ નિરાશ થઈને પરત ફરવું પડે છે. મહાનગરપાલિકાના વહીવટ પર હવે ગંભીર પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા થઈ રહ્યા છે. જ્યારે પ્રજા આ સુવિધાનો ઉપયોગ જ કરી શકતી નથી, તો પછી દર વર્ષે રૂ. 1.06 કરોડનું ચુકવણું કેમ ચાલુ રાખવામાં આવ્યું છે? કોના ઈશારે પ્રજાના કરોડો રૂપિયા મુંબઈની કંપનીને હોમવામાં આવી રહ્યા છે? સુરતની જનતા હવે તંત્ર સામે આક્રોશ વ્યક્ત કરી રહી છે અને માંગ કરી રહી છે કે કાં તો આ એક્વેરિયમને તાત્કાલિક ધોરણે પ્રજા માટે ખુલ્લું મુકવામાં આવે અથવા તો બંધ એક્વેરિયમ પાછળ થતો આ આંધળો ખર્ચ બંધ કરી જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવામાં આવે.

વડનગર સિવિલ હોસ્પિટલના બે તબીબોની કારને નડ્યો ગમખ્વાર અકસ્માત : અન્ય તબીબ ગંભીર રીતે ઇજાગ્રસ્ત!!

- રસ્તા પર અચાનક નીલગાય આવી જતાં સર્જાયેલી દિલધડક દુર્ઘટનામાં મહિલા ડૉક્ટરનું કરૂણ મોત

મહેસાણા/વડનગર

મહેસાણા જિલ્લામાંથી એક અત્યંત હૃદયદ્રાવક, અરેરાટીભરી અને કાળજું કંપાવી દે તેવી ઘટના સામે આવી છે. દર્દીઓને નવજીવન આપવા માટે રાત-દિવસ પોતાની ફરજ બજાવતા અને સેવામાં ખડેપગે રહેતા તબીબો જ એક ભયાનક માર્ગ અકસ્માતનો ભોગ બન્યા છે. મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના લાછડી ગામ નજીક વડનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા બે રેસિડન્ટ તબીબોની કારને સર્જાયેલા ગંભીર અકસ્માતમાં પ્રભુએ જાણે કાળીચૌદશ કે આફતનો માહોલ સર્જ્યો હોય તેમ એક યુવાન મહિલા ડૉક્ટરનું કરૂણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક તબીબ ગંભીર રીતે ઘાયલ થતાં સારવાર હેઠળ છે. આ આઘાતજનક સમાચાર મળતાની સાથે જ વડનગર સિવિલ હોસ્પિટલનો સ્ટાફ અને સમગ્ર તબીબી આલમમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, વડનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો ડૉ. વિશ્રુતિ ધાનાણી અને ડૉ. સાહિલ ઓઝા ગાંધીનગર તરફથી પોતાનું કામ પતાવીને કાર દ્વારા વિસનગર તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન વિસનગરના લાછડી ગામ નજીક ગરનાળા પાસે પહોંચતા જ અચાનક રસ્તા પર એક નીલગાય (રોઝ) ધસી આવી હતી. વાહનની સામે અચાનક જંગલી પ્રાણી આવી જતાં કાર ચાલકે તેને બચાવવાનો ભારે પ્રયાસ કર્યો હતો, પરંતુ આ અચાનક બનેલી ઘટનામાં કાર પરનો કાબૂ સંપૂર્ણપણે છૂટી ગયો હતો. નિયંત્રણ ગુમાવવાથી પૂરપાટ ઝડપે દોડતી કાર રોડની બાજુમાં આવેલા ગરનાળાની પાકી દીવાલ સાથે ધડાકાભેર અથાઈ હતી.



તંત્રી લેખ...

ધનતેરસે તકનું ધન: શેરબજારમાં ઐતિહાસિક ઉછાળો અને સોના-ચાંદીમાં મોટો કડાકો

સામાન્ય માનવી માટે દિવાળી પહેલાં સદ્ભાગ્યની હેલી

દિવાળીના દીવા પ્રજ્વલિત થાય તે પહેલાં જ ભારતીય અર્થતંત્ર અને નાણાકીય બજારોમાંથી એક પછી એક એવા સોનેરી સમાચાર સામે આવ્યા છે જેણે દેશભરના રોકાણકારો, વેપારીઓ અને સામાન્ય ગ્રાહકોમાં ખુશીની લહેર દોડાવી દીધી છે. વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા, ફુગાવાનું દબાણ અને મંદીના કાળા ડિંબાગ વાદળો વચ્ચે ભારતીય બજારે પોતાની આર્થિક મજબૂતાઈનો એવો પરચો આપ્યો છે કે દુનિયાભરના અર્થશાસ્ત્રીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. એક તરફ સેન્સેક્સે 8 મહિનાના લાંબા અંતરાલ બાદ રેકોર્ડબ્રેક છલાંગ લગાવીને 80,000ની ઐતિહાસિક સપાટી સર કરી લીધી છે, તો બીજી તરફ ધનતેરસના પાવન પર્વે સોના અને ચાંદીના ભાવોમાં થયેલા ધરખમ ઘટાડાએ સામાન્ય ગ્રાહકોની દિવાળી સુધારી દીધી છે. આ બેવડી ખુશખબરી માત્ર આંકડાકીય ચમકારો નથી, પરંતુ ભારતના મજબૂત આર્થિક પાયાની અમોગ સાક્ષી પૂરે છે.

ગ્લોબલ મંદીની આંધી વચ્ચે ભારતીય શેરબજારમાં 'બુલ રન'નો દબદબો

વર્તમાન સમયમાં જ્યારે અમેરિકા, જાપાન, યુરોપ અને દક્ષિણ કોરિયા જેવા મોટા વિકસિત દેશોના શેરબજારો 5 ટકાથી વધુના ભારેખમ ધડાકા સાથે તૂટી રહ્યા છે અને રોકાણકારોના અબજો ડૂબી રહ્યા છે, ત્યારે તેની તુલનામાં ભારતીય શેરબજારમાં તેજીનું તૂફાન જોવા મળ્યું છે. છેલ્લાં માત્ર 7 જ દિવસના ટૂંકા ગાળામાં ભારતીય બજારે 8 ટકાથી વધુની શાનદાર બુલિશ તેજી નોંધાવીને વૈશ્વિક રોકાણકારોનું ધ્યાન ખેંચ્યું છે. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE)નો



બેન્ચમાર્ક ઈન્ડેક્સ સેન્સેક્સ 700થી વધુ પોઈન્ટના તોતિંગ ઉછાળા સાથે ફરી એકવાર 80,000ની મનોવૈજ્ઞાનિક અને અત્યંત મહત્વપૂર્ણ સપાટીને વટાવી ગયો છે. આ તેજી સાબિત કરે છે કે વૈશ્વિક અસ્થિરતા વચ્ચે પણ વિદેશી અને સ્થાનિક રોકાણકારોનો ભારતીય અર્થતંત્ર પરનો અતૂટ વિશ્વાસ અકબંધ છે. મજબૂત કોર્પોરેટ પરિણામો, દેશમાં વધતી માંગ અને નાણાકીય શિસ્તના કારણે ભારતીય શેરબજાર વૈશ્વિક મંદીના વાવાઝોડા સામે એક મજબૂત દીવાલ બનીને ઊભું છે.

ધનતેરસે સોના અને ચાંદીના ભાવોમાં ઐતિહાસિક કડાકો: મધ્યમ વર્ગ માટે મોટી રાહત

શેરબજારની આ તેજી વચ્ચે તહેવારોની મોસમમાં ખરીદી કરવા માટે આતુર બેઠેલા સામાન્ય માનવી માટે સોના અને ચાંદીના મોરચેથી અત્યંત રાહતજનક અને ખુશીના સમાચાર આવ્યા છે. સામાન્ય રીતે ધનતેરસ અને દિવાળી જેવા પર્વો પર સોના-ચાંદીની માંગ વધવાને કારણે તેના ભાવો આસમાને પહોંચતા હોય છે, પરંતુ આ વર્ષે બજારની ચાલ તદ્દન વિપરીત રહી છે. ધનતેરસના પવિત્ર અવસરે સોનાના ભાવમાં પ્રતિ 10 ગ્રામ રૂ. 3,106નો મોટો ઘટાડો નોંધાતા ભાવ સીધા રૂ. 1.41 લાખની સપાટીએ આવી ગયા છે.

આનાથી પણ વધુ ચોંકાવનારો ઘટાડો ચાંદીના ભાવોમાં જોવા મળ્યો છે. ચાંદીના કિલોદીઠ ભાવમાં એકસામટે રૂ. 5,437નો જંગી ઘટાડો થતાં તે ઘટીને રૂ. 1.81 લાખ પર પહોંચી ગઈ છે. ખાસ નોંધનીય બાબત એ છે કે ચાલુ વર્ષ દરમિયાન ચાંદીના ભાવોમાં અત્યાર સુધીમાં કુલ મળીને આશરે રૂ. 49,000 જેટલો મોટો ઘટાડો નોંધાઈ ચૂક્યો છે. કિંમતી ધાતુઓમાં આવેલો આ કડાકો એવા સમયે આવ્યો છે જ્યારે દેશભરમાં લગ્નની સિઝન શરૂ થઈ રહી છે અને મધ્યમ તથા સામાન્ય પરિવારના લોકો સોના-ચાંદીની ખરીદી કરવા માટે બજારોમાં ઉમટી રહ્યા છે. ભાવો ઘટવાથી ગ્રાહકોના ખિસ્સા પર પડતો નાણાકીય ભાર ઘણો હળવો થયો છે.

તંત્રીનું દ્રષ્ટિકોણ: આ માત્ર આંકડા નથી, પણ ખરીદશક્તિ અને આર્થિક સમૃદ્ધિનું પ્રતિક છે

અમારું સ્પષ્ટ માનવું છે કે આ ધનતેરસે સોના-ચાંદીના તૂટેલા ભાવો અને શેરબજારની રેકોર્ડબ્રેક તેજી એ માત્ર કોઈ કેઝ્યુઅલ કે સટ્ટાકીય ઘટના નથી, પરંતુ તે ભારતીય ગ્રાહક અને રોકાણકારની ખરીદશક્તિને બળ પૂરતી એક સોનેરી તક છે. જે નાગરિકો મોંઘવારીના કારણે પોતાના પરિવાર માટે કિંમતી ધાતુઓની ખરીદી કરવા અસમર્થ બનતા હતા, તેમને આ ભાવોના ઘટાડાથી મોટી રાહત મળી છે. બીજી તરફ, શેરબજારમાં રોકાણ કરનાર મધ્યમ વર્ગના રોકાણકારોની સંપત્તિમાં પણ વધારો થઈ રહ્યો છે, જેના કારણે બજારમાં નાણાંનો પ્રવાહ (Liquidity) સતત જળવાઈ રહ્યો છે અને અર્થતંત્રનું ચક્ર વધુ ઝડપથી ફરી રહ્યું છે.

આજે જ્યારે દુનિયાના અનેક મોટા દેશો મંદી અને આર્થિક મંદવાડના ડર હેઠળ જીવી રહ્યા છે, ત્યારે ભારત આર્થિક સ્થિરતા, વિકાસ અને નવા કીર્તિમાનો સ્થાપવામાં મોખરે છે. આ ઉત્સવના માહોલમાં સરકારે અને બજારોએ સામાન્ય માનવીને જે ભેટ આપી છે, તે દેશના ઉજ્જવળ આર્થિક ભવિષ્યની ગવાહી આપે છે. અપેક્ષા રાખીએ કે આ તેજી અને આર્થિક સમૃદ્ધિનો આસમાની માહોલ માત્ર તહેવારો પૂરતો સીમિત ન રહેતા, પરંતુ આગામી આખું નવું વર્ષ દરેક નાગરિકના જીવનમાં સુખ, શાંતિ અને ધન-સમૃદ્ધિના નવા દ્વાર ખોલતો રહે. ધનતેરસે તકનું ધન: શેરબજારમાં ઐતિહાસિક ઉછાળો અને સોના-ચાંદીમાં મોટો કડાકો, સામાન્ય માનવી માટે દિવાળી પહેલાં સદ્ભાગ્યની હેલી

દિવાળીના દીવા પ્રજ્વલિત થાય તે પહેલાં જ ભારતીય અર્થતંત્ર અને નાણાકીય બજારોમાંથી એક પછી એક એવા સોનેરી સમાચાર સામે આવ્યા છે જેણે દેશભરના રોકાણકારો, વેપારીઓ અને સામાન્ય ગ્રાહકોમાં ખુશીની લહેર દોડાવી દીધી છે. વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતા, ફુગાવાનું દબાણ અને મંદીના કાળા ડિંબાગ વાદળો વચ્ચે ભારતીય બજારે પોતાની આર્થિક મજબૂતાઈનો એવો પરચો આપ્યો છે કે દુનિયાભરના અર્થશાસ્ત્રીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા છે. એક તરફ સેન્સેક્સે 8 મહિનાના લાંબા અંતરાલ બાદ રેકોર્ડબ્રેક છલાંગ લગાવીને 80,000ની ઐતિહાસિક સપાટી સર કરી લીધી છે, તો બીજી તરફ ધનતેરસના પાવન પર્વે સોના અને ચાંદીના ભાવોમાં થયેલા ધરખમ ઘટાડાએ સામાન્ય ગ્રાહકોની દિવાળી સુધારી દીધી છે. આ બેવડી ખુશખબરી માત્ર આંકડાકીય ચમકારો નથી, પરંતુ ભારતના મજબૂત આર્થિક પાયાની અમોગ સાક્ષી પૂરે છે.

- ગ્રુપ એડિટર પવન માકન

બોમ્બરની વિક્ષેપ રાજદ્વારી અને અટકી ગયેલું ત્રીજું વિશ્વયુદ્ધ:

જિયોપોલિટિક્સના મહાન પ્લોટ અને મોદીની માસ્ટરસ્ટ્રોક નીતિ

દુનિયા અણુબોમ્બના વિસ્ફોટ અને ત્રીજા વિશ્વયુદ્ધના ભયાનક ઉંબરે આવીને ઊભી હતી. સંકેતો અત્યંત ગંભીર હતા અને વૈશ્વિક રાજકારણની ઘરી એવી દિશામાં ફરી રહી હતી જ્યાંથી પાછા વળવું લગભગ અશક્ય લાગતું હતું. અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર પરમાણુ કાર્યવાહી કરવા માટે આંગળી બટન પર રાખીને બેઠા હતા. જો એ બટન દબાઈ ગયું હોત, તો તેના પડઘા માત્ર મધ્ય પૂર્વ પૂરતા સીમિત ન રહેતા વૈશ્વિક મહાવિનાશ નોતરી લાવત. ઈરાન પરના હુમલાની સાથે જ ચીન, રશિયા, ઉત્તર કોરિયા અને આપણો કાયમી મનોરોગી પાડોશી દેશ પાકિસ્તાન આ યુદ્ધના હોમકુંડમાં ઝંપલાવવા તત્પર હતા. આ તમામ સત્તાઓનું વર્ષો જૂનું એક જ વલણ રહ્યું છે–'એક વાર લડી લઈએ, વિનાશ નોતરી લઈએ, પછી રાખમાંથી શાંતિ શોધીશું!'

પરંતુ બરાબર આ જ ભયાનક વળાંક પર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની એવી એન્ટ્રી થઈ, જેણે વૈશ્વિક રાજદ્વારી વ્યૂહરચનાના તમામ સમીકરણો રાતોરાત બદલી નાખ્યા.

જૂના જમાનાની ક્લાસિક બોલિવૂડ ફિલ્મોના એ આઇકોનિક સીન યાદ કરો–જ્યાં ખંડેરમાં હિરોઈનનું નૃત્ય ગુંડાઓનું ધ્યાન ભટકાવે છે, હીરો ચુપકેથી પાછળથી આવીને તમામ ઘાતક હથિયારો આંચકી લે છે અને અંતે ખાખી વર્ધી સાથે સબ સલામત થઈ જાય છે! પદ્મશ્રી કક્ષાની આ જ ટેકનિકનો એક અત્યંત ઉચ્ચ અને આધુનિક રાજદ્વારી અવતાર આપણે આંતરરાષ્ટ્રીય મંચ પર જોયો, જેને હવે તજજ્ઞો 'બોમ્બરની વિક્ષેપ રાજદ્વારી' (Distraction Diplomacy) તરીકે ઓળખાવી રહ્યા છે.

વિશ્વયુદ્ધના આવેશમાં અંધ બનેલા ટ્રમ્પનું ધ્યાન ભટકાવવા માટે નરેન્દ્ર મોદીએ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની સાથેની મુલાકાતનો માસ્ટરપ્લાન ઘડ્યો. ચોકલેટ, સ્મિત, અને પરફેક્ટ ફોટો-ઓપથી એવો ગ્લોબલ ડાઈવર્ઝન ઊભો થયો કે મહાસત્તાઓના કિંગ કોંગ કન્ફ્યુઝ થઈ ગયા! પરમાણુ હુમલાનો પ્લાન ઠંડો પડી ગયો અને દુનિયા એક અકલ્પનીય મહાવિનાશમાંથી બચી ગઈ.

બીજી તરફ, વિપક્ષી નેતા રાહુલ ગાંધી આ વૈશ્વિક ગણિતથી અજાણ રહીને નિવેદનબાજી કરી રહ્યા છે કે 'મોદીએ ટ્રમ્પના દબાણમાં આવીને માત્ર 5 મિનિટમાં સોદો કરી નાખ્યો.' પરપક્વ રાજકારણ અને વૈશ્વિક સુરક્ષાના મૂળભૂત સિદ્ધાંતોથી અજાણ એવા વિપક્ષી નેતાઓને કદાચ એ સમજાતું નથી કે વૈશ્વિક વિઘટન અને યુદ્ધ અટકાવવા માટે નાની-મોટી કૂટનીતિક કિંમતો ચૂકવવી પડે છે, જે ભવિષ્યમાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે દેશના હિતમાં પાછી વસૂલવાની પૂરતી ક્ષમતા ભારત ધરાવે છે.

આજે સ્વયં અમેરિકન રક્ષણ અને કૂટનીતિના નિષ્ણાતો ખુલ્લા મંચ પર સ્વીકારી રહ્યા છે કે–'જો અમારી પાસે નરેન્દ્ર મોદી જેવા નેતા હોત, તો અમે આગામી 5000 વર્ષ સુધી એક પણ યુદ્ધ લડ્યા વિના વિશ્વની એકચક્રીય મહાસત્તા બનીને રહ્યા હોત.' આ એટલા માટે કારણ કે ભારતનું નેતૃત્વ યુદ્ધનો વેપાર નથી કરતું, પરંતુ શક્તિશાળી શાંતિનો વેપારી છે.

જે લોકોને આજે આ કૂટનીતિ એક અતિશયોક્તિ લાગે છે, તેમણે થોડી રાહ જોવી પડશે. આગામી 4-5 વર્ષોમાં જ્યારે આ વૈશ્વિક ઘટનાક્રમ પર ડોક્યુમેન્ટ્રી કે હોલીવુડ-બોલીવુડની ફિલ્મો બનશે, ત્યારે આખો દેશ અને દુનિયા આ કૂટનીતિક વિજયને ઉભા થઈને સલામી આપશે.

અંતમાં, આ સમગ્ર ઘટનાક્રમને શબ્દોમાં વણી લેતી આ પંક્તિઓ ભારતીય રાજદ્વારી તાકાતનો ચિતાર આપે છે:

સર્વત્ર અંધકાર છવાઈ ગયો હતો, અને યુદ્ધ પ્રચંડ હતું,
મોદીનું મૌન રાજદ્વારીના અવાજથી ભરાઈ ગયું હતું,
તે દેવ બનીને રાક્ષસોની દુનિયામાં આવ્યો હતો,
તે 21મી સદીના વિશ્વ યુદ્ધને અટકાવનાર હતો.

કાળી ચૌદશનું રહસ્ય : ભય નહીં, ભક્તિ અને શ્રદ્ધાનો પવિત્ર સંદેશ!

ભારતીય સંસ્કૃતિ અને સનાતન ધર્મમાં દરેક તહેવાર પાછળ કોઈ ને કોઈ આધ્યાત્મિક રહસ્ય, ધાર્મિક માન્યતા અને જીવનને સાચી દિશા આપતો સંદેશ છુપાયેલો હોય છે. દિવાળીના પાવન પર્વની પૂર્વસંધ્યાએ આવતી કાળી ચૌદશ પણ આવો જ એક વિશિષ્ટ ધાર્મિક તહેવાર છે. આ પર્વને નરક ચતુર્દશી, રૂપ ચૌદશ અને ભૂત ચતુર્દશી જેવા વિવિધ નામોથી પણ ઓળખવામાં આવે છે. લોકમાન્યતાઓમાં આ દિવસનું વિશેષ મહત્ત્વ રહેલું છે.



કાળી ચૌદશનું નામ સાંભળતાં જ કેટલાક લોકોના મનમાં ભય, તંત્ર-મંત્ર અને અંધશ્રદ્ધા જેવી બાબતોના વિચારો ઊભા થાય છે, પરંતુ આ પર્વનો મૂળભૂત સંદેશ ભય ફેલાવવાનો નહીં, પરંતુ મનુષ્યને આંતરિક શક્તિ, શ્રદ્ધા અને આત્મશુદ્ધિ તરફ દોરી જવાનો છે. જીવનમાં રહેલા નકારાત્મક વિચારો, અહંકાર, ઈર્ષ્યા, દ્વેષ અને અજ્ઞાનના અંધકારને દૂર કરીને સદ્વિચારોનો પ્રકાશ પ્રગટાવવાની પ્રેરણા આ દિવસ આપે છે.

ધાર્મિક માન્યતા અનુસાર કાળી ચૌદશનો સંબંધ ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા નરકાસુરના વધ સાથે પણ જોડાયેલો છે. પૌરાણિક કથા મુજબ નરકાસુર નામના અસુરે અનેક લોકોને ત્રાસ આપ્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણે તેનો વધ કરીને નિર્દોષ લોકોને મુક્તિ અપાવી હતી. આ પ્રસંગ અનિષ્ટ પર ઈષ્ટના, અધર્મ પર ધર્મના અને અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક માનવામાં આવે છે.

આ દિવસે વહેલી સવારે અભ્યંગ સ્નાન કરવાની પરંપરા પણ અનેક પરિવારોમાં જોવા મળે છે. ધાર્મિક માન્યતા મુજબ તેનાથી શરીર અને મનની શુદ્ધિ થાય છે. કેટલાક પ્રદેશોમાં યમદીપદાન કરવાની પરંપરા છે, જેમાં પરિવારના સભ્યોના આરોગ્ય, દીર્ઘાયુષ્ય અને સુખાકારી માટે દીવો પ્રગટાવવામાં આવે છે. ગુજરાતમાં કાળી ચૌદશના દિવસે હનુમાનજીની પૂજા, તેલ અને સિંદૂર અર્પણ કરવાની પરંપરા પણ અનેક સ્થળોએ જોવા મળે છે. ભક્તો હનુમાન ચાલીસાના પાઠ કરીને બળ, બુદ્ધિ અને નિર્ભયતાની પ્રાર્થના કરે છે.

આપણી સંસ્કૃતિમાં કાળી ચૌદશને માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો સીમિત રાખવામાં આવ્યો નથી. તેની પાછળ એક સુંદર જીવનદર્શન પણ છુપાયેલું છે. મનુષ્યના જીવનમાં સૌથી મોટો અંધકાર બહાર નહીં, પરંતુ તેની અંદર રહેલો હોય છે. ક્રોધ, લોભ, મોહ, અહંકાર અને સ્વાર્થ જેવી વૃત્તિઓ વ્યક્તિના વિચારોને અંધકારમય બનાવી દે છે. જ્યારે મનમાં કરુણા, ક્ષમા, પ્રેમ, સહાનુભૂતિ અને પરોપકાર જેવા ગુણોનું આગમન થાય છે, ત્યારે જીવન સાચા અર્થમાં પ્રકાશિત બને છે.

આજના આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીએ માનવજીવનને અનેક સુવિધાઓથી સમૃદ્ધ બનાવ્યું છે, પરંતુ તેની સાથે માનસિક તણાવ, અસહિષ્ણુતા, ઈર્ષ્યા અને સંબંધોમાં અંતર જેવી સમસ્યાઓ પણ વધી રહી છે. આવા સમયમાં કાળી ચૌદશનો પવિત્ર અવસર આપણને આત્મમંથન કરવાની તક આપે છે. આપણે બીજાના જીવનમાંથી અંધકાર દૂર કરવાની વાત કરતાં પહેલાં પોતાના વિચારો અને વર્તનમાં રહેલી નકારાત્મકતાને દૂર કરવાનો સંકલ્પ લેવો જોઈએ.

ધર્મના નામે ફેલાતી અંધશ્રદ્ધા અને ભયથી પણ સાવચેત રહેવું જરૂરી છે. સાચી શ્રદ્ધા ક્યારેય માનવતાથી દૂર લઈ જતી નથી. સાચી ભક્તિ મનમાં શાંતિ, આત્મવિશ્વાસ અને સદાચારનું સિંચન કરે છે. તહેવારોની ઉજવણીમાં સ્વચ્છતા, સંયમ, પર્યાવરણની જાળવણી અને સામાજિક જવાબદારીનું પણ એટલું જ મહત્ત્વ છે.

કાળી ચૌદશ આપણને એક સુંદર સંદેશ આપે છે કે અંધકારને ગાળો આપવાથી પ્રકાશનું સર્જન થતું નથી, પરંતુ એક નાનકડો દીવો પ્રગટાવવાથી પણ અંધકાર દૂર થઈ શકે છે. તેવી જ રીતે જીવનમાં કોઈની નિંદા કરવાને બદલે સારા વિચારો અપનાવીએ, કોઈને દુઃખ પહોંચાડવાને બદલે સહાનુભૂતિ દાખવીએ અને દ્વેષને બદલે પ્રેમનું વાવેતર કરીએ તો સમાજ વધુ સુંદર બની શકે છે.

આમ, કાળી ચૌદશ માત્ર એક ધાર્મિક તિથિ કે પરંપરાગત ઉજવણી નથી, પરંતુ પોતાના અંતરમાં ડોકિયું કરીને દુર્ગુણોનો ત્યાગ કરવાનો અને સદ્ગુણોનો સ્વીકાર કરવાનો પવિત્ર અવસર છે. ભયને નહીં, ભક્તિને; અંધશ્રદ્ધાને નહીં, સમજણને અને નકારાત્મકતાને નહીં, સકારાત્મકતાને જીવનમાં સ્થાન આપીએ. કારણ કે સાચો પ્રકાશ દીવામાં નહીં, પરંતુ મનુષ્યના નિર્મળ મન અને નિષ્કપટ હૃદયમાં પ્રગટે છે.

સૌને કાળી ચૌદશની હાર્દિક શુભકામનાઓ!

રૂપેશ સોલંકી, ભચાઉ, કચ્છ

બેંગકોકથી પુણે એરપોર્ટ પર ઉતર્યો કરોડોનું ડ્રગ્સ લઈને પેસેન્જર:

કસ્ટમ વિભાગના દરોડામાં 10.64 કિલો હાઇડ્રોપોનિક ગાંજા સાથે ભારતીય નાગરિક ઝડપાયો, આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે 3.72 કરોડ રૂપિયા

અમદાવાદ/પુણે: દેશના યુવાધન અને સુરક્ષાને ખોખલી કરી રહેલા ડ્રગ્સ માફિયાઓ અને આંતરરાષ્ટ્રીય દાણચોરો સામે કસ્ટમ વિભાગે લાલ આંખ કરી છે. મહારાષ્ટ્રના પુણે ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ વિભાગ દ્વારા અત્યાર સુધીની સૌથી મોટી અને ચોંકાવનારી કાર્યવાહી કરવામાં આવી છે. વિદેશથી દેશમાં ડ્રગ્સ ઘુસાડવાના એક મોટા રેકેટનો પર્દાફાશ કરતા કસ્ટમ વિભાગે બેંગકોકથી ફ્લાઇટ દ્વારા પુણે આવેલા એક ભારતીય પ્રવાસી પાસેથી અતિશય નશાકારક અને મોંઘો એવા ૧૦.૬૪૨ કિલોગ્રામ હાઇડ્રોપોનિક ગાંજો ઝડપી પાડ્યો છે. પકડાયેલા આ જથ્થાની આંતરરાષ્ટ્રીય કિંમત આશરે ૩.૭૨ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓમાં પણ હચમચ મચી ગઈ છે.



પર કસ્ટમ વિભાગના અધિકારીઓ મુસાફરોની ચકાસણી કરી રહ્યા હતા તે દરમિયાન બેંગકોકથી

મળતી વિગતો મુજબ, પુણે ઈન્ટરનેશનલ એરપોર્ટ આવેલ એક ભારતીય પેસેન્જરની શંકાસ્પદ ગતિવિધિઓ અને તેના સામાન પર અધિકારીઓની નજર પડી હતી. કસ્ટમ અધિકારીઓએ કડક તપાસ હાથ ધરીને તેના લગેજની તલાશી લેતા અંદરથી ઉચ્ચ ગુણવત્તાવાળો અને વિદેશી ગંધવાળો હાઇડ્રોપોનિક ગાંજો મોટા જથ્થામાં મળી આવ્યો હતો. આ પ્રકારનો હાઇડ્રોપોનિક ગાંજો સામાન્ય ગાંજા કરતાં અનેકગણો વધુ નશાકારક અને મોંઘો હોય છે, જેની માંગ મોટા શહેરોના હાઇપ્રોફાઇલ પાર્ટી વર્તુળોમાં ખૂબ જ વધારે રહે છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય ડ્રગ સિન્ડિકેટ દ્વારા બેંગકોક જેવા દેશોમાંથી આ નશો ભારતમાં ઘુસાડવા માટે નવા-નવા પેસેન્જરોનો કુરિયર તરીકે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કસ્ટમ વિભાગે આ મામલે ત્વરિત કાર્યવાહી કરીને પકડાયેલા આરોપી ભારતીય પ્રવાસી વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સ (NDPS) એક્ટની ગંભીર કલમો હેઠળ ધરપકડ કરી લીધી છે. આરોપી આ ડ્રગ્સનો જથ્થો કોને પહોંચાડવાનો હતો અને આ આંતરરાષ્ટ્રીય રેકેટની જાળ ક્યાં ક્યાં ફેલાયેલી છે? તે અંગે કસ્ટમ અને પોલીસ વિભાગ દ્વારા ઊંડાણપૂર્વક પૂછપરછ અને તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. શું આ ડ્રગ્સ માફિયાઓ પાછળ કોઈ મોટું નામ સંકળાયેલું છે? એરપોર્ટની સુરક્ષા ભેદીને આટલો મોટો જથ્થો બહાર લાવવાનું કાવતરું કોનું હતું? તે તમામ દિશાઓમાં તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર દેશ અને રાજ્યની સુરક્ષાને નુકસાન પહોંચાડતા આવા ડ્રગ્સના સોદાગરો અને કૌભાંડોનો પર્દાફાશ કરતું રહેશે અને યુવાધનને બરબાદ કરતા આ કારોબાર સામે અવાજ ઉઠાવતો રહેશે.

કર્મભૂમિ એક્સપ્રેસમાં ભયાનક આગ: ચાર જનરલ કોચ ભડભડ સળગ્યા,

જાન બચાવવા મુસાફરો ચાલુ ટ્રેને કૂદ્યા, રાજપુરા નજીક મોટી હોનારત ટળી

અમૃતસર તરફ જઈ રહેલી કર્મભૂમિ એક્સપ્રેસ ટ્રેનમાં શુક્રવારે બપોરે એક અત્યંત ચોંકાવનારી અને ભયાનક દુર્ઘટના સામે આવી છે. ટ્રેન જ્યારે પંજાબના રાજપુરા નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક તેના ચાર જનરલ કોચમાં વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓએ બોગીઓને લપેટમાં લઈ લેતા મુસાફરોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી. મુસાફરોથી ખચાખચ ભરેલા જનરલ ડબ્બાઓમાં અચાનક ધુમાડો ભરાઈ જતાં લોકોના શ્વાસ રૂંધાવા લાગ્યા હતા. ચીસાચીસ અને ભયના માહોલ વચ્ચે પોતાના પ્રાણ બચાવવા માટે અનેક મુસાફરોએ કશું પણ વિચાર્યા વગર ચાલુ ટ્રેને જ નીચે કૂદકા મારવાનું શરૂ કરી દીધું હતું. આ દ્રશ્ય જોઈને આસપાસના વિસ્તારમાં સન્નાટો વ્યાપી ગયો હતો અને ટ્રેનમાં મુસાફરી કરી રહેલા લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ રેલવે શાસન, સ્થાનિક પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફાયર ફાઇટરોએ ભારે જહમત બાદ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો, જ્યારે રેલવે કર્મચારીઓ અને પોલીસે બચાવ કામગીરી હાથ ધરીને તમામ મુસાફરોને સુરક્ષિત બહાર કાઢવાની કામગીરી ઝડપી બનાવી હતી. રેલવેના ઉચ્ચ અધિકારીઓ પાસેથી મળતી અધિકૃત માહિતી મુજબ, આટલી મોટી અને ભયાનક દુર્ઘટના સર્જાઈ હોવા છતાં સદનસીબે કોઈ મુસાફરનું મૃત્યુ થયું નથી કે કોઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું નથી. તમામ મુસાફરોનો આબાદ બચાવ થતાં રેલવે પ્રશાસન અને સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. હાલમાં રેલવે વિભાગ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણો જાણવા માટે ટેકનિકલ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી કે પછી અન્ય કોઈ કારણસર, તે દિશામાં નિષ્ણાતોની ટીમ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ઝારખંડ- ટ્રેલરે 9 લોકોને કચડી નાખ્યા, 7નાં મોત

રસ્તાની સાઇડમાં ઊભા હતા; મૃતકોમાં 3 બાળકો, એક પરિવારની માતા-દીકરી-પૌત્રનું પણ મોત


ઝારખંડના ખૂંટી જિલ્લામાં મોટો અકસ્માત થયો. જિલ્લાના કર્રામાં ગુરુવારે મોડી રાત્રે થયેલા માર્ગ અકસ્માતમાં સાત લોકોનાં મોત થયા છે. તેમાં ત્રણ મહિલાઓ અને ચાર બાળકો સામેલ છે. એક વ્યક્તિ ઘાયલ છે. મૃતકોમાં એક જ પરિવારના ચાર લોકો છે. અકસ્માતમાં બિરસા નાયકની માતા, પુત્રી અને ભાણેજનું મોત થયું છે. જ્યારે બીજા પરિવારના ચાર લોકો- રાજેશની માતા, પત્ની અને બે પુત્રીઓનાં મોત થયાં છે. આ દરમિયાન, સવારે લોકોએ વળતરની માંગણી સાથે રસ્તો જામ કરી દીધો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, કોશાંબી કોલોની પાસે એક સ્કૂટીચાલક નિયંત્રણ ગુમાવીને ઝાડીમાં ઘૂસી ગયો. અવાજ સાંભળીને આસપાસના લોકો બહાર આવ્યા. કેટલાક લોકો ઝાડીમાં ફસાયેલા યુવકને બહાર કાઢી રહ્યા હતા. તે સમયે મહિલાઓ અને બાળકો રસ્તા પર ઊભા હતા. આ દરમિયાન તોરપાની તરફથી આવી રહેલા ઝડપી ટ્રેલરે સૌને કચડી નાખ્યા. અકસ્માત બાદ ટ્રેલર છોડીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો.

જાહેરાત માટે
ટ્યુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટ્યુકડી જાહેરાત
વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ
જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ
સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત ચાદી
સમાચાર
સમાચાર
સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા
તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ
વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર
સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન
સુંદર અને પ્રોફેશનલ લુક

પાક્કો ગુજરાત
શનિવાર । 07 નવેમ્બર 2026 । અમદાવાદ

ઓડદર ગામે પત્નીના નામે બોગસ ખેડૂત ખાતેદાર બની જમીન ખરીદવાનો પોરબંદર પોલીસનો પર્દાફાશ

છેલ્લાણા ગેંગના ગેંગ લીડર રમેશ ભીખા છેલાણા સામે કડક કાર્યવાહી : ટુકડા(ગોસા) સહિત ત્રણ જગ્યાની કુલ 37,391 ચોરસ મીટર જમીન સરકાર હસ્તક કરાવી



ગોસા (ઘેડ), વિરમભાઇ કે. આગઠ

પોરબંદર જિલ્લામાં જમીન ખરીદીમાં બોગસ ખેડૂત ખાતેદાર બનવાના ગંભીર કૌભાંડનો પોરબંદર જિલ્લા પોલીસે પર્દાફાશ કર્યો છે.પોરબંદર ના ઓડદર ગામેના છેલ્લાણા ગેંગના ગેંગ લીડર રમેશ ભીખાભાઈ છેલાણાએ પોતાની પત્નીના નામે બોગસ ખેડૂત ખાતેદાર બનાવી પોરબંદર તાલુકાના ચિકાસા અને ટુકડા(ગોસા) ગામે જમીનો ખરીદી હોવાની બાબત પોલીસ તપાસમાં સામે આવતાં તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણમાં કુલ સાડા ત્રેવીસ વીઘા એટલે કે ૩૭,૩૯૧ ચોરસ મીટર જમીન સરકાર હસ્તક કરાવવામાં આવી છે અને રૂ.૮૪,૨૮,૩૧૪નો દંડ ફટકારવામાં આવ્યો હોવાનું પોરબંદર જિલ્લા પોલીસની અખબારી યાદીમાં જણાવાયું છે.

પોલીસની વિગતો મુજબ, હાર્બર મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન આ જમીન કૌભાંડ સામે આવ્યું હતું. હાર્બર મરીન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૮૨૩૦૪૧૭/૨૦૨૩ ગુજસીટોક એક્ટની કલમ-૩(૧)ની પેટા (૨), ૩(૨), ૩(૪) તથા I.P.C. ક-૩૦૭, વિ. મુજબનો ગુન્હો રજી. થયેલ જેમાં ફરીયાદી દાસાભાઈ ભીખાભાઈ છેલાણા ઉ.વ.૪૦ રહે. ઓડદર ગામ રબારી કેડા મોમાઈ માતાના મઢ પાસે તા.જી. પોરબંદર તથા આરોપી તરીકે (૧) રમેશ ભીખાભાઈ છેલાણા (૨) કાના રાણાભાઈ છેલાણા (૩) બધાભાઈ ભીખાભાઈ છેલાણા (૪) રામા ઉર્ફે આલા બધાભાઈ છેલાણા (૫) ભાવેશ ઉર્ફે ભાયા બધાભાઈ છેલાણા (૬) ધીરૂ ભિખા છેલાણા (૭) બાવન રાણા છેલાણા (૮)મયુર ધાના કોડીયાતર (૯) સરમણ ખીમા છેલાણા (૧૦) ભાવેશ દેવાયત કોડીયાતર રહે. નં.૧ થી ૫, તથા ૭, ૯ ઓડદર ગામ તથા નં.૬ ઈન્દીરાનગર, પોરબંદર તથા નં.૮, ૧૦ રાણાવાવ વાળાઓ છે. આ ગુન્હાની તપાસ ઋતુ રાબા, નાયબ પોલીસ અધિક્ષક, ઈન્ચાર્જ પોરબંદર શહેર વિભાગ નાઓને સોંપવામાં આવેલ. તત્કાલીન જુનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેષ જાજડીયા (I.P.S.) તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ (I.P.S.) દ્વારા સદરહુ ગુન્હાની ઉંડાણપુર્વક તપાસ કરી આરોપીઓ દ્વારા પોતાના નામે અથવા પોતાના પરીવારના સભ્યોના નામે વસાવવામાં આવેલ મિલકતો અંગે ઘનીષ્ઠ તપાસ કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપતા ઉપરોક્ત ગુન્હાની તપાસ દરમ્યાન ગેંગ લીડર રમેશ ભીખા છેલાણાએ પોતાની પત્નિ રૂપીબેન ડો/ઓ સુકા રામદેભાઈ ઓડેદરા ખાતેદાર ખેડુત નહિ હોવા છતાં તેમના નામે ચિકાસા ગામે સર્વે નં.૨૩૫ (બિનપીયત) ક્ષેત્રફળ- ૫૦૬ ચો.મી.રૂ ૨.૩૯.૮૪૪/- તથા ટુકડા (ગોસા) ગામે સર્વે નં.૬૨૪ (પીયત)ક્ષેત્રફળ ૧૮૬૫૯ રૂ. ૪૧,૪૨,૨૯૮/- અને બીજી સર્વે નં.૬૨૫ (પીયત) ક્ષેત્રફળ ૧૮૨૨૬ રૂ. ૪૦,૪૬, ૧૭૨/- ની જમીન ખરીદ કરેલ હોવાનું ધ્યાને આવતા આ કામે તા.૦૩/૦૩/૨૦૨૪ ના રોજ સબ.ડીવી. મેજી. પોરબંદરનાઓ ને પત્ર પાઠવતા તેઓએ આ કામે જરૂરી તપાસ કરી કલેક્ટર સાહેબ પોરબંદરને સાદર કરતા કલેક્ટર દ્વારા આ કામે સૌરાષ્ટ્ર ઘરખેડ અધિનીયમ હેઠળ કેસ ચલાવી રૂપીબેન વા/ઓ રમેશ ભિખાભાઈ છેલાણા ડો/ઓ સુકા રામદેભાઈ ઓડેદરાને ઉપરોક્ત જમીનમાંથી હાંકી કાઢી કુલ જમીન-સાડા ત્રેવીસ વીઘા (ક્ષેત્રફળ-૩૭૩૯૧ ચો. મી.) ની શ્રી સરકાર કરી પ્રવર્તમાન જંત્રીના ત્રણ ગણા લેખે રૂ.૮૪,૨૮,૩૧૪/-નો દંડ કરવામાં આવેલ છે.

આ સમગ્ર કામગીરી કરનારમાં નાયબ પોલીસ અધિક્ષક ઋતુ રાબા સહિત પોલીસ અધિકારી ઓ અને કર્મચારીઓએ કામગીરી કરી હતી.

ફાયર વિભાગની સાહસિક કામગીરી

અમિયાપુર-અડાલજ કેનાલ પર યુવકનો આત્મહત્યાનો પ્રયાસ નિષ્ફળ

ગાંધીનગર

ગાંધીનગરના અમિયાપુર-અડાલજ કેનાલમાં મોતની છલાંગ લગાવાની તૈયારીઓ કરી રહેલા એક યુવકને ગાંધીનગર ફાયર બ્રિગેડનાં જવાનોએ પોતાની જાનના જોખમે બચાવી લીધો છે. આ રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન યુવક અને ફાયર જવાનો વચ્ચે થયેલી ઝપાઝપીમાં ત્રણ જવાનો ઈજાગ્રસ્ત થયા હોવા છતાં તેમણે પોતાની ફરજમાંથી પીછેહઠ ન કરી યુવકનો જીવ બચાવી લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, અમિયાપુર અડાલજ કેનાલ ખાતે એક યુવક પોતાના જીવનનો અંત લાવવાના ઈરાદા સાથે કેનાલ પાસે પહોંચ્યો હતો અને આપઘાત કરવાની તૈયારી કરી રહ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર મહાનગરપાલિકા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી.

ફાયરના જવાનોએ શરીરે દોરડા બાંધીને કેનાલની લપસણી દિવાલ ઉતરવાનું પ્લાનિંગ કર્યું હતું.કેમકે યુવકને સહેજ પણ અંદાજો આવી જાય તો તે કેનાલમાં છલાંગ લગાવી લે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. બાદમાં ફાયર જવાનોએ કાળજીપૂર્વક સ્થિતિ પર નજર રાખી સમયસૂચકતા દાખવીને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી.

જોકે કેનાલના કિનારે પહોંચેલા યુવકને સમજાવવા અને સુરક્ષિત રીતે બહાર કાઢવા જતાં મામલો તંગ બન્યો હતો. અને આપઘાત કરવાના મક્કમ ઇરાદે યુવકે ફાયર જવાનો સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. યુવકના આક્રમક વર્તનને કારણે બચાવ કામગીરી અત્યંત જોખમી બની ગઈ હતી. અને બધા કેનાલમાં પડ્યા હતા.

આમ છતાં ફાયરના જવાનોએ સાહસ અને ધૈર્ય દાખવીને કેનાલના ધસમસતા પાણીના પ્રવાહમાં જ યુવકને અંકુશમાં લેવાનો પ્રયાસો ચાલુ રાખ્યા હતા. આ દરમિયાન ફાયરના ત્રણ ફાયરમેનને પગે અને શરીરે ઈજાઓ પહોંચી હતી. જોકે ફાયર જવાનોએ ઈજાઓ અને પીડાની પરવા કર્યા વગર યુવકને આખરે ભારે જહેમત બાદ સહીસલામત રીતે પકડીને કેનાલની બહાર કાઢી લીધો હતો.

ત્યારબાદ આ યુવકને સ્થાનિક પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.પોલીસ તપાસ દરમિયાન આપઘાત કરવા માટે કેનાલ સુધી પહોંચેલા આ યુવકની ઉંમર 20 વર્ષની છે અને હાલ તે નંદાસણ ખાતે રહે છે.

દીપાવલીની ખરીદીમાં મશગૂલ મહિલાઓ સાવધાન!

બાળકો અને કિંમતી ચીજ વસ્તુઓનું ધ્યાન રાખવા મહિલા પોલીસની અનોખી પહેલ

ગોસા (ઘેડ), વિરમભાઇ કે. આગઠ

દીપાવલીના તહેવારને ધ્યાનમાં રાખીને બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે. ખાસ કરીને મહિલાઓ ખરીદીમાં મશગૂલ બની જાય છે ત્યારે અજાણતાં પોતાનાં બાળકો તેમજ કિંમતી ચીજવસ્તુઓની સુરક્ષા પ્રત્યે બેદરકાર બની જતી હોય છે. આવી પરિસ્થિતિમાં મહિલાઓને સાવચેત અને જાગૃત કરવા પોરબંદર મહિલા પોલીસ સ્ટેશન દ્વારા અનોખી જનજાગૃતિ પહેલ કરવામાં આવી છે. પોરબંદર મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. રામ તથા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા બજારમાં ખરીદી કરતી મહિલાઓને જાગૃત કરવાના હેતુથી એક વિશેષ રીલ તૈયાર કરવામાં આવી છે. જેમાં દર્શાવવામાં આવ્યું છે કે મહિલાઓ ખરીદીમાં એટલી મશગૂલ બની જાય છે કે તેમની સાથે રહેલું બાળક ક્યાં ગયું તેની પણ જાણ રહેતી નથી. એટલું જ નહીં, કોઈ વ્યક્તિ તેમના પર્સમાંથી



પૈસા કાઢી લે તો પણ તેમને જાણ થતી નથી. આ પ્રતીકાત્મક દૃશ્યોના માધ્યમથી પોલીસ દ્વારા મહિલાઓને સમજાવવામાં આવ્યું છે કે તહેવારોની ખરીદી દરમિયાન બજારમાં થતી ભીડનો લાભ ઉઠાવી તસ્કરો અને અસામાજિક તત્ત્વો સક્રિય થઈ શકે છે. તેથી ખરીદી કરતી વખતે બાળકોને પોતાની નજર સમક્ષ રાખવા, પર્સ અને મોબાઈલ ફોનની સુરક્ષા જાળવવા તેમજ અજાણી વ્યક્તિઓથી સાવચેત રહેવું અત્યંત જરૂરી છે. મહિલા પોલીસની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ દીપાવલીનો તહેવાર આનંદ અને ઉત્સાહ સાથે ઉજવાય તેમજ કોઈ પરિવારને બાળક ગુમ થવાની કે ચોરી જેવી દુર્ભાગ્યપૂર્ણ ઘટનાનો સામનો ન કરવો પડે તેવો છે. તહેવારની ખુશીમાં સુરક્ષાને ન ભૂલશો, બાળકો અને કિંમતી ચીજવસ્તુઓનું ખાસ ધ્યાન રાખશો. પોરબંદર જિલ્લા પોલીસ દ્વારા તમામ નાગરિકોને સુરક્ષિત અને આનંદમય દિવાળી પસાર કરો તથા નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

સાધલી પંચાયતના આશરે રૂપિયા 12 લાખની ઉચાપતના આરોપી નિતીન જેઠાણીને જામીન પર મુક્ત કરાયા

સાધલી, હસમુખ પટેલ

કરજણ ના ચોથા એડિશનલ સેશન્સ કોર્ટ ના જજ એમ.બી. કોટક દ્વારા સાધલી ગ્રામ પંચાયતમાંથી રૂપિયા 12 લાખની ઉચાપત ના આરોપી તલાટી નીતિન મુકેશ જેતાણીને શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ કરેલ છે. શિનોર પોલીસ સ્ટેશનમાં અગાઉ આઈપીસી કલમ 409 અને 114 હેઠળ આશરે રૂપિયા 12 લાખની ઉચાપત નો તલાટી કમ મંત્રી નીતિન મુકેશ જેતાની સામે ગુનો નોંધાયો હતો. અને તેઓની અટકાયત પછી છેલ્લા ત્રણ મહિનાથી કસ્ટડીમાં હતા. તેઓના વકીલ આર આર જેતાની દ્વારા ચોથી એડિશનલ સેશન્સ કોર્ટ વડોદરા કરજણ મુકામે જામીન અરજી રજૂ કરવામાં આવી હતી, તેઓની દલીલો જેમાં ત્રણ માસથી ન્યાયીક કસ્ટડીમાં છે ,ચાર્જ સીટ દાખલ થઈ ગઈ છે, અગાઉ કોઈપણ ગુનાહિત ઈતિહાસ નથી અને કોર્ટ ફરમાવે તે રૂપિયા ભરવા સંમત છે. નામદાર અદાલતે ગુનાની પ્રકૃતિ કેસ દસ્તાવેજી પુરાવા પર આધારિત કોઈ ગુનાહિત ઈતિહાસ નથી જેથી જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે તે ધ્યાનમાં રાખીને શરતો પર જામીન પર મુક્ત કરવાનો હુકમ કરે છે.

પાક્કો ગુજરાત ન્યૂઝની ધારદાર રજૂઆતની મોટી અસર

SVP હોસ્પિટલમાં ચોરી કરનારા રેસિડન્ટ ડૉક્ટરો સામે આખરે કડક પગલાં

6 મહિનાથી આંખ આડા કાન કરનારા ડીનને ફટકારાઈ શૉ-કોઝ નોટિસ

અમદાવાદ

ચોરી કે અપરાધ આચરનારાઓમાં ભણેલો કે અભણ, ડૉક્ટર કે સામાન્ય કર્મચારી જેવો કોઈ ભેદ હોતો નથી. ગુનો કરનાર વ્યક્તિ આખરે ગુનેગાર જ કહેવાય. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સંચાલિત અને શહેરની મોભાદાર ગણાતી SVP હોસ્પિટલમાં પવિત્ર તબીબી વ્યવસાયને લાંછન લગાવતી એક અત્યંત શરમજનક ઘટના સામે આવી છે. દર્દીઓની સેવા અને સારવાર માટે જેમને ભગવાનનો દરજ્જો આપવામાં આવે છે, તેવા તબીબોની આવી કાળી કરતૂતે આ ક્ષેત્રના પ્રામાણિક, સેવાભાવી અને નિષ્ઠાવાન ડૉક્ટરોના માથાં પણ શરમથી ઝુકાવી દીધાં છે. પરંતુ સૌથી મોટો સવાલ એ હતો કે આટલો ગંભીર મામલો સામે આવ્યા પછી પણ તંત્ર કુંભકર્ણની નિદ્રામાં પોઢી રહ્યું હતું. તપાસમાં ૬ મહિના પહેલાં જ કસૂરવાર પુરવાર થઈ ચૂકેલા રેસિડન્ટ ડૉક્ટરો સામે કોઈ કડક પગલાં લેવામાં આવતા ન હતા અને સમગ્ર મામલા પર પડદો પાડવાનો પ્રયાસ થઈ રહ્યો હતો. અંતે 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા આ કૌભાંડ અને તંત્રની લાલિયાવાડી સામે ધારદાર અને જોરદાર રીતે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. પાક્કો ગુજરાત ન્યૂઝના આ પર્દાફાશની એટલી મોટો ધડાકો થયો કે મ્યુનિસિપલ તંત્ર હરકતમાં આવવા મજબૂર બન્યું છે. અમારી અહેવાલની સીધી અસરના પરિણામે, કસૂરવાર પુરવાર થયેલા રેસિડન્ટ ડૉક્ટરો સામે આખરે કડક કાનૂની અને ખાતાકીય પગલાં લેવાનું નક્કી કરી લેવામાં આવ્યું છે. આ સાથે જ, ૬-૬ મહિનાથી આટલી ગંભીર ઘટનાથી 'અજાણ' બનીને બેઠેલા અને કસૂરવારો સામે કોઈ કાર્યવાહી ન કરીને ખુલ્લેઆમ આંખ આડા કાન કરનારા SVP હોસ્પિટલના ડીનને પણ AMC તંત્ર દ્વારા કારણદર્શક (શૉ-કોઝ) નોટિસ ફટકારી દેવામાં આવી છે. ઉચ્ચ કક્ષાએથી પૂછવામાં આવ્યું છે કે આટલી મોટી ગેરરીતિ અને ચોરીના મામલે આટલા મહિનાઓ સુધી રહસ્યમય મૌન કેમ સેવવામાં આવ્યું?

નાના કરાળા બ્રાહ્મણ ફળિયામાં

બંધ મકાનનો નકુચો કાપી તસ્કરોએ 3.79.000 લાખના દાગીના-રોકડ રકમ ની તસ્કર કરી પલાયન

ગાંધીનગર

નાના કરાળા મેહુલ જોશીના બંધ મકાનમાં નકુચો કાપી ઘરમાં પ્રવેશે તિજોરી ના લોક તોડી (1) ચાંદીના સિક્કા નં 15 તથા (૨) ચાંદીની નાની ગાયો નં ૧૫ મળી આશરે કુલ વજન 400 ગ્રામ જેની કિંમત 40,000 (૩) કુલ રૂપિયા ૧.૬૪.૦૦૦ તથા (૪) સોનાનું મંગલસૂત્ર નંગ બે વજન 16 ગ્રામ જેની કિંમત રૂપિયા 1.70.000 (૫) સોનાનો ઢોળ ચઢાવેલ માતાજીની મૂર્તિ આશરે કિંમત 5000 મળી એમ કુલ રૂપિયા ૩.૩૮.૦૦૦/-ની ચોરી કરી તસ્કરો ફરાર. તીર્થધામ ચાણોદ પાસે આવેલ ડભોઈ માર્ગ પર આવેલ



શિનોર તાલુકાનું સરહદી ગામ નાના કરારા ચાણોદ થી પાંચ થી છ કિલોમીટર અંતરે મુખ્ય માર્ગ પર આવેલ છે. નાના કરાળા ગામ ખાતે નવરાત્રિના સમયગાળામાં તારીખ ૧૬-૧૦ થી ૧૭-૧૦ ની તારીખ ના સમયગાળામાં રાત્રિના આઠે સવારે 6 ના સમયગાળામાં નિશાચરો રાત્રિના અંધકારમાં બ્રાહ્મણ ફળિયા માં મેહુલ નંદકિશોર જોશી ના બંધ મકાનમાં તસ્કરો નકુચો તોડી ઘરમાં પ્રવેશી પાછલા રૂમમાં પ્રવેશી તિજોરી નું તાળું તોડી લૂંટ ચલાવી હતી.

મેહુલભાઈ જોશી એ આપેલ ફરિયાદ મુજબ તેઓ તેમના ભાઈ સાથે સંયુક્ત કુટુંબમાં રહેતા હોય તેમનું વડોદરા ખાતે પણ મકાન હોય જેથી નવરાત્રિ માં તેઓ ભાઈ પરિવાર સાથે તારીખ 1૫ ૧૦-૨૬ ના રોજ વડોદરા સાંજે 7 ના સમયગાળામાં મકાન બંધ કરી દરવાજા લોક કરી ગયેલ હતા તારીખ 17 ના રોજ સવારે છ ના સમયગાળામાં અમારે ત્યાં ફોન આવેલો કેમ તમારા ઘરનો દરવાજો ખુલ્લો છે ઘરમાં ચોરી થયેલ હોય તેમ જણાવેલ જેથી હું તેમજ મારો નાનો ભાઈ સૌરભ પત્ની સહિત વડોદરા થી નાના કરાળા આવેલ . અમે આવીને જોયું તો અમારા ઘરનો નકશો કાપેલ હતો જે દરવાજો ખોલીને જોયા પાછળની રૂમમાં આવેલ તિજોરીમાં મુકેલ સર સામાન વેરવિખેર પડેલ હતા.

સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત અને સ્માર્ટ સિટી અમદાવાદના ધજાગરા: વટવા આવાસ યોજનામાં ગંદકીનું સામ્રાજ્ય

કામ કર્યા વગર ખોટી સહીઓ કરાવતા AMC ના ભ્રષ્ટ અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે સ્થાનિકોનો ઉગ્ર આક્રોશ, ચૂંટણીમાં નેતાઓને ચંપલનો હાર પહેરાવવાની આપી ચીમકી

અમદાવાદ

રાજ્ય સરકાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા 'સ્વચ્છ ભારત, સ્વચ્છ ગુજરાત અને સ્માર્ટ સિટી અમદાવાદ'ના નામે કરવામાં આવતા કરોડો રૂપિયાના ગુલબાંગો અને મોહક દાવાઓના ખુલ્લેઆમ ધજાગરા ઊડી રહ્યા છે. શહેરના વટવા વિસ્તારમાં આવેલી વટવા આવાસ યોજનાના સદભાવના નગર, બ્લોક નંબર ૧૯, જોગણી માતાજીના મંદિર પાસે, ટંકશાળની સામે અને વટવા પોલીસ ચોકીની બરાબર પાછળના વિસ્તારમાં ચારેય તરફ ગંદકીનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. દિન-પ્રતિદિન ખડકાતા કચરાના ઢગલા અને ઉભરાતી ગટરોના લીધે નાના બાળકો અને વૃદ્ધો ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે. સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે વટવા વોર્ડની AMC ઓફિસ ખાતે સફાઈ અને ગંદકીના નિકાલ માટે અનેકવાર લેખિત અરજીઓ કરવા છતાં જવાબદાર અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો, સ્થાનિક કોર્પોરેટરો કે ધારાસભ્યના પેટનું પાણી સુદ્ધાં હલતું નથી. પ્રજાને માત્ર ધક્કા અને ખોટા વાયદાઓ જ આપવામાં આવે છે. એટલું જ નહીં, વટવા વોર્ડના અધિકારીઓ અને સફાઈ કામદારો દ્વારા એક શરમજનક કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. કામ કર્યા વગર જ અરજદારો પાસે બળજબરીથી સહીઓ કરાવી લેવામાં આવે છે કે 'કામ થઈ ગયું છે' જેથી ઉપલા અધિકારીઓને કાગળ પર કામ બતાવીને બિલ પાસ કરાવી શકાય! જ્યારે સ્થાનિકો સાફ-સફાઈનું પૂછે ત્યારે અધિકારીઓ અને મજૂરો મોઢા પર કહી દે છે કે 'આ સાફ-સફાઈ અમારામાં નથી આવતી!'

સ્થાનિક રહીશોએ ભારે આક્રોશ સાથે સવાલ ઉઠાવ્યો છે કે જો તંત્ર અને નેતાઓ ગંદકી દૂર કરવાની સત્તા કે દાનત ધરાવતા ન હોય, તો સ્માર્ટ સિટીની મોટી મોટી વાતો બંધ કરીને વટવા ગામમાં આવેલી AMC વોર્ડ ઓફિસને તાળાં મારીને ઘરે બેસી જાય! માત્ર ચૂંટણીઓ આવે ત્યારે જ વોટ ભીખ માંગવા આવતા નેતાઓ અને કોર્પોરેટરો કુંભકર્ણની નિદ્રામાંથી જાગતા નથી. વટવા આવાસ યોજનાના રહીશોએ સીધો સણસણતો એલ્ટીમેટમ આપ્યો છે કે જો આ ગંદકીના લીધે કોઈ મોટો રોગચાળો ફેલાશે કે જાનહાની થશે, તો તેની પૂરેપૂરી જવાબદારી AMC ના ભ્રષ્ટ અધિકારીઓ, કોન્ટ્રાક્ટરો અને સ્થાનિક નેતાઓની રહેશે.

આગામી દિવસોમાં જો ચૂંટણી ટાણે આ નેતાઓ વોટ માંગવા માટે આવાસ યોજનામાં પગ મૂકશે, તો તેમનું ફુલહારથી નહીં પણ ચંપલનો હાર પહેરાવીને સરેઆમ અપમાન કરીને હાંકી કાઢવામાં આવશે.

દિવાળીની ઉજવણી માટે ભરૂચ જિ. જેલના ત્રણ કેદીઓને 15 દિવસની પેરોલ રજા મળી

ભરૂચ

દિવાળીના તહેવાર નિમિત્તે ભરૂચ જિલ્લા જેલમાં સજા ભોગવી રહેલા ત્રણ પાકા કામના કેદીઓને પરિવાર સાથે તહેવારની ઉજવણી કરવાની તક મળી છે. રાજ્ય સરકારની જોગવાઈ અંતર્ગત ત્રણેય કેદીઓને 15 દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટના હુકમ અનુસાર ગતરોજ તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા કેદીઓના કલ્યાણ અને સામાજિક પુનઃસ્થાપનના હેતુથી મહિલા કેદીઓ તેમજ 60 વર્ષ કે તેથી વધુ વયના પુરુષ કેદીઓને નિયમો અને શરતોને આધીન 15 દિવસની પેરોલ રજા આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ હેઠળ ભરૂચ જિલ્લા જેલના ત્રણ કેદીઓને પેરોલનો લાભ મળ્યો છે.

ત્રણેય કેદીઓને પેરોલ પર મુક્ત કરવામાં આવ્યા તે પ્રસંગે જેલના ઈન્ચાર્જ અધિક્ષક એન.પી. રાઠોડ તેમને દિવાળી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. સાથે જ પેરોલ દરમિયાન નિયત નિયમો અને શરતોનું ચુસ્તપણે પાલન કરવા સૂચના આપી હતી.

કાળીચૌદશે રાજ્યનાં 1113 નગરોનાં સ્મશાનોમાં વિજ્ઞાન જાથાના કાર્યક્રમો યોજાશે, મેલીવિધાની નનામીને અપાશે અગ્નિદાહ

અમદાવાદ

આજે કાળીચૌદશ નિમિત્તે ભારત જન વિજ્ઞાન જાથા દ્વારા રાજ્યનાં 1113 નાના-મોટા નગરોનાં સ્મશાનોમાં એક કલાકના વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કાળીચૌદશને અશુભ અને ભયાનક દિવસ માનવાની માન્યતાઓનો વિરોધ કરી મેલીવિદ્યા, ભૂત-પ્રેત અને અંધશ્રદ્ધા સામે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે. આ કાર્યક્રમોમાં મેલીવિદ્યાની નનામીને અગ્નિદાહ, ભૂત-પ્રેતનું સરઘસ, સ્મશાનના ખાટલે ચા-નાસ્તો અને વડા-ભજીયાં આરોગવા સહિતના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

જાથાના ચેરમેન અને એડવોકેટ જયંત પંડ્યાના જણાવ્યા અનુસાર, જાથા છેલ્લા 33 વર્ષથી સ્મશાનોમાં આવા કાર્યક્રમો યોજે છે. કાળીચૌદશના નામે ફેલાયેલી ભયજનક માન્યતાઓ, કુરિવાજો અને અંધશ્રદ્ધા દૂર કરવાનો આ પ્રયાસ છે. કુંડાળાની પ્રથા, અનાજ અને પાણીનો બગાડ તેમજ મેલીવિદ્યાના નામે લોકોને ડરાવવાની પ્રવૃત્તિ બંધ કરવા લોકોને અપીલ કરવામાં આવી રહી છે. કાર્યક્રમો દરમિયાન વિશેષ પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવી રહ્યો છે. તરઘડી ગામે આજે રાત્રે 8 વાગ્યે પંચાયત ચોકથી ભૂત-પ્રેત અને મશાલ સરઘસ નીકળશે. મહિલાઓ મેલીવિદ્યાની નનામીને કાંધ આપી સ્મશાનમાં અગ્નિદાહ આપશે. માથા ઉપર સળગતી સગડી રાખી સાધનાના પ્રપંચનો પર્દાફાશ, ભૂત-પ્રેતના પોશાકમાં રજૂઆત તથા સ્મશાનના ખાટલે ચા-નાસ્તા સાથે વડા આરોગવાનો કાર્યક્રમ યોજાશે. આંતરરાષ્ટ્રીય કલાકાર ઉમેશ રાવ અને ડી.જે. માસ્ટર તુષાર રાવ ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરી વૈજ્ઞાનિક સમજ આપશે. જામનગર જિલ્લાના વાગડીયા ગામનાં ભાનુબેન શેઠીયા માથા ઉપર સળગતી સગડી રાખીને ધૂણીના પ્રપંચની પોલ ખોલશે. જાથા દ્વારા લોકોને આજે રાત્રે તરઘડી ગામના સ્મશાનમાં યોજાનારા કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.





અનન્યા પાંડેએ કોર્ટમાં કરી હતી અરજી

અનન્યાની મંજૂરી વિના તસવીરોનો ઉપયોગ કરી નહીં શકાય, વાંધાજનક કન્ટેન્ટ હટાવવાનો કોર્ટનો આદેશ

મુંબઇ

બોલીવુડ અભિનેત્રી અનન્યા પાંડેને પોતાની ઓળખના દુરુપયોગ કરવા મુદ્દે બોમ્બે હાઇ કોર્ટે વચગાળાની રાહત આપી છે. કોર્ટે તેમની તસવીરો, AIની મદદથી તૈયાર કરવામાં આવેલી અશ્લીલ તસવીરો અને વીડિયો ક્લિપ્સનો પરવાનગી વિના ઉપયોગ કરવા પર રોક લગાવી હતી.

આ ઉપરાત આ અનન્યા દ્વારા ઓળખવામાં આવેલા વાંધાજનક કન્ટેન્ટને ઈન્ટરનેટ પરથી હટાવવાનો આદેશ પણ આપવામાં આપ્યો છે. એક મીડિયા રિપોર્ટના અહેવાલ મુજબ જસ્ટિસ માધવ જામદારે ગુરુવારે આ વચગાળાનો આદેશ આપ્યો હતો. અનન્યાએ પોતાના પર્સનાલિટી રાઇટ્સની સુરક્ષાની માંગ સાથે કોર્ટમાં અરજી કરી હતી. તેમનો આરોપ હતો કે અનેક પ્રોડક્ટ્સ અને ઓનલાઈન પ્લેટફોર્મ તેમની તસવીરો ઉપરાંત AIથી તૈયાર કરાયેલી તસવીરો અને વીડિયોનો પણ મંજૂરી વિના ઉપયોગ કરી રહ્યા છે. અનન્યા પાંડેએ કોર્ટમાં કરી હતી અરજી અનન્યાની અરજીમાં ડિજિટલ પ્લેટફોર્મ પર તેમની ઓળખનો સંમતિ વિના ઉપયોગ થતો હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે કોર્ટને વિનંતી કરી હતી કે તેમની તસવીરો અને તેમની સાથે જોડાયેલી અન્ય સામગ્રીનો પરવાનગી વિના ઉપયોગ તથા શેરિંગ અટકાવવામાં આવે. આ મામલે રજૂ કરવામાં આવેલી સામગ્રીની તપાસ કર્યા બાદ બોમ્બે હાઇ કોર્ટે પ્રાથમિક દ્રષ્ટિએ અનન્યાનો પક્ષ યોગ્ય જણાતો હોવાનું નોંધ્યું. જસ્ટિસ જામદારે જણાવ્યું હતું કે પ્રથમ દ્રષ્ટિએ આ પ્રકારની સામગ્રી અનન્યાના ગોપનિયતાના અધિકાર, પબ્લિસિટી રાઇટ્સ, નૈતિક અધિકારો અને સન્માન સાથે જીવવાના અધિકારોનું ઉલ્લંઘન કરતી જણાય છે. આ નોંધ સાથે કોર્ટે વાંધાજનક સામગ્રીને ઓનલાઈન પ્લેટફોર્મ પરથી દૂર કરવાનો આદેશ આપ્યો છે. જોકે, હાલ પૂરતી આ રાહત વચગાળાની છે અને મામલે આગળની સુનાવણી ચાલુ રહેશે. પોતાની ઓળખના ખોટા ઉપયોગ સામે કોર્ટનો દરવાજો ખખડાવનાર અનન્યા પાંડે એકમાત્ર અભિનેત્રી નથી. અગાઉ 'અનુપમા' સિરિયલની અભિનેત્રી રૂપાલી ગાંગુલી સાથે જોડાયેલી વાંધાજનક ઓનલાઈન સામગ્રી દૂર કરવાનો પણ આદેશ આપવામાં આવ્યો હતો.

અનન્યા પાંડેને પોતાની ઓળખના દુરુપયોગ કરવા મુદ્દે બોમ્બે હાઇ કોર્ટે વચગાળાની રાહત આપી

કરિશ્મા કપૂરે કરીના કપૂરને એવું શું પૂછ્યું કે કરણ જોહરે વચ્ચે જ રોકી દીધી વાત

મુંબઇ

બોલિવૂડમાં કપૂર પરિવાર સાથે જોડાયેલી એક રસપ્રદ ઘટના હાલ ચર્ચાનો વિષય બની છે. અભિનેત્રી કરીના કપૂર ખાન, કરિશ્મા કપૂર અને શાહિદ કપૂરની પત્ની મીરા રાજપૂતને લઈને 'કોફી વિથ કરણ 9'ના સેટ પર એક મજેદાર પ્રસંગ જોવા મળ્યો હતો. તે દરમિયાન કરીનાએ પોતાની બહેન કરિશ્માને ફોન કર્યો હતો. જોકે, કરિશ્માને અંદાજ નહોતો કે ફોન પર થતી તેમની વાતચીત શોના સેટ પર હાજર તમામ લોકો સાંભળી રહ્યા છે. આ સમગ્ર ઘટના 'કોફી વિથ કરણ 9'ના એક ખાસ સેગમેન્ટ દરમિયાન બની હતી. આ સેગમેન્ટમાં મહેમાનોએ પોતાના ઓળખીતા સેલિબ્રિટીને ફોન કરીને તેમની પાસે 'હાય કરણ, ઈટ્સ મી' બોલાવવાનું હતું. આ ગેમમાં પોઈન્ટ મેળવવા માટે કરીનાએ પોતાની મોટી બહેન કરિશ્મા કપૂરને ફોન કર્યો હતો. કરીનાએ કરિશ્માને પૂછ્યું કે તે શું કરી રહી છે અને શું ચાલી રહ્યું છે? આ પ્રશ્નના જવાબમાં કરિશ્માએ કહ્યું, 'હું અત્યારે તને અને મીરાને જોઈ રહી છું. દરેક જગ્યાએ લોકો કહી રહ્યા છે કે આખરે આ શું ચાલી રહ્યું છે?' કરિશ્માની આ વાત સાંભળીને કરીના તરત જ વાત સંભાળવાનો પ્રયાસ કરતી જોવા મળી હતી. તેણે સમજાવ્યું કે મીરા તેના ટોક શો 'વોટ વુમન વોન્ટ'માં મહેમાન તરીકે આવી હતી. જોકે, કરિશ્માની વાતચીતનો અંદાજ જોઈને એવું લાગતું હતું કે તે પોતાની બહેન સાથે આ મુલાકાત વિશે વધુ ચર્ચા કરવા માગતી હતી. આ વાતચીત દરમિયાન શોના હોસ્ટ કરણ જોહરે તરત જ વાતચીતમાં હસ્તક્ષેપ કર્યો હતો. કરણે કરિશ્માને અટકાવતાં કહ્યું કે, 'ના, ના, તું કોફી વિથ કરણ પર છો, હવે આગળ કંઈ બોલીશ નહીં.' કરણની આ વાત સાંભળીને કરિશ્માને સમજાયું કે તેની વાતચીત સ્પીકર ફોન પર ચાલી રહી છે અને સેટ પર હાજર તમામ લોકો તેને સાંભળી રહ્યા છે. આ જાણીને તે આશ્ચર્યચકિત થઈ ગઈ અને મજાકિયા અંદાજમાં બોલી, 'ઓહ નો! તમે બધા મારી સાથે આવું કેવી રીતે કરી શકો?'



પાકિસ્તાની અભિનેત્રીની ભારતમાં વધી લોકપ્રિયતા

હાનિયા આમિર ખૂબ જ નાની ઉંમરે તેણે એવી ઓળખ બનાવી છે કે આજે તેની ચર્ચા માત્ર પાકિસ્તાનમાં જ નહીં, ભારતમાં પણ થઈ રહી છે

મુંબઇ

પાકિસ્તાની એન્ટરટેઇનમેન્ટ ઈન્ડસ્ટ્રીમાં એક એવી અભિનેત્રી છે, જે પોતાની સુંદરતા, શાનદાર અભિનય અને હસમુખા સ્વભાવથી લાખો લોકોના દિલ પર રાજ કરી રહી છે. સોશિયલ મીડિયા પર પણ તેની લોકપ્રિયતા જબરદસ્ત છે. વાત થઈ રહી છે પાકિસ્તાની અભિનેત્રી હાનિયા આમિરની. ખૂબ જ નાની ઉંમરે તેણે એવી ઓળખ બનાવી છે કે આજે તેની ચર્ચા માત્ર પાકિસ્તાનમાં જ નહીં, પરંતુ ભારતમાં પણ થઈ રહી છે. તો રાવલપિંડીમાં થયો હતો જન્મ હાનિયા આમિરનો જન્મ પાકિસ્તાનના રાવલપિંડીમાં થયો હતો. તેના માતા-પિતા બાળપણમાં જ અલગ થઈ ગયા હતા. ત્યારબાદ તેની માતાએ તેનો ઉછેર કર્યો હતો. બાળપણથી જ હાનિયાને કંઈક અલગ કરવાની ઇચ્છા હતી અને ધીમે-ધીમે તેણે મનોરંજનની દુનિયામાં પોતાની સફર શરૂ કરી. વર્ષ 2016માં શરૂ થઈ એક્ટિંગ કરિયર હાનિયા આમિરને વર્ષ 2016માં ફિલ્મ 'જાનાન'થી મોટો બ્રેક મળ્યો હતો. આ ફિલ્મમાં તેણે પલવાશાની ભૂમિકા ભજવી હતી. તેની એક્ટિંગને દર્શકોએ પસંદ કરી અને ત્યારથી તેની કરિયરને નવી દિશા મળી. ફિલ્મો અને ટીવી સિરિયલોથી મળી ઓળખ 'જાનાન' બાદ હાનિયાએ 'ના માલૂમ અફરાદ 2' અને 'પરવાઝ હૈ જુનૂન' જેવી ફિલ્મોમાં કામ કર્યું હતું. વર્ષ 2022માં આવેલી ફિલ્મ 'પરી હટ લવ'માં પણ તે જોવા મળી હતી. આ ઉપરાંત અનેક લોકપ્રિય પાકિસ્તાની ટીવી સિરિયલોમાં કામ કરીને તેણે પોતાની અભિનય ક્ષમતા સાબિત કરી છે, હાનિયા આમિરે ભારતીય પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પણ પગ મૂક્યો છે. વર્ષ 2025માં તે દિલજીત દોસાંઝ સાથે ફિલ્મ 'સરદાર જી 3'માં જોવા મળી હતી. આ ફિલ્મને કારણે ભારતીય દર્શકોમાં પણ તેની ચર્ચા વધી હતી. હાનિયા આમિર માત્ર એક્ટિંગ જ નહીં, પરંતુ સોશિયલ મીડિયા પર પોતાની મસ્તીભરી રીલ્સ અને હસમુખા અંદાજ માટે પણ જાણીતી છે. તે અવારનવાર પોતાના ફોટા અને વીડિયો શેર કરતી રહે છે. મે 2026ના ફોર્બ્સના અહેવાલ મુજબ પણ તેની સોશિયલ મીડિયા લોકપ્રિયતા ખાસ ચર્ચામાં રહી હતી.





અમિતાભને ફરી મળી જાનથી મારી નાખવાની ધમકી; મુંબઇ પોલીસ હાઇ એલર્ટ પર

અમિતાભના બંગલાને આવી ધમકી મળવાની પહેલી ઘટના નથી. ભૂતકાળમાં ઈમેલ મારફતે તેમના નિવાસસ્થાનને ટાર્ગેટ કરવાની ધમકીઓ મળી ચૂકી છે

મુંબઇ

બોલીવૂડના મેગા સ્ટાર અમિતાભ બચ્ચનની સુરક્ષાને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. મુંબઈના પોશ જુહુ વિસ્તારમાં આવેલા તેમના આઈકોનિક બંગલા 'જલસા'ને બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળતાં ખળભળાટ મચી ગયો છે. ધમકીની માહિતી મળતાં જ મુંબઈ પોલીસ, બોમ્બ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સમગ્ર બંગલા પરિસરની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસ દરમિયાન બંગલામાંથી કોઈ પણ શંકાસ્પદ કે વાંધાજનક વસ્તુ મળી આવી નથી, જેથી પ્રશાસને રાહતનો શ્વાસ લીધો છે. જોકે, આ ધમકી ક્યાંથી અને કોણે આપી તે દિશામાં સાયબર સેલ અને લોકલ પોલીસે સઘન તપાસ શરૂ કરી છે. અગાઉ પણ મળી ચૂકી છે ધમકી: દિલજીત દોસાંજ અને શાળાઓ પણ નિશાના પર અમિતાભ બચ્ચનના બંગલાને આવી ધમકી મળવાની આ પહેલી ઘટના નથી. ભૂતકાળમાં પણ ઈમેલ મારફતે તેમના નિવાસસ્થાનને ટાર્ગેટ કરવાની ધમકીઓ મળી ચૂકી છે. અહેવાલોમાં કરવામાં આવેલા દાવા અનુસાર જાણીતા પંજાબી સિંગર દિલજીત દોસાંજના લાઈવ કોન્સર્ટ, મુંબઈના મેયરની ઓફિસ તેમ જ કેટલીક પ્રતિષ્ઠિત શાળાઓને પણ આવા જ ધમકીભર્યા મેસેજ મળ્યા હોવાનું સામે આવ્યું છે, જેના કારણે સુરક્ષા એજન્સીઓ સતર્ક બની છે. દર રવિવારની મુલાકાતમાં બુલેટપ્રૂફ ગ્લાસ પાછળથી અભિવાદન અમિતાભ બચ્ચન દર રવિવારે સાંજે 'જલસા' બંગલાની બહાર પોતાના હજારો ચાહકોને મળવા બહાર આવે છે. ચાહકો પણ સદીના મહાનાયકની એક ઝલક મેળવવા કલાકો સુધી લાઈનમાં ઊભા રહે છે. સુરક્ષા જોખમને ધ્યાનમાં રાખીને તાજેતરમાં બિગ બી જ્યારે બહાર આવ્યા, ત્યારે તેઓ બુલેટપ્રૂફ કાચની પાછળ ઊભા રહીને ચાહકોનું અભિવાદન ઝીલતા જોવા મળ્યા હતા. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર ભારે વાયરલ થયો હતો.

લાલ સાડીમાં ઐશ્વર્યાનો જલવો, અભિષેક સાથેની રોમેન્ટિક કેમેસ્ટ્રીએ ચાહકોનું જીત્યું દિલ

મુંબઇ

બોલિવૂડમાં દિવાળીની ઉજવણીનો માહોલ જામ્યો છે અને ફિલ્મી સિતારાઓ એક પછી એક દિવાળી પાર્ટીઓમાં હાજરી આપી રહ્યા છે. તાજેતરમાં જાણીતા ફેશન ડિઝાઇનર મનીષ મલ્હોત્રાની દિવાળી પાર્ટીમાં બોલિવૂડનું સુંદર કપલ ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચન ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. બંનેએ પાર્ટીમાં એકસાથે હાથ પકડીને એન્ટ્રી કરી હતી. તેમની આ અંદાજભરી હાજરીએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. મનીષ મલ્હોત્રાની આ પાર્ટીમાં ઐશ્વર્યા લાલ રંગની સુંદર સાડીમાં જોવા મળી હતી. સાડીની ગોલ્ડન બોર્ડર તેના લુકને વધુ આકર્ષક બનાવી રહી હતી. તેણે ગળામાં હેવી મલ્ટી-લેયર નેકલેસ અને મેચિંગ ઈયરિંગ્સ પહેર્યાં હતાં. ખુલ્લા અને હળવા વેવી વાળ તેમજ ન્યૂડ મેકઅપમાં ઐશ્વર્યા ખૂબ જ સુંદર લાગી રહી હતી. બીજી તરફ અભિષેકે બ્લેક બંધગળા કુર્તા, મેચિંગ પેન્ટ અને બ્લેક ચશ્મા સાથે ઓલ-બ્લેક ટ્રેડિશનલ લુક પસંદ કર્યો હતો. બંનેના પરિધાન એકબીજાને ખૂબ જ સારી રીતે કોમ્પ્લિમેન્ટ કરી રહ્યાં હતાં. પાર્ટી દરમિયાન ફોટોગ્રાફર્સ સામે પોઝ આપતી વખતે અભિષેકે ઐશ્વર્યાને પ્રેમથી પોતાની નજીક ખેંચી હતી. ક્યારેક ઐશ્વર્યા અભિષેકના બાહુપાશમાં હસતી જોવા મળી તો ક્યારેક બંને એકબીજાની નજીક ઊભા રહીને તસવીરો પડાવતા નજરે પડ્યા હતા. બંનેએ એકબીજાને ગળે પણ મળ્યા હતાં. અભિષેક સતત ઐશ્વર્યાને પ્રેમભરી નજરે નિહાળતો જોવા મળ્યો હતો, જ્યારે અભિષેકનો આ અંદાજ જોઈને ઐશ્વર્યા પણ શરમાતી જોવા મળી હતી. આ કપલની તસવીરો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. ખાસ વાત એ છે કે ઐશ્વર્યા અને અભિષેકને ઘણીવાર જાહેર કાર્યક્રમો કે પાર્ટીઓમાં સાથે જોવા મળતાં નથી. તેથી મનીષ મલ્હોત્રાની દિવાળી પાર્ટીમાં બંનેની એકસાથે હાજરી ચાહકો માટે ખાસ બની રહી હતી. તેમની રોમેન્ટિક કેમેસ્ટ્રી જોઈને ચાહકો પણ ખુશ થઈ ગયા હતા.



ફાઇનલમાં જાપાનને 4-1થી હરાવ્યું; ચોથા ક્વાર્ટરમાં 3 ગોલ કર્યા

ભારત 6ઠ્ઠી વખત એશિયા હોકી ચેમ્પિયન બન્યું

મોહાલી

મોહાલીમાં ભારતીય હોકી ટીમે હીરો એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી 2026નો ખિતાબ પોતાના નામે કરી લીધો. ભારતે ગુરુવારે ઓલિમ્પિયન બલબીર સિંહ સિનિયર ઇન્ટરનેશનલ હોકી સ્ટેડિયમમાં રમાયેલી ફાઇનલ મેચમાં જાપાનને હરાવ્યું. આ સાથે જ ભારતીય ટીમે છઠ્ઠી વખત આ ટૂર્નામેન્ટ જીતી લીધી. ભારતે ત્રીજા ક્વાર્ટરમાં મેચનો પહેલો ગોલ કર્યો. જાપાનની ટીમ એક ગોલ કરી શકી. ત્યારબાદ ચોથા ક્વાર્ટરમાં ભારતે 3 ગોલ કર્યા અને જાપાનને 4-1થી હરાવી દીધું. ભારતીય ટીમ સેમિફાઇનલમાં દક્ષિણ કોરિયાને 8-1થી કરારી હાર આપીને ફાઇનલમાં પહોંચી હતી.



મુકાબલામાં જાપાન તરફથી ત્રીજી મિનિટે કાઝુમાસા માત્સુમોતોએ પહેલો ગોલ કર્યો. તેમણે શાનદાર ફિલ્ડ ગોલ કરીને પોતાની ટીમને શરૂઆતની લીડ અપાવી. ત્યારબાદ ભારતીય ટીમે શાનદાર વાપસી કરી. ત્રીજા ક્વાર્ટરની 42મી મિનિટે શિલાનંદ લાકડાએ પેનલ્ટી કોર્નર પરથી મળેલા રિબાઉન્ડ પર ગોલ કરીને ભારતને બરોબરી અપાવી. ત્યારબાદ ચોથા ક્વાર્ટરની 48મી મિનિટે દિલપ્રીત સિંહે રિવર્સ હિટ દ્વારા શાનદાર ફિલ્ડ ગોલ કરીને ભારતને 2-1થી આગળ કરી દીધું. ભારતીય ટીમે આ પછી પણ આક્રમક રમત ચાલુ રાખી. 53મી મિનિટે જુગરાજ સિંહે પેનલ્ટી કોર્નર પર શાનદાર ડ્રેગ ફ્લિક લગાવીને ભારતની લીડ 3-1 કરી દીધી. તેના એક મિનિટ બાદ એટલે કે 54મી મિનિટે સુખજીત સિંહે ગોલ કરીને ભારતની લીડ 4-1 કરી દીધી. ફાઇનલ મેચ જીત્યા બાદ ભારતીય ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહે કહ્યું કે હું પંજાબ સરકારનો આભાર માનું છું. અહીં પંજાબમાં તેમણે આટલી સારી ટુર્નામેન્ટનું આયોજન કર્યું છે, આ ખૂબ જ ખુશીની વાત છે. મને સમગ્ર ટીમ પર ગર્વ છે. જીતવાની ભાવના સમગ્ર ટીમમાં અંતિમ ક્ષણ સુધી જોવા મળી રહી હતી અને ટીમે અંત સુધી લડત આપી. અમને ખબર હતી કે અમને ગોલ મળશે.

KKRના પૂર્વ સ્ટાર ક્રિકેટર કોકેઈનના ટેસ્ટમાં ફસાયો

નવી દિલ્હી

ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક ઓપનર અને આઈપીએલમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) તરફથી રમી ચૂકેલા બેટ્સમેન ક્રિસ લિનને લઈને એક અત્યંત ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છે. 36 વર્ષીય આ આક્રમક બેટ્સમેન કોકેઈનના સેવન મામલે ડોપ ટેસ્ટમાં પોઝિટિવ આવ્યો હતો, જેના કારણે તેને 1 મહિનાના સસ્પેન્શનનો સામનો કરવો પડ્યો હતો. સૌથી મોટી બાબત એ છે કે લિને પોતાનો પ્રતિબંધ 2 મહિના પહેલાં જ પૂર્ણ કરી લીધો હતો, પરંતુ આ સમગ્ર પ્રકરણની માહિતી હવે જાહેર થઈ છે. ઈંગ્લેન્ડના ક્રિકેટ રેગ્યુલેટરે 6 નવેમ્બરના રોજ આ અંગેની સત્તાવાર પુષ્ટિ કરી છે. આ ઘટના એ સમયની છે જ્યારે ક્રિસ લિન ઈંગ્લેન્ડની ડોમેસ્ટિક T20 ટૂર્નામેન્ટ 'T20 બ્લાસ્ટ'માં નોર્થમ્પ્ટનશાયર ટીમ તરફથી રમી રહ્યો હતો. 18 જુલાઈના રોજ ટૂર્નામેન્ટના ફાઇનલ ડે પર તેનો નિયમિત એન્ટી-ડોપિંગ ટેસ્ટ લેવામાં આવ્યો હતો. તે જ દિવસે તેની ટીમે ટાઇટલ જીતીને ત્રીજી વખત ટ્રોફી પોતાના નામે કરી હતી. ફ્રાન્સની લેબોરેટરીમાં લિનના યુરિન સેમ્પલની તપાસ કરવામાં આવતાં તેમાં કોકેઈનનું મેટાબોલાઈટ 'બેન્ઝોઈલએકગોનિન' મળી આવ્યું હતું. 31 જુલાઈના રોજ રેગ્યુલેટરે પરિણામની જાણ કરી તેને કામચલાઉ ધોરણે સસ્પેન્ડ કર્યો હતો. તે સમયે લિન લંકા પ્રીમિયર લીગ (LPL)માં ગોલ ગ્લેડિએટર્સ તરફથી રમવા શ્રીલંકા પહોંચ્યો હતો, પરંતુ પગની ઈજાને કારણે 29 જુલાઈએ જ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયો હતો.

એ સદી ફટકારે તો લોકો મને ટોણો મારે

શુભમન ગિલને કારણે મારે નફરત સહન કરવી પડી: વેંકટેશ અય્યર

નવી દિલ્હી

ભારતીય ઓલરાઉન્ડર વેંકટેશ અૈય્યરે કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR) સાથે જોડાયેલા પોતાના જૂના અનુભવો શેર કરતાં જણાવ્યું છે કે શુભમન ગિલને ટીમમાંથી રિલીઝ કર્યા બાદ તેમને સોશિયલ મીડિયા પર કઈ રીતે ટ્રોલિંગ અને નફરતનો ભોગ બનવું પડ્યું હતું. તેણે ખુલાસો કર્યો કે શુભમન ગિલ જ્યારે પણ સદી ફટકારે છે, ત્યારે કેટલાક KKR સમર્થકો તેના પર કટાક્ષ કરવાનું શરૂ કરી દે છે અને આ સિલસિલો છેલ્લા કેટલાક વર્ષોથી સતત ચાલી રહ્યો છે. ટીમ ઇન્ડિયાના પૂર્વ ક્રિકેટર આકાશ ચોપડાના પોડકાસ્ટમાં વેંકટેશ અૈય્યરે પોતાના મનની વ્યથા ઠાલવતાં કહ્યું હતું: 'મારે લાંબા સમય સુધી ઘણી નફરત સહન



કરવી પડી છે. આજે પણ જ્યારે શુભમન ગિલ સદી ફટકારે છે, ત્યારે KKRના ઓફિશિયલ પેજ પર લોકો કમેન્ટ કરે છે કે 'સોનાની શોધમાં આપણે હીરો ગુમાવી દીધો'.' IPL 2022 અને શુભમન ગિલને રિલીઝ કરવાનો વિવાદ કોલકાતા નાઇટ રાઇડર્સે આઈપીએલ 2022 પહેલાં શુભમન ગિલને પોતાની ટીમમાંથી રિલીઝ કરી દીધો હતો: તે સમયે નવી ટીમ ગુજરાત ટાઇટન્સ (GT) એ શુભમન ગિલને 8 કરોડમાં પોતાની સાથે જોડ્યો હતો. શુભમને આગળ જતાં ગુજરાત ટાઇટન્સની કમાન સંભાળી અને પોતાની વિસ્ફોટક બેટિંગથી સતત પ્રભાવિત કર્યા. બીજી તરફ, KKRના કેટલાક પ્રશંસકોએ ફ્રેન્ચાઇઝીના તે નિર્ણય માટે વેંકટેશ અૈય્યરને જવાબદાર ગણાવી નિશાન બનાવવાનું શરૂ કરી દીધું હતું. વેંકટેશે IPL 2026 ઓક્શન પહેલાં KKR દ્વારા રિલીઝ કરાયાના અનુભવ પર પણ વાત કરી અને જણાવ્યું કે તેઓ સહ-માલિક શાહરૂખ ખાનને પણ મળ્યા હતા.

લખનઉ-રાજસ્થાન વચ્ચે મોટી ટ્રેડની તૈયારી

IPL ઓક્શન પહેલાં 3-4 ખેલાડીઓ બદલી શકે છે; રાજસ્થાનને પેસર

મુંબઈ

IPLની બે ફ્રેન્ચાઈઝી રાજસ્થાન રોયલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મોટી ટ્રેડ ડીલ થવાની સંભાવના છે. બંને ટીમ 3થી 4 ખેલાડીઓની અદલાબદલી અંગે ચર્ચા કરી રહી છે. આ ડીલ એક બેટર અને ઝડપી બોલરની આસપાસ તૈયાર કરવામાં આવી રહી છે.

ફ્રેન્ચાઈઝી સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજસ્થાનની ટીમ લખનઉના એક ઝડપી બોલરને ટ્રેડ કરવા માગે છે. તેના બદલામાં લખનઉ રાજસ્થાનના એક અથવા બે બેટર અને એક ઑલરાઉન્ડરને સામેલ કરી શકે છે. ખેલાડીઓનાં નામ સામે આવ્યાં નથી. રાજસ્થાનની નજર તે બોલર પર છે, જેણે ગયા સીઝનમાં લખનઉ માટે સારું પ્રદર્શન કર્યું હતું. આ ઉપરાંત લખનઉનો એક સ્પિનર પણ આ ટ્રેડનો ભાગ બની શકે છે. બંને ફ્રેન્ચાઈઝીઓ વચ્ચે હજુ સુધી ખેલાડીઓનાં નામ જાહેર કર્યા નથી. જોકે ટ્રેડ અંગે સૈદ્ધાંતિક સંમતિ બની ચૂકી છે અને ડીલને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે.

લખનઉએ બેટિંગ મજબૂત કરવાની જરૂર છે. ગત સીઝનમાં લખનઉની બેટિંગ સૌથી મોટી નબળાઈ રહી હતી. મિચેલ માર્શે 13 મેચોમાં સૌથી વધુ 563 રન બનાવ્યા હતા. તેના સિવાય માત્ર રિષભ પંત જ 300 રનનો આંકડો પાર કરી શક્યો હતો. જોકે, તે પણ 14 મેચમાં માત્ર એક જ ફિફ્ટી ફટકારી શક્યો હતો. તેની વિરુદ્ધ ટીમની બોલિંગ, ખાસ



કરીને ઝડપી બોલિંગ, મજબૂત રહી હતી. આવી સ્થિતિમાં ફ્રેન્ચાઈઝી કેટલાક બોલરોના બદલામાં બેટર અથવા ઓલરાઉન્ડરને ટ્રેડ કરી શકે છે.

લખનઉએ 27 કરોડના પંતને દિલ્હીની ટીમમાં મોકલ્યો હતો. આ પહેલા લખનઉએ ગયા સીઝનના કેપ્ટન રિષભ પંતને દિલ્હી કેપિટલ્સ પાસેથી ટ્રેડ કર્યો હતો. તે 15 કરોડ રૂપિયાની ફીમાં દિલ્હી સાથે જોડાયો હતો. તેના બદલામાં કુલદીપ યાદવ 13.50 કરોડ રૂપિયાની વર્તમાન ફી પર દિલ્હીથી લખનઉની ટીમમાં સામેલ થયો. રિષભ પંત IPLના ઈતિહાસમાં સૌથી મોંઘો ખેલાડી છે. લખનઉએ તેને IPL 2025ના ઓક્શનમાં રેકોર્ડ 27 કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.

બિઝનેસ

અમદાવાદમાં જ 80 કિલો સુધીની ધૂમ ખરીદી!

ધનતેરસ પર ગુજરાતમાં ₹210 કરોડનું 150 કિલો સોનું વેચાયું

મુંબઈ

દિવાળીના પર્વ પર નવી ચીજવસ્તુઓની ખરીદી માટે બજારોમાં ભીડ ઉમટી રહી છે. તો બીજી તરફ ધનતેરસના દિવસે સોના-ચાંદીના બજારમાં પણ ખરીદીની ચમક છવાયેલી રહી છે. સોના-ચાંદીના જથ્થાબંધ વેપારના અંદાજ મુજબ, શુક્રવારે ધનતેરસના દિવસે ગુજરાતમાં આશરે 150 કિલો સોનાનો વેપાર થયો હતો, જેમાંથી એકલા અમદાવાદનો હિસ્સો 60 થી 80 કિલો જેટલો રહ્યો હતો. 'ઇન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન' (IBJA) ના બેન્ચમાર્ક દર અનુસાર, GST અને મેકિંગ ચાર્જિસ એટલે કે ઘડામણ ઉમેર્યા વિના રાજ્યની આ ખરીદીનું મૂલ્ય આશરે 210 કરોડ સુધી થાય છે. જેમાં અમદાવાદનો હિસ્સો 85 કરોડથી 113 કરોડની વચ્ચે રહે છે,



જે તે દિવસે સમગ્ર રાજ્યમાં વેચાયેલા કુલ સોનાના આશરે 40 થી 53 ટકા જેટલો હિસ્સો નોંધાયો છે. કિંમતોમાં ઘટાડાથી ખરીદદારો પાછા ફર્યા વર્ષના ઉચ્ચતમ સ્તર પરથી સોનાના ભાવમાં તીવ્ર ઘટાડો આવ્યા બાદ ખરીદદારો બજારમાં પાછા ફર્યા છે. IBJA એ શુક્રવારે સવારે 24-કેરેટ (999) સોના માટે પ્રતિ 10 ગ્રામ 1,41,023 નો બેન્ચમાર્ક દર નક્કી કર્યો હતો, જે ગુરુવાર કરતા 2,927 ઓછો હતો. જ્યારે મોટાભાગના દાગીનામાં વપરાતા 22-કેરેટ (916) સોનાનો દર 1,29,177 હતો. અમદાવાદના રિટેલ બજારમાં 24-કેરેટ સોનું આશરે 1,45,638 પ્રતિ 10 ગ્રામ અને 22-કેરેટ સોનું આશરે 1,33,404 માં વેચાયું હતું. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરાના વેપારી મંડળોએ તહેવાર પહેલાં એડવાન્સ બુકિંગ ઝુંબેશ ચલાવી હતી અને ભાવમાં આવેલા આ ઘટાડાને ખરીદીની ઉત્તમ તક તરીકે રજૂ કર્યો હતો. રિટેલ જ્વેલર્સે ગયા વર્ષની ધનતેરસની સરખામણીએ આ વર્ષે વેચાણના વોલ્યુમમાં 20 ટકાના વધારાનું અનુમાન લગાવ્યું હતું. આ ધનતેરસે ખરીદદારોએ વર્ષના શરૂઆતી ગાળાની સરખામણીએ ખૂબ જ ઓછા નાણાં ચૂકવવા પડ્યા છે. સેન્ટ્રલ બેન્કોની ખરીદી, વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષાઓ અને સલામત રોકાણની માંગને કારણે 29 જાન્યુઆરી, 2026ના રોજ MCX સોનાના વાયદાએ પ્રતિ 10 ગ્રામ 1,80,779 નો ઓલ-ટાઇમ હાઇ ભાવ સ્પર્શ્યો હતો. શુક્રવારનો IBJA દર તે ઓલ-ટાઇમ હાઇથી આશરે 39,750 નીચો છે.

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 900 પોઇન્ટ અને નિફ્ટી 200 પોઇન્ટ ઉછળ્યા

AIના ભયથી વૈશ્વિક શેરબજારોમાં કડાકો, દ. કોરિયામાં 20 મિનિટ માટે ટ્રેડિંગ સ્થગિત

AI ક્ષેત્રે આશંકાઓ અને મિડટર્મ ચૂંટણી બાદ નવા પ્રતિબંધોની ભીતિએ ચિપ ઉત્પાદક કંપનીઓના શેરો તૂટ્યા, જાપાનના બજારો પણ મોટા ગાબડા સાથે ખુલ્યા

મુંબઈ

અમેરિકન શેરબજારમાં મોટો કડાકો બોલતા રોકાણકારોના $3 ટ્રિલિયન (રૂ. 270 લાખ કરોડથી વધુ) ધોવાઈ ગયા. AI ક્ષેત્રે આશંકાઓ અને મિડટર્મ ચૂંટણી બાદ નવા પ્રતિબંધોની ભીતિએ ચિપ ઉત્પાદક કંપનીઓના શેરો તૂટ્યા. દક્ષિણ કોરિયા અને જાપાનના બજારો પણ મોટા ગાબડા સાથે ખુલ્યા. જોકે, ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 900 પોઇન્ટ અને નિફ્ટી 200 પોઇન્ટ ઉછળ્યા. અમેરિકન શેરબજારમાં મોડી રાત્રે અચાનક મોટો કડાકો બોલી ગયો છે, જેના કારણે રોકાણકારોની સંપત્તિમાંથી આશરે 3 ટ્રિલિયન ડૉલર (રૂ. 270 લાખ કરોડથી વધુ)નું ધોવાણ થઈ ગયું છે. આ કડાકામાં S&P 500 ઈન્ડેક્સ 3 ટકાથી વધુ




તૂટ્યો હતો, જ્યારે ડાઉ જોન્સમાં 4 ટકાથી વધુનો ઘટાડો નોંધાયો હતો. નેસ્ડેક (Nasdaq) 5.52 ટકાના ઘટાડા સાથે 24,315.00ના સ્તરે બંધ રહ્યો હતો. આ તબાહી પાછળ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) ક્ષેત્રને લઈને ઊભી થયેલી આશંકાઓ મુખ્ય કારણ માનવામાં આવે છે. અમેરિકન મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીની જીત બાદ AI ડેટા સેન્ટર અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિસ્તરણ પર નવા પ્રતિબંધો લાગવાની ભીતિથી ચિપ ઉત્પાદક કંપનીઓના શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી. અમેરિકન શેરબજારમાં કડાકા અને AI સંબંધિત ડરની અસર એશિયાઈ બજારો પર પણ જોવા મળી હતી. શુક્રવારે દક્ષિણ કોરિયાનું બજાર 'કોસ્પી' (KOSPI) ખુલતાની સાથે જ 8 ટકાથી વધુ તૂટીને લોઅર સર્કિટ પર પહોંચી ગયું હતું. શરૂઆતી કારોબારમાં તે 8.5 ટકા ઘટીને 5000ના સ્તરથી નીચે જતો રહ્યો હતો, જેના કારણે ટ્રેડિંગ 20 મિનિટ માટે સ્થગિત કરવું પડ્યું હતું. તેવી જ રીતે જાપાનનો 'નિકેઈ' (Nikkei) ઈન્ડેક્સ પણ 6 ટકા (3600થી વધુ પોઇન્ટ) તૂટીને 57,434.77ના સ્તરે આવી ગયો હતો. જાપાનનું બજાર છેલ્લા એક મહિનામાં 18 ટકાથી વધુ ગગડ્યું છે. એશિયાઈ બજારોમાં કડાકા વચ્ચે ભારતીય શેરબજારમાં સુધારો જોવા મળ્યો છે. બીએસઈ સેન્સેક્સ 900 પોઇન્ટના ઉછાળા સાથે 80,000ની સપાટી વટાવી ગયો છે.

NCLTએ SBIની અરજી પર આદેશ જારી કર્યો

વીડિયોકોનના પૂર્વ પ્રમોટર વેણુગોપાલ ધૂતને દેવાળિયા જાહેર કરાયા...

મુંબઈ

નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (NCLT)ની મુંબઈ બેન્ચે વિડિયોકોન ઈન્ડસ્ટ્રીઝના પૂર્વ પ્રમોટર અને ડિરેક્ટર વેણુગોપાલ નંદલાલ ધૂતને નાદાર જાહેર કર્યા છે. સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા (SBI) દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતાં ટ્રિબ્યુનલે આ આદેશ જારી કર્યો છે. ધૂતની પર્સનલ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા અને ચુકવણી યોજના નિષ્ફળ ગયા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. વિનય ગોયલ અને ચરણજીત સિંહ ગુલાટીની બેન્ચે ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી કોડ (IBC) હેઠળ 5 નવેમ્બરે આ બેન્કરપ્સી આદેશ પસાર કર્યો હતો. પર્સનલ ગેરંટી અને બાકી રકમની વિગતો NCLTએ નોંધ્યું કે



SBIએ વિડિયોકોન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (VIL) દ્વારા બેંક પાસેથી લેવામાં આવેલી ક્રેડિટ સુવિધાઓ માટે ધૂત પર્સનલ ગેરન્ટર હોવાથી તેમની વિરુદ્ધ બેન્કરપ્સીની કાર્યવાહી શરૂ કરી હતી. ધૂતે કંપનીને આપવામાં આવેલી અનેક ક્રેડિટ સુવિધાઓ જેવી કે રૂપિયા ટર્મ લોન, વીડિયોકોન ટેલિકમ્યુનિકેશન્સ લિમિટેડ સાથે સંબંધિત સુવિધાઓ અને વર્કિંગ કેપિટલ લોન માટે વ્યક્તિગત ગેરંટી આપી હતી. બેંકે ફેબ્રુઆરી 2018માં આ ગેરંટીઓનો અમલ કર્યો હતો. બેંકની ડિમાન્ડ નોટિસમાં સામેલ દાવાઓ આ મુજબ છે વીડિયોકોન ઈન્ડસ્ટ્રીઝને જૂન 2018માં કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયામાં સામેલ કરવામાં આવી હતી. બાદમાં આ કાર્યવાહી વીડિયોકોન ગ્રુપની અન્ય કંપનીઓ સાથે જોડી દેવામાં આવી હતી. ત્યારબાદ જૂન 2021માં NCLTએ ટ્વિન સ્ટાર ટેક્નોલોજીઝ લિમિટેડ દ્વારા રજૂ કરવામાં આવેલી રિઝોલ્યુશન યોજનાને મંજૂરી આપી હતી.

વિદેશી રોકાણકારોને રોકવા માટે સરકાર લગાવી શકે છે LTCG ટેક્સ


- **RBI થી SEBI સુધી, બધા જ પરિવર્તનના પક્ષમાં, સરકારી તિજોરી પર અસર, સ્થાનિક રોકાણકારોની ચિંતા**

મુંબઈ

ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક સમયથી નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે. આનું મુખ્ય કારણ વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) દ્વારા ભંડોળનો સતત બહાર જતો પ્રવાહ છે. હવે, આ વેચાણને રોકવા માટે, કેન્દ્ર સરકારે કાર્યવાહી શરૂ કરી છે. સરકાર લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) કર અને સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન કર (STT) માટેના નિયમોમાં મોટા ફેરફારો કરવાનું વિચારી રહી છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ LTCG અંગે રોકાણકારોની ચિંતાઓ પર વિચાર કરશે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, એક સરકારી અધિકારીએ જણાવ્યું છે કે, આ બાબતે અંતિમ નિર્ણય કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી લેવામાં આવશે. આ ગંભીર મુદ્દાને ઉકેલવા માટે નાણા મંત્રાલયના અધિકારીઓએ અગ્રણી બજાર નિષ્ણાતો સાથે બેઠકો યોજી છે. ઈકોનોમિક ટાઈમ્સે 28 ઓક્ટોબરના રોજ અહેવાલ આપ્યો હતો કે, મંત્રાલયે આ મુદ્દા પર તમામ હિસ્સેદારો પાસેથી ઈનપુટ માંગ્યા છે. ચર્ચાઓથી પરિચિત લોકો કહે છે કે, સરકારને વિવિધ સૂચનો મળ્યા છે. કેટલાક LTCG કરને સંપૂર્ણપણે નાબૂદ કરવાની હિમાયત કરે છે, જ્યારે અન્ય લોકો તેના દર ઘટાડવાનું સૂચન કરે છે.

ગુજરાત હાઈકોર્ટ અને મુખ્યમંત્રી કાર્યાલયને બોમ્બની ધમકી

હાઈકોર્ટ બાદ CM ઓફિસને પણ બોમ્બથી ઉડાવવાનો ધમકીભર્યો મેઇલ



- હાઈકોર્ટને બપોરે 1:11 અને મુખ્યમંત્રી કાર્યાલયને 3:11 વાગ્યે મળ્યો ધમકીભર્યો ઈ-મેઇલ; ખાલિસ્તાન નેશનલ આર્મીના નામનો ઉલ્લેખ, બંને સ્થળે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ

અમદાવાદ

ગુજરાતના વહીવટી અને ન્યાયિક તંત્ર સાથે જોડાયેલા બે મહત્ત્વના સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં શુક્રવારે સુરક્ષા એજન્સીઓમાં દોડધામ મચી હતી. ગુજરાત હાઈકોર્ટ અને મુખ્યમંત્રી કાર્યાલયને અલગ-અલગ સમયે ધમકીભર્યા ઈ-મેઇલ મળ્યા હતા. એક જ દિવસમાં બે મહત્ત્વનાં સરકારી સંકુલને નિશાન બનાવવાની ધમકી સામે આવતાં પોલીસ તંત્ર એલર્ટ થઈ ગયું હતું. હાઈકોર્ટ પરિસરમાં બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડ અને સોલા પોલીસની ટીમે પહોંચીને તપાસ શરૂ કરી હતી.

મળતી વિગતો અનુસાર, ગુજરાત હાઈકોર્ટને બપોરે 1:11 વાગ્યે બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઇલ મળ્યો હતો. ઈ-મેઇલની જાણ થતાં જ સુરક્ષા વ્યવસ્થામાં સક્રિયતા વધારી દેવામાં આવી હતી. સોલા પોલીસની ટીમ સાથે બોમ્બ અને ડોગ સ્કવોડને તાત્કાલિક હાઈકોર્ટ પરિસરમાં બોલાવવામાં આવી હતી. ટીમ દ્વારા વિવિધ સ્થળોએ તપાસ અને ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પરિસરમાં સુરક્ષા કર્મચારીઓની હાજરી વધારી સાવચેતીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. ધમકી મળ્યા બાદ સુરક્ષા તપાસ શરૂ કરવામાં આવી હોવા છતાં હાઈકોર્ટની તમામ કોર્ટની કાર્યવાહી રાબેતા મુજબ ચાલુ રહી હતી. કોર્ટમાં કેસોની સુનાવણી અને અન્ય ન્યાયિક કામગીરી પરિસ્થિતિ અનુસાર ચાલુ રાખવામાં આવી હતી. બીજી તરફ, સુરક્ષા ટીમો દ્વારા પરિસરમાં તપાસ કરવામાં આવી રહી હતી, જેથી કોઈ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિ હોય તો સમયસર ધ્યાન પર આવી શકે. હાઈકોર્ટને ધમકી મળ્યાના આશરે બે કલાક બાદ બપોરે 3:11 વાગ્યે મુખ્યમંત્રી કાર્યાલયને પણ બોમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેઇલ મળ્યો હતો. આ ઈ-મેઇલ ખાલિસ્તાન નેશનલ આર્મીના નામે મોકલવામાં આવ્યો હોવાનું પ્રાથમિક વિગતોમાં જણાવાયું છે. બીજી ધમકી સામે આવતાં પોલીસ અને સુરક્ષા તંત્ર વધુ સતર્ક બન્યું હતું. મુખ્યમંત્રી કાર્યાલયની સુરક્ષા વ્યવસ્થા અંગે પણ જરૂરી તપાસ અને તકેદારીનાં પગલાં લેવામાં આવ્યાં હતાં. હાલ સમગ્ર મામલે ધમકીભર્યા ઈ-મેઇલની તપાસ હાથ ધરવામાં આવી છે. ઈ-મેઇલ ક્યા સ્થળેથી મોકલવામાં આવ્યો, તેનો મૂળ સ્ત્રોત શું છે, બંને મેઇલ વચ્ચે કોઈ સંબંધ છે કે નહીં અને તેની પાછળ કોણ જવાબદાર છે તે સહિતના મુદ્દાઓ તપાસના કેન્દ્રમાં છે. ઈ-મેઇલ મોકલનારની ઓળખ અને ધમકીની વિશ્વસનીયતા જાણવા ટેકનિકલ તપાસ પણ મહત્ત્વપૂર્ણ બની રહેશે. કોઈ સ્થળને બોમ્બથી ઉડાવવાની ધમકી આપતો ઈ-મેઇલ મળવો ગંભીર બાબત છે, પરંતુ માત્ર ધમકી મળવાથી ત્યાં વિસ્ફોટક હોવાની પુષ્ટિ થતી નથી. બોમ્બ સ્કવોડ દ્વારા કરવામાં આવતી તપાસ અને પોલીસની ચકાસણી બાદ જ પરિસ્થિતિ અંગે સ્પષ્ટતા થઈ શકે છે. હાલ બંને સ્થળે મળેલી ધમકીઓને ધ્યાનમાં રાખીને સુરક્ષા તંત્ર સાવચેતી રાખી રહ્યું છે.

સંક્ષીપ્ત સમાચાર

વટવામાં સામાન્ય બાબતે યુવકને માથામાં ધારિયા વડે ઘા ઝીંક્યા, પોલીસ દોડતી થઇ

અમદાવાદના વટવા વિસ્તારમાં મકાન વેચાણ બાદ રૂ. 10 હજારના બાકી મ્યુનિસિપલ ટેક્સ બિલ મુદ્દે બબાલ થઈ હતી. મકાન અપાવનાર યુવક પર એક શખ્સે તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજા થતા યુવકને હોસ્પિટલ ખસેડાયો છે. વટવા પોલીસે હુમલાખોર વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદના વટવા વિસ્તારમાં ગુરૂવારે બબાલમાં હુમલાની ઘટના સામે આવી છે. મકાન વેચાણ બાદ બાકી રહેલા રૂ.10 હજારના મ્યુનિસિપલ ટેક્સ બિલને લઈ બોલાચાલી થતા એક શખ્સે વચ્ચે રહીને મકાન અપાવનાર પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. ગંભીર ઈજા પહોંચતા યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. બનાવ અંગે વટવા પોલીસે હુમલાખોર વિરૂદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે વટવા વિસ્તારમાં રહેતા યુવકે આજથી ચારેક વર્ષ પહેલા પોતાની જ સોસાયટીમાં વચ્ચે રહીને એક મકાન અપાવ્યું હતું. આશરે એકાદ મહિના પહેલા આ મકાનનું રૂ. 10 હજારનું ટેક્સ બિલ આવ્યું હતું. આ મામલે યુવકે જણાવ્યું હતું કે, જો ચાર વર્ષ પહેલાનું કોઈ બિલ બાકી હશે તો તેઓ અગાઉના માલિક પાસે ભરાવી દેશે અને બાકીનું તેમણે ભરવાનું રહેશે. આ બાબતે મકાન રાખનાર શખ્સ અવારનવાર ફોન કરીને ટેક્સ બિલ ભરવા દબાણ કરતો હતો.

દિવાળી પૂર્વે 4.65 લાખ રૂપિયાના દારૂના જથ્થા સાથે નારોલથી એક શખ્સ ઝડપાયો, મકાનમાં સંતાડીને રાખ્યો હતો

અમદાવાદમાં દિવાળી-નવા વર્ષના તહેવારો પૂર્વે ક્રાઈમ બ્રાન્ચે નારોલ કેનાલ રોડ પરથી રૂ. 4.29 લાખનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડી 2145 બોટલ દારૂ, 144 બિયર ટીન અને મોબાઈલ સહિત કુલ રૂ. 4.65 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એક શખ્સની ધરપકડ કરી, જ્યારે રામોલના અન્ય એક સપ્લાયરને વોન્ટેડ જાહેર કરાયો છે. દિવાળી અને નવા વર્ષના તહેવારોમાં શહેરમાં ફરી એકવાર દારૂનો જથ્થો પકડાયો છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમે નારોલ કેનાલ રોડ પર આવેલા એક મકાનમાં રેડ કરીને વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પકડ્યો છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને રૂ. 4.65 લાખથી વધુની કિંમતના દારૂ-બિયર અને મોબાઈલ સાથે એક શખ્સની ધરપકડ કરી છે. જ્યારે આ જથ્થો પૂરો પાડનાર રામોલના અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કરી તેની વધુ તપાસ હાથ ધરી છે. દિવાળી અને નવા વર્ષના તહેવારોને ધ્યાનમાં રાખીને અમદાવાદ પોલીસની ડ્રાઈવ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને પેટ્રોલીંગ વખતે બાતમી મળી જેના આધારે ગત 5 નવેમ્બરે નારોલ કેનાલ રોડ પર આવેલા એક મકાનમાં રેડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પ્લાસ્ટિકની થેલીઓ અને પૂંઠાના બોક્સમાં સંતાડી રાખેલો દારૂનો મોટો જથ્થો મળ્યો હતો.

AMTS-BRTS બસોમાં ચોરી કરતી શાતિર ગેંગનો પર્દાફાશ: 3 સાગરીતોને LCBની ટીમે મુદ્દામાલ સાથે દબોચ્યા

અમદાવાદ શહેરના જાહેર પરિવહનની શાન ગણાતી AMTS અને BRTS બસોમાં મુસાફરી કરતા નાગરિકોની નજર ચૂકવી ચોરી કરતી એક અત્યંત ચાલાક અને શાતિર ગેંગની કાળી કરતૂતોનો પર્દાફાશ થયો છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ઝોન-૫ ની ટીમે બાતમીના આધારે સપાટો બોલાવી આ ચોર ગેંગના ૩ સાગરીતોની ધરપકડ કરી લીધી છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂપિયા ૨૩,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કરીને અમરાઈવાડી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના વણશોધાયેલા ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે, જેનાથી બસમાં મુસાફરી કરતી સામાન્ય જનતાએ રાહતનો શ્વાસ લીધો છે. LCB ઝોન-૫ ના સ્ટાફે ઓપરેશન પાર પાડીને પકડેલા આરોપીઓમાં નિકોલના સન્ની ઉર્ફે નારણભાઈ દંતાણી, કૃષ્ણનગરના કરણ વિજયસિંહ કુશ્વાહ અને વટવાની આશા ઉર્ફે ગુડ્ડી વાઘેલાનો સમાવેશ થાય છે.


ગુરુકુલથી દૂરદર્શન મેટ્રો સુધી કારના બોનેટમાં ફસાયેલું એક્ટિવા ઘસડતો રહ્યો નશાખોર

ગુજરાતમાં કાગળ પર દારૂબંધી હોવાના દાવાઓ વચ્ચે રાજ્યનાસૌથી મોટા શહેરમાં નશાખોરોનો આતંક સતત વધી રહ્યો છે. સામાન્ય પ્રજાના જાનમાલની કોઈ પરવા કર્યા વિના બેફામ બનેલા માલેતુજારો કાયદાને કેમ ઘોળીને પી ગયા છે, તેનું વધુ એક શરમજનક અને રુંવાડા ઊભા કરી દેનારું પ્રકરણ અમદાવાદના પોશ વિસ્તારમાંથી સામે આવ્યું છે. શહેરના જાણીતા ડ્રાઈવ-ઈન રોડ અને ગુરુકુલ વિસ્તારમાં એક પ્રાઈવેટ બેન્કના મેનેજરે દારૂના નશામાં ચૂર થઈને એવો તો તાંડવ મચાવ્યો કે લોકોના શ્વાસ અધ્ધર થઈ ગયા. નશામાં ધૂત બેન્ક મેનેજરે કાર ચલાવીને એક એક્ટિવાને ટક્કર મારી હતી અને વાહનને લાંબા અંતર સુધી રસ્તા પર ઘસડતો રહ્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલ ગુરુકુલ ચાર રસ્તા અને દૂરદર્શન કેન્દ્ર આસપાસના વિસ્તારમાં પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે આગળ ચાલી રહેલા કે પાર્ક કરેલા એક્ટિવા વાહનને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે એક્ટિવા કારના આગળના ભાગે બોનેટમાં ફસાઈ ગયું હતું. આશ્ચર્યની વાત તો એ છે કે અકસ્માત સર્જ્યા બાદ પણ નશામાં ધૂત કાર ચાલકે ગાડી ઊભી રાખવાને બદલે ભગાડવાનું ચાલુ રાખ્યું હતું.

અમદાવાદ સેન્ટ્રલ જેલમાંથી ખુશખબર: 33 કેદીઓની પેરોલ અરજીઓ મંજૂર

આગામી સમયમાં અન્ય 80 કેદીઓને પણ મળશે મુક્તિનો લાભ, જેલ વહીવટી તંત્ર દ્વારા પ્રક્રિયા ઝડપી બનાવાઈ

અમદાવાદ



અમદાવાદની મધ્યસ્થ જેલ (સેન્ટ્રલ જેલ) સાબરમતીમાંથી એક મહત્વપૂર્ણ અને મોટા સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયથી જેલની ચાર દીવાલો વચ્ચે સજા કાપી રહેલા કેદીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે કે જેલ પ્રશાસન અને સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા ૩૩ જેટલા કેદીઓની પેરોલ રજાની અરજીઓને મંજૂર કરી દેવામાં આવી છે. એટલું જ નહીં, પરંતુ આ પ્રક્રિયાને આગળ વધારતા આગામી સમયમાં અન્ય ૮૦ જેટલા કેદીઓને પણ પેરોલ કે ફર્લોનો લાભ મળવાની પૂરી સંભાવના છે, જેના કારણે કેદીઓના પરિવારોમાં ખુશીની લહેર દોડી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદ સેન્ટ્રલ જેલમાં વિવિધ ગુનાઓ હેઠળ સજા ભોગવી રહેલા કેદીઓ દ્વારા કાયદેસરની જોગવાઈઓ મુજબ પેરોલ કે ફર્લો રજા માટે અરજીઓ કરવામાં આવી હતી. જેલ પ્રશાસન, પોલીસ વેરીફિકેશન અને સંબંધિત સત્તાવાળાઓ દ્વારા આ તમામ અરજીઓની ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવી હતી.

કાયદાકીય માપદંડો અને સંતોષકારક અહેવાલ બાદ આખરે પ્રથમ તબક્કામાં ૩૩ કેદીઓની પેરોલ મંજૂર કરવામાં આવી છે, જેથી તેઓ પોતાના પરિવારજનો સાથે થોડો સમય વિતાવી શકે અને સામાજિક જીવન સાથે જોડાઈ શકે. જેલ સૂત્રોના જણાવ્યા અનુસાર, પેરોલની આ પ્રક્રિયા અહીં જ અટકવાની નથી. વહીવટી તંત્ર દ્વારા સદ્વર્તન ધરાવતા અન્ય અંદાજે ૮૦ જેટલા કેદીઓની ફાઇલો પણ મંજૂરીના આરે છે અને તેમને પણ ટૂંક સમયમાં જ પેરોલ કે ફર્લો રજાનો લાભ મળવા જઈ રહ્યો છે. કેદીઓની માનસિક સ્થિતિ સુધરે, પરિવાર સાથેના સંબંધો જળવાઈ રહે અને તેઓ સુધારણાના પંથે આગળ વધે તેવા ઉદ્દેશ્યથી કાયદાકીય જોગવાઈઓ હેઠળ આ રજાઓ આપવામાં આવતી હોય છે.

સોલા પોલીસે 4.52 લાખની કિંમતની 1800 બોટલો સાથે બુટલેગરને દબોચ્યો

અમદાવાદ

અમદાવાદમાં દારૂબંધીના કાયદાને ખુલ્લેઆમ પડકારતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સોલા પોલીસે બાતમીના આધારે નિરમા યુનિવર્સિટી સામેના રોડ પરથી ગાડીમાં ખોટી નંબર પ્લેટ લગાવીને વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલા એક કુખ્યાત શખ્સને ઝડપી પાડ્યો છે. પોલીસની આ સચોટ અને આક્રમક કાર્યવાહીથી સમગ્ર વિસ્તારના બુટલેગરોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, સોલા પોલીસ સ્ટેશનનો કાફલો અસમાજિક તત્વો અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર બાજ નજર રાખીને પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે એક શંકાસ્પદ કાર પર ખોટી નંબર પ્લેટ લગાવીને મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો અમદાવાદ શહેરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે. આ બાતમીને ગંભીરતાથી લઈને પોલીસે નિરમા યુનિવર્સિટી સામેના હાઈવે પર નાકાબંધી કરી સઘન વોચ ગોઠવી હતી.

અમદાવાદના પોશ વસ્ત્રાપુરમાં સ્પાની આડમાં ચાલતું શરમજનક કૌભાંડ

સાગર કોમ્પ્લેક્સમાં આવેલા 'લેમન સ્પા' સામે ગંભીર સવાલો

700 રૂપિયામાં 'ફૂલ સર્વિસ'ના નામે ચાલી રહેલા દેહવેપારના ધંધાનો પર્દાફાશ કરવા ઉઠ્યો અવાજ

અમદાવાદ

ગુજરાતના સૌથી પોશ અને ગીચ વિસ્તારોમાં ગણના પામતા વસ્ત્રાપુર વિસ્તારમાં તંત્રની આંખ આડા કાન નીતિના કારણે અસામાજિક પ્રવૃત્તિઓનો અડ્ડો બની રહેલા સ્પા સંચાલકોના હૌસલા બુલંદ થયા છે. અમદાવાદના હૃદયસમા વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા સાગર કોમ્પ્લેક્સમાં ધમધમતા 'લેમન સ્પા' (Lemon Spa) ને લઈને એક અત્યંત ચોંકાવનારો અને સણસણતો વિવાદ સામે આવ્યો છે.

સ્પા એટલે કે શરીરને આરામ, મસાજ અને રિલેક્સેશન આપવાનું પવિત્ર સ્થળ, પરંતુ આ 'લેમન સ્પા' માં અંદરના બંધ દરવાજા પાછળ ખરેખર શું ચાલી રહ્યું છે? તેને લઈને અનેક મોટા અને ગંભીર સવાલો ઊભા થયા છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ ફેલાયો છે.



સૂત્રો અને ચર્ચાતી વિગતો મુજબ, આ સ્પાની આડમાં ચાલતી ગોરખધંધાની પ્રવૃત્તિઓ હવે ખુલ્લેઆમ સપાટી પર આવી રહી છે. સોશિયલ મીડિયા અને લોકમુખે ચર્ચાએ જોર પકડ્યું છે કે આ સ્પામાં આવતા ગ્રાહકોને માત્ર મસાજ નહીં, પરંતુ માર્કેટમાં માત્ર '૭૦૦ રૂપિયામાં ફૂલ સર્વિસ' આપવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. આ ફૂડ કે મસાજના નામે ચાલતી અશ્લીલ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓએ તમામ હદો વટાવી દીધી છે. આ સમગ્ર કૌભાંડમાં 'લક્ષ્મી' નામની એક રહસ્યમય મહિલાનું નામ પણ જોરશોરથી ચર્ચામાં આવી રહ્યું છે. આ લક્ષ્મી નામની મહિલા કોણ છે? અને શું આ આખા રેકેટનું સંચાલન તેના ઈશારે ચાલી રહ્યું છે? તે એક મોટો તપાસનો વિષય છે.

શિક્ષણ, સંસ્કૃતિ અને સંવેદનાનો સંગમ

અમદાવાદમાં ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચની 10મી સંગોષ્ઠિ યોજાઈ

અમદાવાદ

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા આયોજિત 10મી સંગોષ્ઠિનું આયોજન 5 અને 6 નવેમ્બરના રોજ અમદાવાદની બાલ ભારતી વિદ્યા મંદિર શાળામાં કરવામાં આવ્યું હતું. બે દિવસીય આ કાર્યક્રમમાં શિક્ષણવિદો, કવિઓ, સાહિત્યકારો, શિક્ષકો અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ દિવસે અમદાવાદના મેયર હિતેશભાઈ બારોટ વિશેષ ઉપસ્થિતિમાં રહ્યા હતા. મેયર હિતેશભાઈ બારોટે જણાવ્યું હતું કે અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના સંચાલન હેઠળની 400થી વધુ શાળાઓમાં 1.70 લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ શાળાઓમાં સ્માર્ટ એજ્યુકેશન અને કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા મહત્ત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદૃષ્ટિથી આ બંને ક્ષેત્રમાં આગળ વધવા શિક્ષકો અને અન્ય સહયોગીઓનું યોગદાન પણ મહત્ત્વનું હોવાનું તેમણે જણાવ્યું હતું. દિવાળીના તહેવાર દરમિયાન પણ દૂરદૂરથી શિક્ષકો કાર્યક્રમમાં જોડાયા તે તેમની શિક્ષણ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે તેમ કહી તેમણે મંચની પ્રવૃત્તિને બિરદાવી હતી. કાર્યક્રમમાં ગુજરાતના 20 જિલ્લાના શિક્ષકો દ્વારા ચલાવવામાં આવેલા 'શિક્ષણ સંવેદનાયાત્રા' અભિયાનને વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સીધી મદદ મળે તેવા ઉદ્દેશ સાથે શરૂ કરાયેલા આ અભિયાન અંતર્ગત વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનો સ્વરૂપે કુલ 41.95 લાખની સહાય અર્પણ કરવામાં આવી હતી.




અમદાવાદમાં SMCનો સપાટો

ચાંદખેડાના 'ચેરીસ કાફે'માં હર્બલ હુક્કાની આડમાં ધમધમતો નિકોટીનનો અડ્ડો ઝડપાયો!

અમદાવાદ, પવન માકન

ગુજરાત પોલીસના સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા રાજ્યભરમાં ચાલતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ડ્રગ્સ-હુક્કાબાર સામે સદંતર લાલ આંખ કરવામાં આવી છે. આ કડક અભિયાનના ભાગરૂપે અમદાવાદ શહેરના પોશ ગણાતા ચાંદખેડા વિસ્તારમાં એક મોટી અને આક્રમક કાર્યવાહી કરવામાં આવી છે. ચાંદખેડાના ઝુંડાલ ગરનાળા પાસે ધમધમતા 'ચેરીસ કાફે' પર SMCની ટીમે અચાનક સપાટો બોલાવીને હર્બલ ફ્લેવરની આડમાં ખાનગીમાં ચલાવવામાં આવતા નિકોટીનયુક્ત હુક્કાબારનો પર્દાફાશ કર્યો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ અને બાતમી મળી હતી કે ઝુંડાલ ગરનાળા પાસે આવેલા માધવ પાર્ટી પ્લોટની બાજુમાં આવેલ 'ચેરીસ કાફે'ના સંચાલકો દ્વારા યુવાધન સાથે મોટો ખેલ પાડવામાં આવી રહ્યો છે. કાફેમાં આવતા યુવાનોને 'હર્બલ ફ્લેવર' (Herbal Flavor) નામે આકર્ષિત કરીને વાસ્તવમાં સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક અને પ્રતિબંધિત નિકોટીનયુક્ત તમાકુવાળા હુક્કા પીરસવામાં આવી રહ્યા છે.



આ બાતમીના આધારે SMCની સજ્જ ટીમે કાફે પર અચાનક દરોડો (રેડ) પાડ્યો હતો. પોલીસના અચાનક આગમનથી કાફે સંચાલકો અને ત્યાં હાજર ગ્રાહકોમાં નાસભાગ મચી ગઈ હતી. રૂમની અંદર તપાસ કરતા ખુલાસો થયો કે હર્બલના બોર્ડ મારીને અંદર નિકોટીનનું ઝેર વેચવામાં આવી રહ્યું હતું. SMC દ્વારા કાફેની સઘન ઝડતી લેવામાં આવતા ગેરકાયદેસર પ્રવૃત્તિમાં વપરાતો મોટો મુદ્દામાલ મળી આવ્યો હતો, જેને પોલીસે જપ્ત કર્યો છે: ૧૦ નંગ હુક્કા, ૪૩ નંગ પાઇપ, ૨૮ નંગ હુક્કાના પોટ/બોટલ, ૯૦ નંગ ચીલમ તેમજ અન્ય પ્રતિબંધિત સામગ્રી. પોલીસે આ તમામ મુદ્દામાલ જપ્ત કરીને કુલ રૂ. ૬૨,૧૦૦ ની કિંમતનો સામાન કબજે કર્યો છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI